CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 16

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 66, Dt. 15-07-2026 (WEDNESDAY) Rs. 02/- **Page :** 31, RNI No. GUJGUJ/2023/84789

### 18 દિવસની ભૂખ હડતાળ બાદ હાઈકોર્ટમાં તાત્કાલિક સૂનાવણી

# સોમન વાંગચૂકની તબિયત લથડી હાઈકોર્ટે સરકાર પાસે જવાબ માંગ્યો!



**વાંગચૂક માટે 48 કલાક ક્રિટિકલ**

## 18 દિવસ સુધી સરકાર મળવા ન આવતા યૂવાનોમાં રોષ : જંતર-મંતર ઉપર લોકો ઉમટી પડ્યા

### 20એ સંસદ ભવન તરફ કૂચનું એલાન

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હી હાઈકોર્ટે બુધવારે એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકની ભૂખ હડતાળને ખૂબ જ જરૂરી ગણી. કેન્દ્ર અને દિલ્હી સરકાર પાસેથી ગુરુવાર સવાર સુધીમાં જવાબ માંગ્યો છે. હાઈકોર્ટે આ સુનાવણી એક જનહિત અરજી પર કરી. જેમાં વાંગચુકને તાત્કાલિક મેડિકલ સુવિધા અને સારવાર આપવાની માગ કરવામાં આવી છે.

વાંગચુક NEET પેપર લીક અને પરીક્ષાઓમાં ગડબડી વિરુદ્ધ દિલ્હીના જંતર-મંતર પર છેલ્લા ૧૮ દિવસથી ભૂખ હડતાળ પર છે. તેમની હાલત સતત બગડતી જઈ રહી છે. ૮.૫૦ કિગ્રા સુધી વજન ઘટી ગયું છે.

સરકાર સોનમ વાંગચુકને તાત્કાલિક ઈમરજન્સી ટ્રીટમેન્ટ, જીવનરક્ષક સારવાર અને જરૂરી પોષણ ઉપલબ્ધ કરાવે. સાથે જ સરકાર તેમના આંદોલન સંબંધિત મુદ્દાઓ પર વાતચીત પણ શરૂ કરે.

ભૂખ હડતાળ પછી સોનમ વાંગચુકનું લગભગ ૮.૨૫ કિલો વજન ઘટ્યું છે. તેમને લો બ્લડ સુગર, ચક્કર, વધુ નબળાઈ અને સ્નાયુઓ નબળા પડવા જેવી સમસ્યાઓ થઈ રહી છે. કોઈનો જીવ જોખમમાં હોય ત્યારે સરકાર ચૂપ રહી શકે નહીં. ભૂખ હડતાળ શાંતિપૂર્ણ વિરોધનો અધિકાર છે, પરંતુ નાગરિકનો જીવ બચાવવો એ પણ સરકારની જવાબદારી છે. લદ્દાખને પૂર્ણ રાજ્યનો દરજ્જો અપાવવાની માગને લઈને આંદોલન કરી રહેલા સોનમ વાંગચુક ૧૭૦ દિવસ સુધી જોધપુર જેલમાં રહ્યા.

### ફિલ્મ સ્ટારની ઉપવાસ તોડવા અપીલ

## સ્વરા ભાસ્કર સોનમ વાંગચૂકને મળવા પહોંચી

### નસીરુદ્દીન શાહ, અરુંધતી અને રૂબીના, સોની રાઝદાન, શબાના આઝમીને કહ્યું દેશને તમારી જરૂર છે

નવી દિલ્હીના જંતર-મંતર પર પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુક ઉપવાસ પર બેઠા છે. કોકરોચ જનતા પાર્ટી સાથે ચાલી રહેલા આ આંદોલનને હવે બોલિવૂડ સેલિબ્રિટીઝનું સમર્થન મળી રહ્યું છે. મંગળવારે એક્ટ્રેસ સ્વરા ભાસ્કર પ્રદર્શન સ્થળ પર પહોંચી અને સોનમ વાંગચુક સાથે મુલાકાત કરી. જયારે, આલિયા ભટ્ટની માતા સોની રાઝદાન, શબાના આઝમી અને રૂબીના દિલેક જેવી એક્ટ્રેસિસે સોશિયલ મીડિયા પર પોસ્ટ લખીને સોનમ વાંગચુકને પોતાના ઉપવાસ સમાપ્ત કરવા માટે ભાવુક અપીલ કરી છે. તેમનું કહેવું છે કે, દેશને સોનમ જેવા સાચા લોકોની ખૂબ જરૂર છે.



## કિચનમાં ક્રાઈસિસ : જથ્થાબંધ મોંઘવારી 44 મહિનામાં સૌથી વધુ

# આર્થિક એલર્ટ; મોંઘવારી કાબૂ બહાર જનતા બેહાલ; તહેવારો બગાડશે ?

## બટાકા, આદુ, તેલ, શાકભાજી, જીરૂ, ફ્રૂટ, દૂધ, ઘી, કઠોળ, તમામ જીવન જરૂરી વસ્તુઓના ભાવ આસમાને




## પેટ્રોલ-ડીઝલ, રાંધણ ગેસના ભાવ વધારાથી મધ્યમવર્ગનું બજેટ વેર વિખેર

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

જૂનમાં જથ્થાબંધ મોંઘવારી (WPI) વધીને ૯.૮૭% પર પહોંચી ગઈ છે. આ પહેલા મે મહિનામાં તે ૯.૬૮% પર હતી. જૂનમાં મોંઘવારી ૪૪ મહિનામાં સૌથી વધુ છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં તે ૧૦.૭૦% પર પહોંચી ગઈ હતી. વાણિજ્ય મંત્રાલયે આજે એટલે કે ૧૪ જુલાઈએ જથ્થાબંધ મોંઘવારીના આંકડા જાહેર કર્યા છે. મોંઘવારી વધવાનું કારણ રોજિંદા જરૂરિયાતની વસ્તુઓ અને ખાવા-પીવાની ચીજો જેવી કે અનાજ, શાકભાજી પણ મોંઘા થયા છે. જોકે, અમેરિકા અને ઈરાન વચ્ચે ફેબ્રુઆરી મહિનાથી તણાવ છે. જો સ્થિતિ સામાન્ય ન થઈ તો મોંઘવારી વધુ વધી શકે છે.

જથ્થાબંધ મોંઘવારી લાંબા સમય સુધી ઊંચી રહેવાથી મોટાભાગના ઉત્પાદક ક્ષેત્રો પર તેની ખરાબ અસર પડે છે. જો જથ્થાબંધ ભાવ લાંબા સમય સુધી ઊંચા સ્તરે રહે છે, તો ઉત્પાદકો તેનો બોજ ગ્રાહકો પર નાખે છે. સરકાર ફક્ત ટેક્સ દ્વારા WPIને નિયંત્રિત કરી શકે છે.

જેમ કે, ક્રૂડ ઓઈલમાં તીવ્ર વધારાની સ્થિતિમાં સરકારે ઈંધણ પર એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કર્યો હતો. જોકે, સરકાર ટેક્સ કપાત એક મર્યાદામાં જ ઓછી કરી શકે છે. WPIમાં મેટલ, કેમિકલ, પ્લાસ્ટિક, રબર જેવા ફેક્ટરી સંબંધિત સામાનનું વધુ વેઈટેજ હોય છે.

ભારતમાં બે પ્રકારની મોંઘવારી હોય છે. એક રિટેલ એટલે કે છૂટક અને બીજી જથ્થાબંધ મોંઘવારી હોય છે. રિટેલ મોંઘવારી દર સામાન્ય ગ્રાહકો દ્વારા ચૂકવવામાં આવતી કિંમતો પર આધારિત હોય છે. તેને કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) પણ કહેવાય છે. જ્યારે, હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ (WPI)નો અર્થ એવી કિંમતોથી થાય છે, જે જથ્થાબંધ બજારમાં એક વેપારી બીજા વેપારી પાસેથી વસૂલે છે.

મોંઘવારી માપવા માટે અલગ-અલગ વસ્તુઓને સામેલ કરવામાં આવે છે. જેમ કે જથ્થાબંધ મોંઘવારીમાં મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સનો હિસ્સો ૬૩.૭૫%, પ્રાઈમરી આર્ટિકલ જેમ કે ફૂડ ૨૨.૬૨% અને ફ્યુઅલ એન્ડ પાવર ૧૩.૧૫% હોય છે. જ્યારે, રિટેલ મોંઘવારીમાં ફૂડ અને પ્રોડક્ટની ભાગીદારી ૪૫.૮૬%, હાઉસિંગની ૧૦.૦૭% અને ફ્યુઅલ સહિત અન્ય વસ્તુઓની પણ ભાગીદારી હોય છે.



## સિંગતેલના ડબ્બે રૂપિયા 50નો ભાવ વધારો

આગામી સમયમાં આવી રહેલા મોટા તહેવારો પૂર્વે જ મધ્યમવર્ગીય પરિવારો પર મોંઘવારીનો આકરો કોરડો વીંઝાયો છે. રસોડાના મુખ્ય આધાર સમાન ખાદ્યતેલોના ભાવ આસમાને પહોંચી ગયા છે. બજારના વેપારીઓ અને નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ખાદ્યતેલોના ભાવમાં થયેલા આ અણધાર્યા વધારા પાછળ વૈશ્વિક અને સ્થાનિક પરિબળો જવાબદાર છે. ચાલુ વર્ષે જોવા મળેલું અનિયમિત ચોમાસું અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલી યુદ્ધ જેવી તંગ પરિસ્થિતિને કારણે તેલની માગ અને પુરવઠાનું આખું ગણિત ખોરવાઈ ગયું છે. માગમાં અચાનક થયેલા મોટા ફેરફારને કારણે સિંગતેલના ભાવમાં પ્રતિ ડબ્બે રૂપિયા ૫૦નો તોતિંગ ઉછાળો આવ્યો છે. આ વધારા સાથે જ હવે બજારમાં સિંગતેલના ડબ્બાનો ભાવ રૂપિયા ૨૮૦૦ની ઐતિહાસિક સપાટીને પાર કરી ગયો છે. માત્ર સિંગતેલ જ નહીં, પરંતુ મધ્યમવર્ગના પરિવારોમાં રોજિંદા વપરાશમાં લેવાતા અન્ય ખાદ્યતેલોમાં પણ ભાવવધારો ઝીંકાયો છે. સિંગતેલની પાછળ-પાછળ કપાસિયા તેલના ભાવમાં પ્રતિ ડબ્બે રૂપિયા ૩૦નો વધારો ઝીંકાયો છે. આ ઉપરાંત ગરીબ અને શ્રમિક વર્ગમાં વધુ વપરાતા પામોલીન તેલમાં રૂપિયા ૧૫ અને સૂર્યમુખી તેલના ભાવમાં રૂપિયા ૨૦નો ક્રમશ વધારો નોંધાયો છે. આટલું ઓછું હોય તેમ, મીઠાઈ અને ફરસાણમાં વપરાતું વનસ્પતિ ઘી અને દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં વપરાતું કોપરેલ તેલ પણ મોંઘું થતાં લોકોની મુશ્કેલીઓ બેવડાઈ છે. હાલમાં એકતરફ પેટ્રોલ-ડીઝલ અને રાંધણ ગેસના ભાવવધારાથી જનતા ઓલરેડી ત્રાહિમામ પોકારી ગઈ છે, તો બીજીતરફ ચોમાસાની સિઝનમાં લીલા શાકભાજીના ભાવ પણ સાતમા આસમાને પહોંચ્યા છે. આવા કપરા સમયે ખાદ્યતેલો અને ઘીમાં થયેલા આ તોતિંગ ભાવવધારાને પગલે સામાન્ય અને મધ્યમવર્ગીય નાગરિકો માટે પોતાના ઘરનું માસિક બજેટ જાળવવું અત્યંત મુશ્કેલ બન્યું છે.




**પક્ષવિરોધીઓને અલ્ટીમેટમ; 'શ્રી કમલમ'માં ગુપ્ત બેઠક બાદ ભાજપમાં કડક એક્શનનું કાઉન્ટડાઉન શરૂ !**

# ભાજપમાં શિસ્તભંગ કરનારાઓનું બ્લેકલિસ્ટ તૈયાર !

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત ભાજપમાં ફરી એકવાર શિસ્તના મામલે આકરા પ્રહારો કરવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પક્ષના સત્તાવાર આદેશોનું ઉલ્લંઘન કરી પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ થયેલા નેતાઓ અને કાર્યકર્તાઓ સામે હાઈકમાન્ડ હવે સખત કાર્યવાહી કરવાના મૂડમાં છે. આ મામલે ગાંધીનગર સ્થિત પ્રદેશ ભાજપ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે શિસ્ત સમિતિની એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક મળી હતી, જેમાં શિસ્તભંગ કરનારાઓ વિરુદ્ધ કડક શિક્ષાત્મક પગલાં લેવા માટેનો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, આ મહત્વપૂર્ણ બેઠકનો મુખ્ય હેતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ દરમિયાન પક્ષના સત્તાવાર ઉમેદવારોને હરાવવા અથવા તેમની વિરુદ્ધ કામ કરનારા આંતરિક તત્વો સામે આવેલી ફરિયાદોની તપાસ કરવાનો હતો. આ સુનાવણી દરમિયાન શિસ્ત સમિતિ સમક્ષ પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા નેતાઓ અને તેમની સામે ફરિયાદ કરનારા ફરિયાદીઓ-એમ બંને પક્ષોને રૂબરૂ બોલાવવામાં આવ્યા હતા.

## શંકાસ્પદ નેતાઓ પાસેથી તેમની કામગીરી અંગે ખુલાસા મંગાયા

સમિતિ દ્વારા વાદી અને પ્રતિવાદી બંને પક્ષોની દલીલોને વિગતવાર સાંભળવામાં આવી હતી. કમલમ ખાતે હાજર રહેલા શંકાસ્પદ નેતાઓ પાસેથી તેમની શંકાસ્પદ કામગીરી અંગે ખુલાસા માંગવામાં આવ્યા હતા, જ્યારે ફરિયાદીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા ઓડિયો, વીડિયો કે અન્ય પુરાવાઓની પણ ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. શિસ્ત સમિતિ દ્વારા આ સુનાવણીના આધારે એક વિસ્તૃત અને ગુપ્ત રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

## આગામી દિવસોમાં સસ્પેન્શન સહિતના કડક શિક્ષાત્મક પગલાં લેવાઈ શકે

સૂત્રોનું માનીએ તો, આ રિપોર્ટના તારણોના આધારે આગામી દિવસોમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારા કેટલાક મોટા માથાઓ અને હોદ્દેદારો સામે સસ્પેન્શન સહિતના કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવી શકે છે. ભાજપ આ આકરા નિર્ણયો દ્વારા પક્ષના નાનામાં નાના કાર્યકર્તાથી લઈને મોટા નેતાઓ સુધી એવો સ્પષ્ટ સંકેત આપવા માંગે છે કે પક્ષમાં શિસ્તભંગ ચલાવી લેવામાં આવશે નહીં. હવે જોવાનું એ રહેશે કે આગામી દિવસોમાં શિસ્ત સમિતિના આ રિપોર્ટના આધારે કયા-કયા જાણીતા ચહેરાઓ સામે પક્ષનું આકરું બુલડોઝર ફરે છે.

## સમિતિએ તૈયાર કરેલો રિપોર્ટ ટૂંક સમયમાં પ્રદેશ પ્રમુખને સોંપાશે

આ રિપોર્ટમાં કયા સ્તરના નેતા કે કાર્યકર્તાએ કયા પ્રકારની પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી છે, કોને મદદ કરી છે અને તેના કારણે પક્ષને કઈ બેઠકો પર કેટલું નુકસાન વેઠવું પડ્યું છે, તેની તમામ વિગતો પુરાવા સાથે આવરી લેવામાં આવશે. સમિતિ દ્વારા તૈયાર કરાયેલો આ અંતિમ રિપોર્ટ ટૂંક સમયમાં જ ભાજપના પ્રદેશ પ્રમુખને સોંપવામાં આવશે.

## મિશન 2027 માટે ભાજપ સજ્જ

## અમિત શાહની અધ્યક્ષતામાં આવતીકાલે કમલમ ખાતે બેઠક!

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીઓને હજુ ભલે વાર હોય, પરંતુ ભારતીય જનતા પાર્ટીએ અત્યારથી જ પોતાની વિજયકૂચ જાળવી રાખવા માટે કમર કસી લીધી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના ચાણક્ય ગણાતા અમિત શાહ આજે મોડી રાત્રે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. તેઓ આવતીકાલે સવારે જગન્નાથ મંદિરે મંગળા આરતીના દર્શન કર્યા બાદ, બપોરે ગાંધીનગર સ્થિત પ્રદેશ ભાજપ મુખ્યાલય 'કમલમ' ખાતે એક અત્યંત મહત્વની બેઠકની અધ્યક્ષતા કરશે. આ બેઠકનો મુખ્ય એજન્ડા વર્ષ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીઓ માટેનો માસ્ટર પ્લાન અને વ્યૂહરચના તૈયાર કરવાનો હોવાનું માનવામાં આવી રહ્યું છે. સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે બપોરે ૧ વાગ્યા પછી 'કમલમ' પહોંચશે, જ્યાં બેઠકનો વિધિવત પ્રારંભ થશે. આ હાઈપ્રોફાઈલ બેઠકમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત ભાજપ સંગઠનના ટોચના હોદ્દેદારો અને પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહેશે. બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી ચૂંટણીઓ માટે પાયાના સ્તરેથી તૈયારીઓ શરૂ કરવાનો અને સરકાર-સંગઠન વચ્ચેના સંકલનને વધુ મજબૂત બનાવવાનો છે. બેઠક દરમિયાન અમિત શાહ સંગઠનના હોદ્દેદારો અને પાયાના કાર્યકરોને આગામી સમયમાં જનસંપર્ક તેજ કરવા તેમજ સંગઠનને આયોજનબદ્ધ રીતે વધુ મજબૂત કરવા અંગેનું સચોટ માર્ગદર્શન આપશે.

## કોર્ટે સ્પષ્ટ કર્યુ : ડ્રેસનું નાડું ખેંચવું, ખોલવાનો પ્રયાસ કરવો અથવા છાતી દબાવવી જેવી હરકતોને માત્ર નહીં પરંતૂ દૂષ્કર્મના પ્રયાસ તરીકે જોવી જોઈએ

# સલવારનું નાડું ખેંચવું કે સ્તન દબાવવા એ બળાત્કારનો પ્રયાસ નથી : હાઈકોર્ટના ચૂકાદાથી સુપ્રિમ કોર્ટ લાલચોળ




## હાઈકોર્ટના ચૂકાદાને અમાન્ય ગણી સુપ્રિમ કોર્ટનો સચાનો ચૂકાદો માન્ય રાખ્યો : હાઈકોર્ટના ચૂકાદાને ફગાવ્યા

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દેશમાં મહિલાઓ અને બાળકો સામે થતા જાતીય ગુનાઓના કેસોમાં વધુ સંવેદનશીલ અને ન્યાયસંગત અભિગમ અપનાવવા માટે સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે સલવારનું નાડું ખેંચવું, ખોલવાનો પ્રયાસ કરવો અથવા છાતી દબાવવી જેવી હરકતોને માત્ર 'તૈયારી' નહીં પરંતુ 'દુષ્કર્મના પ્રયાસ' તરીકે જોવી જોઈએ. સાથે જ, નેશનલ જ્યુડિશિયલ એકેડમી (NJA) દ્વારા તૈયાર કરાયેલી જ્યુડિશિયલ સેન્સિટિવિટી ગાઈડલાઈન્સને દેશભરમાં અમલમાં મૂકવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. આ સમગ્ર મામલો અલ્લાહાબાદ અને પટણા હાઈકોર્ટના બે અલગ-અલગ ચુકાદાઓથી ચર્ચામાં આવ્યો હતો. અલ્લાહાબાદ હાઈકોર્ટે એક કેસમાં સગીરાની સલવારનું નાડું ખોલવાનો પ્રયાસ કરવો અથવા છાતી દબાવવી જેવી હરકતોને માત્ર બળાત્કાર કરવાની 'તૈયારી' ગણાવી હતી અને તેને 'દુષ્કર્મનો પ્રયાસ' માન્યો નહોતો. પટણા હાઈકોર્ટે પણ સમાન અભિગમ અપનાવી એક આરોપી સામે દુષ્કર્મના પ્રયાસની કલમ હેઠળની સજા રદ કરી હતી. આ બંને ચુકાદાઓને લઈને અનેક કાનૂની નિષ્ણાતો અને બાળ અધિકાર સંસ્થાઓએ ગંભીર વાંધો ઉઠાવ્યો હતો.

ચીફ જસ્ટિસ સૂર્ય કાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનની ખંડપીઠે બંને હાઈકોર્ટના ચુકાદાઓને સ્પષ્ટપણે ભૂલભરેલા ગણાવ્યા. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જ્યારે કોઈ આરોપી પીડિતાના કપડાં ઉતારવાનો પ્રયાસ કરે છે અથવા બળજબરીથી શારીરિક હરકતો કરે છે, ત્યારે તે માત્ર તૈયારીના તબક્કે રહેતો નથી, પરંતુ ગુનો કરવાની દિશામાં આગળ વધી ચૂક્યો હોય છે. તેથી આવી હરકતોને 'દુષ્કર્મનો પ્રયાસ' તરીકે જ ગણવી જોઈએ. કોર્ટે આરોપીઓ સામે પોક્સો એક્ટ અને સંબંધિત કાયદા હેઠળના આરોપો અને સજાને ફરીથી બહાલ કરી હતી.ન્યાયિક ભાષા અને પોલીસની કામગીરી માટે નવી ગાઈડલાઈન્સ

સુપ્રીમ કોર્ટે માત્ર કાનૂની મુદ્દા પર જ નહીં, પરંતુ કોર્ટોમાં વપરાતી ભાષા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે જણાવ્યું કે યૌન ગુનાઓના કેસોમાં પીડિત મહિલાઓ અને બાળકો પ્રત્યે અસંવેદનશીલ અથવા અપમાનજનક શબ્દોનો ઉપયોગ ટાળવો જરૂરી છે. આ માટે નેશનલ જ્યુડિશિયલ એકેડમી દ્વારા તૈયાર કરાયેલી ગાઈડલાઈન્સને મંજૂરી આપવામાં આવી છે. સાથે જ તમામ હાઈકોર્ટ, જિલ્લા કોર્ટ, કાયદા વિભાગો, ડિરેક્ટોરેટ ઓફ પ્રોસિક્યુશન અને પોલીસ તંત્ર સુધી આ માર્ગદર્શિકા પહોંચાડવાનો આદેશ આપવામાં આવ્યો છે, જેથી એફઆઈઆર નોંધવાથી લઈને ચાર્જશીટ દાખલ કરવા સુધી પીડિતની ગરિમા જળવાઈ રહે.

બાળ અધિકારો માટે કાર્ય કરતી સંસ્થાઓ અને કાનૂની નિષ્ણાતોએ સુપ્રીમ કોર્ટના આ નિર્ણયને ઐતિહાસિક ગણાવ્યો છે. તેમના મતે, આ ચુકાદા બાદ યૌન ગુનાઓના કેસોમાં કાયદાની વધુ સ્પષ્ટ અને સંવેદનશીલ રીતે વ્યાખ્યા થશે. સાથે જ, પીડિત મહિલાઓ અને બાળકોને કોર્ટ પ્રક્રિયા દરમિયાન માનસિક યાતના કે અપમાનજનક ટિપ્પણીઓનો સામનો ઓછો કરવો પડશે. નિષ્ણાતોનું માનવું છે કે આ નિર્ણયથી દેશની ન્યાય વ્યવસ્થામાં પીડિત કેન્દ્રિત અભિગમ વધુ મજબૂત બનશે અને ભવિષ્યમાં આવા કેસોમાં વધુ અસરકારક ન્યાય મળી શકશે.

## સિસ્ટમ ફેલઃ AIની આડમાં નકલી પ્રિસ્ક્રિપ્શનથી ખુલ્લેઆમ વેંચાય છે પ્રતિબંધિત દવાઓ

# ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર જે દવાના મળે તે ઓનલાઈન હાજરાહજૂર

## AI જનરેટેડ પ્રિસ્ક્રિપ્શનથી હોમ ડિલિવરી કરવામાં આવે છેઃ મોબાઈલ એપ પર માત્ર 6 દર્દીનું નામ-ઉંમર પૂછીને બીજા જ દિવસે દવા મોકલી દેવાઈ છે




### રિપોર્ટરે દર્દી બનીને દવા મગાવી ત્યારે ઈ–ફાર્મસી તરફથી ફોન આવ્યો

- ડૉ. હર્ષવર્ધનઃ હેલો, ગુડ ઇવનિંગ. નમસ્કાર.
- દર્દીઃ કોણ?
- ડૉ. હર્ષવર્ધનઃ મારું નામ ડૉ.હર્ષવર્ધન છે, હું નેટમેડ્સ તરફથી કોલ કરી રહ્યો છું.
- દર્દીઃ અચ્છા, હા મેં દવા મગાવી હતી.
- ડૉ. હર્ષવર્ધનઃ તમે જ ઓર્ડર આપ્યો છે?
- દર્દીઃ હા.
- ડૉ. હર્ષવર્ધનઃ કન્ફર્મેશન કોલ છે મેડમ.
- દર્દીઃ હું જ છું. મેં જ ઓર્ડર આપ્યો હતો.
- ડૉ. હર્ષવર્ધનઃ તમારી ઉંમર?
- દર્દીઃ ૨૪.
- ડૉ. હર્ષવર્ધનઃ તકલીફ ન્યુરોપેથિક પેઈન (મગજના દુખાવા) માટેની છે ને?
- દર્દીઃ હા.
- ડૉ. હર્ષવર્ધનઃ મેક્સગેલિન ગાબાપેન્ટિન ૧૦૦mg ટેબ્લેટ મેડમ, ડૉક્ટર સાથે છેલ્લું કન્સલ્ટેશન ક્યારે થયું હતું?
- દર્દીઃ હું તો આ દર મહિને લઉં જ છું.
- ડૉ. હર્ષવર્ધનઃ થેન્ક્યુ મેડમ. હું પ્રિસ્ક્રિપ્શન સબમિટ કરી રહ્યો છું.

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગંભીર બીમારીઓમાં ઉપયોગ લેવાતી દવાઓના ઓનલાઈન વેચાણ માટે પ્રિસ્ક્રિપ્શન ફરજિયાત હોય છે, પરંતુ ઓનલાઈન દવા વેચતા પ્લેટફોર્મ પર એઆઈ જનરેટેડ પ્રિસ્ક્રિપ્શનથી દવાઓની હોમ ડિલિવરી થઈ રહી છે. આટલું જ નહીં જો ઓનલાઈન પ્રિસ્ક્રિપ્શન ન હોય તો પણ મોબાઈલ ફોન પર માત્ર ડોક્ટરના કોલના આધારે ગંભીર બીમારીઓની દવા મળી રહી છે. આ કોલની વ્યવસ્થા ઓનલાઈન દવા વેચતા પ્લેટફોર્મ દ્વારા જ કરવામાં આવે છે.ઓનલાઈન દવાનું આ રીતે ખરેખર વેચાણ થઈ રહ્યું છે તે તપાસવા માટે દિવ્ય ભાસ્કરએ એઆઈ જનરેટેડ પ્રિસ્ક્રિપ્શન બનાવીને ઓનલાઈન દવાનો ઓર્ડર આપ્યો હતો તો તેની ડિલિવરી થઈ ગઈ હતી.છેલ્લા એક વર્ષ દરમિયાન દવાના વેચાણને વધુ નિયંત્રિત કરવા કેન્દ્ર સરકાર અને નિયામક સંસ્થાઓ દ્વારા સાતથી વધુ નવા નિયમ અમલી બનાવ્યા છે. તમામ નિયમનો હેતુ પ્રિસ્ક્રિપ્શનવાળી દવાનો બિનજરૂરી અને અનધિકૃત ઉપયોગ અટકાવાનો છે. એક સરવે મુજબ ગુજરાતમાં અંદાજે ૨૧ ટકા લોકો ઓનલાઈન દવા મગાવે છે. મોબાઈલ ઍપ પર માત્ર દર્દીનું નામ-ઉંમર પૂછીને બીજા જ દિવસે દવા મોકલી દેવાઈ. ગૂગલ પરથી ડોક્ટરના લેટરહેડની પ્રિન્ટ કાઢી તેમાં પ્રતિબંધિત દવાનાં નામ લખી ઓર્ડર કરાયો હતો, જેના આધારે દવાની ડિલિવરી થઈ. ઉપરાંત એઆઈ જનરેટેડ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શનથી પણ ઓનલાઈન પ્લેટફોર્મ પરથી મગજની ગંભીર બીમારીની દવા મળે છે.




### હડતાળમાં ઓનલાઇનનો વિરોધ થયો હતો

મેમાં રાજ્યભરમાં થયેલી દવાઓની દુકાન અને કેમિસ્ટની હડતાળમાં ઈ-ફાર્મસીનો વિરોધ થયો હતો. તેમણે કહ્યું હતું કે, ઈ-ફાર્મસી પ્લેટફોર્મ પર ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શનની યોગ્ય રીતે ચકાસણી થતી નથી અને નશાકારક દવાનું વેચાણ થાય છે.

### કઈ દવા માટે પ્રિસ્ક્રિપ્શન ફરજિયાત?

શેડ્યૂલ Hની એઝિથ્રોમાયસિન, એમોક્સિસિલિન, ગેબાપેન્ટિન જેવી એન્ટિબાયોટિક દવાઓ, શેડ્યૂલ H૧ની ટાઈફોઈડ, પેટનાં ઈન્ફેક્શન માટે વપરાતી સેફિક્સિમ, સિપ્રોફ્લોક્સાસિન, મગજ અને ચેતાતંત્રની બીમારીના ઈલાજ માટે વપરાતી શેડ્યૂલ Xની મોર્ફિન, ફેન્ટેનિલ, મેથાઈલફેનિડેટની દવા માટે પ્રિસ્ક્રિપ્શન ફરજિયાત છે.

### ઓનલાઈન પ્લેટફોર્મ માટે કડક નિયમ લાવો

આજે યુવાનોમાં ઓનલાઈન દવા મગાવવાનો અને તેનો દુરુપયોગ કરવાનો ટ્રેન્ડ વધી રહ્યો છે. સરકારે પણ ઓનલાઈન પ્લેટફોર્મ પર પ્રિસ્ક્રિપ્શનવાળી દવાના ગેરકાયદે વેચાણને કેવી રીતે અટકાવી શકાય તે અંગે વધુ કડક વ્યવસ્થા કરવી જોઈએ.



## અષાઢની શરૂઆતે મેઘરાજાના અમી છાંટણા

# રાજકોટમાં વરસાદના એક ઝાંપટાથી બેહાલ...

### » વૃક્ષ પડતા 3 વાહનને નુકસાનઃ ફૂલ સાત વૃક્ષો ધરાશાયી

### » 15 મિનિટના વરસાદથી શહેરમાં ઠેર-ઠેર પાણી ભરાયા-કિચડનું સામ્રાજ્ય

સિટી ન્યૂઝ@રાજકોટ

આજથી અષાઢ મહિનાની શરૂઆત થતાની સાથે મેઘરાજાના રાજકોટમાં અમી છાંટણા થયા છે. આજે(૧૫ જુલાઈ) સવારે અચાનક ભારે પવન ફુંકાવાનું શરૂ થતા વરસાદી ઝાપટું વરસ્યું હતું. સામાન્ય વરસાદી ઝાપટામાં રસ્તા પર વરસાદી પાણી ફરી વળ્યાં હતા. અડધો કલાકમાં ૬ મિમિ વરસાદ વરસ્યો હતો અને સિઝનનો કુલ વરસાદ ૫ ઇંચ નોંધાઈ ચૂક્યો છે. બીજી તરફ ભારે પવન ફૂંકાતા યુનિવર્સિટી રોડ પર એક મોટું વૃક્ષ ધરાશાયી થતા ત્રણ વાહન ફસાયા હતા અને નુકસાન પહોંચ્યું હતું. જો કે સદનસિબે કોઈ જાનહાનિ થઈ નથી.

રાજકોટ શહેરમાં સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે ધીમીધારે મેઘરાજાએ વરસવાનું શરૂ કર્યું છે. રાજકોટ શહેરમાં આજે સવારે ૧૦:૩૦ વાગ્યાથી ધીમીધારે વરસાદ શરૂ થયો છે અને હજુ પણ ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. રાજકોટ શહેરમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર માધાપર ચોક, અયોધ્યા ચોક, શીતલપાર્ક ચોક, રામાપીર ચોક, રૈયા રોડ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે જેના કારણે રસ્તા પર વરસાદી પાણી ફરી વળ્યાં છે. રાજકોટ શહેરમાં ચાલુ વર્ષે અત્યારસુધી સિઝનનો કુલ ૫ ઇંચ વરસાદ નોંધાયો છે જેમાં ઇસ્ટ ઝોનમાં ૧૪૩ મિમિ, સેન્ટ્રલ ઝોનમાં ૧૧૭ મિમિ અને વેસ્ટ ઝોનમાં ૧૩૩ મિમિ વરસાદ નોંધાયો છે.

શહેરની સાથે જિલ્લામાં પણ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ આજે સવારથી વરસાદી માહોલ વચ્ચે રાજકોટ કાલાવડ હાઈવે પર મેટોડા, ખીરસરા, વડ વાજડી, વાગુદડ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે. અષાઢ મહિનાની શરૂઆત થતાની સાથે મેઘરાજાનું આગમન થતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે, કારણ કે લાંબા સમયથી રાજકોટના ખેડૂતો વરસાદની રાહ જોઈ રહ્યા હતા.

ભારે પવન સાથે વરસાદનું આગમન થતા શહેરના યુનિવર્સિટી રોડ ઉપર એક વૃક્ષ ધરાશાયી થયું હતું, જેની નીચે ૩ વાહન દટાયા હતા અને તેમાં નુકશાન પહોંચ્યું હતું. જો કે સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. વૃક્ષ પડવાની જાણ થતા સ્થાનિક તંત્ર દ્વારા તાત્કાલિક વૃક્ષ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને PGVCL ટીમે વીજ પુરવઠો ફરી શરૂ કરવા કાર્યવાહી શરૂ કરી હતી.



તસ્વીર : અક્ષય ગોંડલીયા



### પ્લે હાઉસની પાસે ખાડો બાળકો માટે જીવલેણ

# વોર્ડ નં.12માં મોતને આમંત્રણ !



## પાંચ વાર રોડ ખોદ્યો ઉકેલ શૂન્ય
## અકસ્માતની રાહ જૂએ છે તંત્ર ?
## તંત્રની બેદરકારીથી લોકો ત્રાહિમામ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં તંત્રની બેદરકારી ફરી એકવાર સામે આવી છે. શહેરના વોર્ડ નં. ૧૨ વિસ્તારમાં, ખાસ કરીને વાવડી ગામ પાછળના વિસ્તારમાં પાણીના વાલ્વ માટે વારંવાર ખાડા ખોદવામાં આવતા લોકોના જીવ પર જોખમ ઊભું થયું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ચૂંટણી પછી અત્યાર સુધીમાં પાંચ વખત રોડ ખોદવામાં આવ્યો છે, છતાં સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી.છેલ્લે ૧૦ જુલાઈના રોજ ખોદવામાં આવેલો ખાડો હજુ સુધી યથાવત રહ્યો છે. આ ખાડો ભરવા માટે કોઈ જવાબદાર વિભાગના અધિકારીઓ કે કર્મચારીઓ દેખાયા નથી, જેના કારણે સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. આ રોડ સોસાયટીનો મુખ્ય માર્ગ હોવાથી રોજિંદી અવરજવર માટે લોકો માટે આ એકમાત્ર રસ્તો છે.ખાસ ચિંતા એ છે કે આ ખાડાની બાજુમાં પ્લે હાઉસ આવેલું છે, જ્યાં નાનાં બાળકો આવે છે. બાળકોને લઈને આવતા વાલીઓને પણ આ જ રસ્તો ઉપયોગમાં લેવો પડે છે, જેના કારણે અકસ્માતનો ભય સતત ઉભો રહ્યો છે. અંધારામાં અથવા વરસાદી મોસમમાં આ ખાડો વધુ જોખમી બની શકે છે. સ્થાનિક રહેવાસીઓએ અનેકવાર તંત્રને જાણ કરી હોવા છતાં કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. લોકોનું કહેવું છે કે તંત્ર કોઈ મોટી જાનહાની થાય તેની રાહ જોઈ રહ્યું હોય તેમ લાગે છે. જો સમયસર કાર્યવાહી નહીં કરવામાં આવે તો કોઈ ગંભીર દુર્ઘટના બને તેવું નિશ્ચિત છે.હાલમાં, લોકો તંત્ર પાસે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી રહ્યા છે અને ખાડો તાત્કાલિક પૂરાવી રોડને સુરક્ષિત બનાવવાની અપીલ કરી રહ્યા છે. સાથે જ જવાબદાર અધિકારીઓ સામે પણ કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે. રાજકોટમાં વિકાસના દાવાઓ વચ્ચે આવી બેદરકારી ગંભીર પ્રશ્નો ઉભા કરે છે અને તંત્રની કાર્યક્ષમતા પર પણ સવાલ ઊભા કરે છે.



**મેઈન રોડની આવી દશા તો સોસાયટીઓની શું હાલત હશે ?**

## ખેડૂતોને કલેક્ટરે બેઠકમાં બોલાવ્યા ખુદ કલેક્ટર ગેરહાજર

# ખેડૂતોની મજાક !



## સાડા ત્રણ કલાક સુધી સભાખંડમાં કોઈ અધિકારી જ ન ડોકાયા !

**સિટી ન્યૂઝ@વાંકાનેર**

વાંકાનેર મામલતદાર કચેરી ખાતે આજે સરકારી તંત્રની ઘોર બેદરકારી અને ખેડૂતો પ્રત્યેની ઉદાસીનતાનો વરવો નમૂનો જોવા મળ્યો હતો. વીજ લાઈન પ્રશ્ને ખેડૂતો સાથે મહત્વની ચર્ચા કરવા માટે ખુદ જિલ્લા કલેક્ટર દ્વારા એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે, આશ્ચર્ય અને આક્રોશની વાત એ છે કે જે કલેક્ટરે મીટિંગ બોલાવી હતી, તેઓ પોતે જ સમયસર ન પહોંચતા હાજર રહેલા તમામ ખેડૂતો ભારે રોષે ભરાયા હતા. મળતી માહિતી મુજબ, વીજ લાઈનના જટિલ પ્રશ્નોના નિકાલ માટે સવારે ૧૦:૩૦ વાગ્યાનો સમય નક્કી કરવામાં આવ્યો હતો. વાંકાનેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના જગતના તાત પોતાના તમામ કામો પડતા મૂકીને સમયસર સભાખંડમાં ગોઠવાઈ ગયા હતા. પરંતુ વહીવટી તંત્રને ખેડૂતોના સમયની કોઈ કિંમત ન હોય તેમ, બપોરના ૧:૦૦ વાગ્યા સુધી કલેક્ટર તો ઠીક, અન્ય કોઈ



## સવારે 10:30ના ટકોરે બોલાવી બપોરે 1 વાગ્યા સુધી કોઈ ન ફરકતા અન્નદાતાનો રોષ ફાટયો



જવાબદાર ઉચ્ચ અધિકારી પણ સભાખંડમાં ફરકવાની તસ્દી લીધી ન હતી.

"અમને સવારે સાડા દસ વાગ્યે બોલાવીને અઢી કલાક સુધી તંત્રએ બંધ રૂમમાં બેસાડી રાખ્યા. આ ખેડૂતોનું અપમાન છે."

અધિકારીઓની આ પ્રકારની જોહુકમી અને વિલંબથી ખેડૂતોનો ધૈર્યનો બંધ તૂટ્યો હતો. ખેડૂતોનો ઉગ્ર આક્રોશ કેમેરામાં પણ કેદ થયો હતો. અંતે વિફરેલા ખેડૂતોએ મીટિંગનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો.

સમગ્ર મામલતદાર કચેરી પરિસર 'જય જવાન, જય કિસાન' ના ગગનભેદી નારાઓથી ગુંજી ઉઠ્યું હતું અને ખેડૂતો આક્રોશ સાથે મીટિંગ છોડીને બહાર નીકળી ગયા હતા. ખેડૂતોનો ઉગ્ર વિરોધ અને હંગામો જોઈને મામલો થાળે પાડવા માટે મોડે મોડે દોડી આવેલા સરકારી અધિકારીઓ પણ ભારે મૂંઝવણમાં મુકાઈ ગયા હતા.


ખેડૂતોના આક્રોશ સામે અધિકારીઓ પાસે કોઈ સંતોષકારક જવાબ ન હતો. વીજ લાઈનનો પ્રશ્ન ઉકેલવા મળેલી મીટિંગ વહીવટી તંત્રની નબળી નીતિને કારણે આખરે અનિર્ણિત રહી હતી, જેના કારણે ખેડૂતોમાં સરકાર પ્રત્યે ભારે નારાજગી જોવા મળી રહી છે.

## સરકારનું મોટું એલાનઃ પુરગ્રસ્ત વેપારીઓ રોકડ સાથે લોનની જાહેરાત

# સુરતના પુર માટે 550 કરોડનું રાહત પેકેજ જાહેર

### 7500થી 1 લાખ સુધીની રોકડ સહાય અને 30 લાખ સુધીની લોન અને વ્યાજ સહાયની જાહેરાત બે દિવસમાં ફોર્મ સ્વીકારાશેઃ 1 વર્ષ માટે કોર્પોરેશનના વેરામાંથી મુકિત અપાઈ

**સિટી ન્યૂઝ@સુરત**



સુરતમાં ૬ જુલાઈએ પડેલા ભારે વરસાદના કારણે સર્જાયેલી પૂરની સ્થિતિના કારણે શહેરના અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી અને વેપારીઓનો લાખો રૂપિયાનો માલ પલળી ગયો હતો. રાજ્ય સરકાર દ્વારા પૂરમાં અસરગ્રસ્ત વેપારીઓ માટે રાહત પેકેજની જાહેરાત કરી છે. પૂરના પાણીના કારણે નુકસાની બદલ વેપારીઓને રૂ. ૭૫૦૦ થી લઈ ૧ લાખ રૂપિયા સુધીની સહાયની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત વેપારીઓ ફરી પોતાનો ધંધો કરી શકે તે માટે રૂપિયા ૩૦ લાખ સુધીની લોન અને વ્યાજ સહાયની પણ જાહેરાત કરવામાં આવી છે. મહત્વનું છે કે, રાજ્ય સરકારે જાહેરત કરી છે કે, વેપારીએ રોકડ સહાય અથવા વ્યાજ સહાયમાંથી કોઈપણ એકની પસંદગી કરવાની રહેશે. રાજ્ય સરકારે ભારે વરસાદથી અસરગ્રસ્ત નાગરિકો અને વેપારીઓ માટે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારના જણાવ્યા મુજબ આગામી ૪૮ કલાકમાં સહાય માટેના ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. જે રહેણાંક મકાન, દુકાન અથવા વેપાર સ્થળોમાં વરસાદી પાણી ભરાયા હશે અને જેની ફોટોગ્રાફી અથવા વીડિયોગ્રાફી દ્વારા પુષ્ટિ થશે, તેવા તમામ એકમોને એક વર્ષ માટે મહાનગરપાલિકાના વેરામાંથી મુક્તિ આપવામાં આવશે. રાજ્ય સરકારે દાવો કર્યો છે કે વરસાદ પીડિતો માટે જાહેર કરાયેલું આ અત્યાર સુધીનું સૌથી મોટું રાહત પેકેજ છે. જિલ્લા કલેક્ટરો દ્વારા માર્ગદર્શિકા જાહેર થતાં જ વેરા મુક્તિ માટે જરૂરી દસ્તાવેજો અને અરજી પ્રક્રિયાની માહિતી અસરગ્રસ્ત નાગરિકો સુધી પહોંચાડવામાં આવશે.

## ચામડીના દર્દીઓથી હોસ્પિટલ ઉભરાય

# સુરતમાં હવે રોગચાળાનું સંકટ

### 15 મેડિકલ કેમ્પ શરૂઃ દુષિત પાણીથી કેસો વધ્યા

**સિટી ન્યૂઝ@સુરત**

ખાડી પૂરથી પ્રભાવિત થયેલા વિવિધ નીચાણવાળા વિસ્તારોમાં હવે રોગચાળાની ગંભીર ચિંતાજનક ફરિયાદો સામે આવી રહી છે, જેમાં સૌથી વધુ કેસ ચામડીના રોગોના જોવા મળી રહ્યા છે.ખાડી પૂર પ્રભાવિત વિસ્તારોની મુલાકાત અને બચાવ-નિરીક્ષણ કામગીરી દરમિયાન પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખીને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તાત્કાલિક ધોરણે મેડિકલ કેમ્પો શરૂ કરવાની કડક સૂચના આપી હતી. નાયબ મુખ્યમંત્રીની આ તાકીદના પગલે સુરત પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરના જુદા-જુદા ઝોનમાં તાબડતોબ કુલ ૧૫ મેડિકલ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વેલન્સ ટીમ સાથે શરૂ કરવામાં આવેલા આ કેમ્પોમાં અત્યાર સુધીમાં ૩,૯૫૦ લોકોને તાત્કાલિક તબીબી સારવાર પૂરી પાડવામાં આવી છે. આ સિવાય કેમ્પમાં નોંધાયેલા અન્ય રોગોના આંકડાની વાત કરીએ તો એ.આર.આઈ. ૪૦૨ કેસ, તાવ ૩૫૭ કેસ, સામાન્ય ઝાડા ૨૬૪ કેસ અને ઝાડા-ઉલટી ૮૨ કેસ સામે આવ્યા હતા.

## 25 લાખની કારનો રિપેરિંગ ખર્ચ 15 થી 23 લાખ

# સુરતના પુરમાં 4 હજાર કાર, 1 લાખ ટુ-વ્હીલર ડૂબ્યા

**સિટી ન્યૂઝ@સુરત**

> ઈલેક્ટ્રોનિક સિસ્ટમ ફેલ થતા ઘણી કારો ટોટલ લોસ

૭ જુલાઈના પૂરે ઓટોમોબાઈલ સેક્ટરની પણ કમર તોડી છે. RTO અને સર્વિસ સેન્ટરો પાસેથી મળેલા આંકડા મુજબ, ૪ હજારથી વધુ કાર અને ૧ લાખથી વધુ ટુ-વ્હીલર ડૂબી ગયાં હતાં, જેમાંના ઘણા તો ભંગારમાં ફેરવાઈ જવાની અણી પર છે. સેન્સર ચિપ અને ઈલેક્ટ્રોનિક સિસ્ટમ સંપૂર્ણપણે ફેલ થઈ જતાં ઘણી કારમાં ટોટલ લોસની સ્થિતિ છે. સર્વિસ સેન્ટરોની બહાર ક્ષતિગ્રસ્ત વાહનોની લાઈનો લાગી છે. શહેરના ૪૦૦ મોટા વર્કશોપ અને હજારો નાના ગેરેજ સંપૂર્ણપણે ભરાઈ ગયા છે. પરવત પાટિયા સ્થિત વેલટેક મોટર્સના મેનેજર જય પંચાલે કહ્યું કે, મારી ૧૫ વર્ષની કારકિર્દીમાં મેં પહેલીવાર આવી ભયાનક પરિસ્થિતિ જોઈ છે. અમારે ત્યાં ૫ દિવસથી ૮૯૫ કારનું રિપેરિંગ પેન્ડિંગ છે. પહેલાં જ્યાં રોજ ૨૦ કાર આવતી હતી, હવે આ સંખ્યા ૫૦ને વટાવી ગઈ છે. રોજ ૪૦થી વધુ નવી ઈન્ક્વાયરી આવી રહી છે. વર્કશોપ પર દબાણ ઓછું કરવા નવી વ્યવસ્થા પણ લાગુ કરવામાં આવી છે. હવે વીમા કંપનીઓ દ્વારા દાવાની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે ડૂબી ગયેલી કારનો સ્થળ પર સર્વે કરવામાં આવી રહ્યો છે. રિપેરિંગ વિનાના વાહનોને ટોટલ લોસ ગણવામાં આવે છે અને તાત્કાલિક દાવાની પતાવટ માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

## ભારત-UK વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ લાગુ

# લકઝરી કાર, વ્હીસ્કી, કપડાં ફુટવેર આજથી સસ્તાં મળશે

### UK થી આયાત થતી કઈ વસ્તુ મળશે

- સ્કોચ, વ્હીસ્કી, જિન અને અન્ય સ્પિરિટ્સ
- જગુઆર, લેન્ડ રોવર, રોલ્સ રોયલ જેવી લકઝરી કાર
- બ્રાન્ડેડ કપડાં અને ફેશન પ્રોડક્ટ્સ
- ફૂટવેર અને લેધર પ્રોડક્ટ્સ
- હોમવેર, ફર્નિચર અને ડેકોર વસ્તુઓ











**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ભારતમાં UKની કાર, વ્હિસ્કી, કપડાં અને ફૂટવેર આજથી સસ્તા મળશે. કારણ કે, ભારત-UK વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ લાગુ થઈ ગયો છે. એટલે કે આ દિવસથી ભારતના ૯૯% સામાનને UKમાં ઝીરો ટેરિફ પર નિકાસ કરવામાં આવશે. જ્યારે UKના ૯૯% સામાન 3% એવરેજ ટેરિફ પર આયાત થશે. આનાથી ૨૦30 સુધીમાં દ્વિપક્ષીય વેપાર બમણો થઈને ૧૨૦ બિલિયન ડોલર સુધી પહોંચવાની સંભાવના છે. લગભગ ૩ વર્ષમાં ૧૪ રાઉન્ડની વાતચીત પછી ૨૪ જુલાઈ ૨૦૨૫ના રોજ વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને બ્રિટિશ વેપાર મંત્રી જોનાથન રેનોલ્ડ્સે પીએમ નરેન્દ્ર મોદી અને તેમના



UK સમકક્ષ કીર સ્ટાર્મરની હાજરીમાં આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.આ વેપાર કરાર લાગુ થતા પહેલા બંને દેશોના બિઝનેસ અને કંપનીઓ પાસે તૈયારી કરવા માટે હવે માત્ર એક મહિનાથી પણ ઓછો સમય બચ્યો છે. ભારતમાં UKના હાઈ કમિશનર લિન્ડી કેમરને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, "ઉલટી ગણતરી શરૂ થઈ ગઈ છે! UK અને ભારત આ વાત પર સહમત થયા છે કે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ૧૫ જુલાઈથી લાગુ થઈ જશે. આ આધુનિક યુકે-ભારત પાર્ટનરશિપ માટે એક ઐતિહાસિક ક્ષણ છે, જે આપણી બંને અર્થવ્યવસ્થાઓ માટે વૃદ્ધિના એક નવા યુગની શરૂઆત કરશે."

## ભારતમાં કઈ-કઈ વસ્તુઓ સસ્તી થશે?

**વ્હિસ્કી અને જિનઃ** UK થી આયાત થતી સ્કોચ વ્હિસ્કી અને જિન પર ભારતનો ટેરિફ ૧૫૦% થી ઘટીને ૭૫% થઈ જશે. પાછળથી કરારના દસમા વર્ષ સુધી તેને ઘટાડીને ૪૦% કરી દેવામાં આવશે. ઉદાહરણ- ૫૦૦૦ રૂપિયાની સ્કોચ બોટલ ૩૫૦૦ રૂપિયામાં મળશે.

**લકઝરી કારોઃ** UK ની કારો (જેમ કે જગુઆર લેન્ડ રોવર, રોલ્સ-રોયસ) પર ટેરિફ ૧૦૦% થી કોટા સિસ્ટમ હેઠળ ૧૦% સુધી આવી જશે. આનાથી આ કારો ૨૦-30% સસ્તી થઈ શકે છે.

**ખાદ્ય અને પીણાંઃ** UK થી આયાત થતા સૅલ્મોન, લૅમ્બ, ચોકલેટ, બિસ્કિટ અને સોફ્ટ ડ્રિંક્સ પર ટેરિફ ઓછો થશે. આનાથી આ ઉત્પાદનો સસ્તા થશે.

**કોસ્મેટિક્સ અને મેડિકલ ડિવાઈસઃ** UK ના કોસ્મેટિક્સ, મેડિકલ ઉપકરણો અને એરોસ્પેસ પાર્ટ્સ પર ઓછા ટેરિફથી આ સામાન સસ્તા થશે. ટેરિફ ૧૫% થી ઘટીને 3% પર આવી જશે.

**ફેશન અને કપડાંઃ** બ્રિટનથી આવતા બ્રાન્ડેડ કપડાં, ફેશન પ્રોડક્ટ્સ અને હોમવેર પણ સસ્તા થશે. જ્યારે ફર્નિચર, ઇલેક્ટ્રોનિક્સ પણ ઓછી કિંમતે મળશે.

### રાજસ્થાનમાં બેન્ડ; મહારાષ્ટ્રમાં સ્કુલ આસપાસ વેંચાણ પર રોક

# Red Bull - Sting energy ડ્રિંક્સથી હાર્ટએટેકનું જોખમ ગુજરાતમાં પ્રતિબંધ લાગશે ?

## FSSAIએ કંઈ એનર્જી ડ્રિંક બ્રાન્ડ્સને નોટિસ આપી




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ગુજરાત સહિત દેશભરમાં યુવાનો અને બાળકોમાં એનર્જી ડ્રિંકનું વ્યસન ઝડપથી વધી રહ્યું છે. સોશિયલ મીડિયા, સ્પોર્ટ્સ અને ગ્લેમરસ જાહેરાતોના કારણે સ્ટિંગ, રેડ બુલ, મોન્સ્ટર જેવી બ્રાન્ડ્સ યુવાનોમાં સ્ટેટસ સિમ્બોલ બની રહી છે. પરંતુ હવે એનર્જી ડ્રિંકને લઈને આરોગ્ય નિષ્ણાતો અને સરકારો ગંભીર ચિંતા વ્યક્ત કરી રહી છે.રાજસ્થાન સરકારે તો એક પગલું આગળ વધીને Red Bull, Sting સહિત ૮ એનર્જી ડ્રિંક્સના વેચાણ, માર્કેટિંગ અને સંગ્રહ પર પ્રતિબંધ મૂકી દીધો છે, જ્યારે મહારાષ્ટ્ર સરકારે સ્કૂલના ૫૦૦ મીટરના વિસ્તારમાં Sting એનર્જી ડ્રિંકના વેચાણ પર રોક લગાવવાનો નિર્ણય કર્યો છે. ત્યારે હવે ગુજરાતમાં પણ આવા કડક નિયંત્રણો કે પ્રતિબંધ લાગશે કે કેમ તે અંગે ચર્ચાઓ જોર પકડ્યું છે. કાર્ડિયોલોજીસ્ટ ડૉ. જય સંઘવીએ જણાવ્યું હતું કે, એનર્જી ડ્રિંક્સમાં રહેલા કેફીન અને શુગરનું વધુ પ્રમાણ હૃદય અને શરીરના મેટાબોલિઝમ પર ગંભીર અસર કરી શકે છે.અને હાર્ટ સંબંધિત જોખમ વધી શકે છે.ઉલ્લેખનીય છે કે, FSSAIએ ૧ જુલાઈએ ૬ મોટી એનર્જી ડ્રિંક બ્રાન્ડ્સને નોટિસ મોકલી હતી. FSSAIની નોટિસમાં Red Bull, PepsiCoનું Adrenaline Rush Energy Drink, Reliance Consumer Productsનું Campa Energy Drink Gold Boost, Sting Energy Drink, Hell Energy અને Coca-Cola સાથે જોડાયેલ Monster Energy જેવા મોટા નામ છે. નોટિસમાં જણાવાયું હતું કે, કંપનીઓ પોતાની પ્રોડક્ટ્સને યોગ્ય રીતે રજૂ નથી કરી રહી અને જાહેરાતોમાં એવા દાવા કરી રહી છે કે, જેનાથી ગ્રાહકોમાં ગેરસમજ ઊભી થઈ શકે છે.રાજસ્થાનની ભજનલાલ સરકારે રાજ્યના ૨૫થી વધુ શહેરોમાં દરોડા પાડી ૫ લાખથી વધુ એનર્જી ડ્રિંક્સની બોટલો જપ્ત કરી છે. ફૂડ સેફ્ટી અને ડ્રગ કંટ્રોલ વિભાગની તપાસમાં સામે આવ્યું કે, કેટલીક કંપનીઓ તેમના ઉત્પાદનોને શરીરને "રિચાર્જ" કરતી અથવા "તાત્કાલિક ઊર્જા આપતી" હોવાનું દર્શાવી રહી હતી, જે FSSAIના નિયમો મુજબ ભ્રામક દાવાની શ્રેણીમાં આવી શકે છે. સરકાર દ્વારા Sting, Red Bull, Hell Energy, Campa Energy, Monster Energy, After Shock, Tropicana Energy અને Adrenaline Rushના વેચાણ અને સંગ્રહ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

### એનર્જીના નામે વધુ કેફીન અને શુગર !

FSSAIએ પણ કેટલાક ઉત્પાદકોને ભ્રામક માર્કેટિંગ અને તથ્ય વગરના દાવાઓ અંગે નોટિસ પાઠવી છે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ બજારમાં ઉપલબ્ધ મોટાભાગના એનર્જી ડ્રિંક્સમાં કેફીન, શુગર અને ટૌરિન જેવા તત્વોનું પ્રમાણ ઊંચું હોય છે. આ પીણાં થોડીવાર માટે સતર્કતા અથવા ઊર્જાનો અનુભવ કરાવે છે, પરંતુ તેનું નિયમિત અને વધુ પડતું સેવન શરીર પર નકારાત્મક અસર કરી શકે છે.

### શું ગુજરાતમાં પણ પ્રતિબંધની જરૂરિયાત?

રાજસ્થાન અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં સરકારોએ જાહેર આરોગ્યને પ્રાથમિકતા આપીને પગલાં ભર્યા છે. ગુજરાતમાં પણ બાળકો અને યુવાનોમાં એનર્જી ડ્રિંક્સનું વધતું સેવન ચિંતાનો વિષય બની રહ્યું છે. આરોગ્ય નિષ્ણાતોનું માનવું છે કે ઓછામાં ઓછું સ્કૂલ અને કોલેજોની આસપાસ આવા પીણાંના વેચાણ પર નિયંત્રણ, જાગૃતિ અભિયાન અને ભ્રામક જાહેરાતો સામે કડક કાર્યવાહી કરવાની જરૂર છે.

# જીગરજાન મિત્રને શ્રદ્ધાંજલી



## સ્વ. પરાગસિંહ ભાવસિંહજી તલાટીયા

સ્વ.તા. ૧૦-૦૭-૨૦૨૬, શુક્રવાર

દોસ્તી લોહીનો સંબંધ નથી, દોસ્તી દિલનો સંબંધ છે.
કોઈને ન કહી શકાય તેવી વાત જેને કહી શકાય એ દોસ્ત છે...
જેની સાથે માત્ર હસી શકાય એમ નહિ, પણ જેની સામે રડી શકાય એ દોસ્ત છે...
આવો દોસ્તો જિંદગીમાં હોય તો જિંદગી જીવવાની કંઇક અલગ મજા છે.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

| | | |
|---|---|---|
| યોગરાજ તલાટીયા | સત્યજીત ઝાલા | જયપાલ રાઠોડ |
| જયદીપ સરવૈયા | નિલેશ જેમાણી | પરેશ ડોડીયા |
| ચિરાગ ભટ્ટ | વિરેન્દ્ર જાડેજા | રાજદિપ જાદવ |
| રાજુ કેશવાલા | સહિલ વિઠલાણી | અનિરૂદ્ધ નકુમ |
| જગપાલ રાણા | જગદીશ ચાવડા | કુનલ સોલંકી |
| અંકુર પટેલ | ચેતન પાંચોળી | ધવલ શાહ |
| વિરાટ રાવળ | સમીર તલાટીયા | વિક્રમ સેજલિયા |
| અમર ભટ્ટ | બ્રુચેશ વિરાણી | વિજય ઓડેદરા |
| જયદેવ પરમાર | દિપેશ શાહ | ક્રિપાલજાડેજા |

**એસ્ટ્રોન ગ્રુપ - રાજકોટ**

# ખાખીનો કાળો ચહેરો !

### ગોંડલમાં રેન્જ IGની ટીમનો દરોડો

## પોલીસના ઘરમાં જ જુગારધામ !

### કોન્સ્ટેબલ ભગીરથસિંહ વાઘેલાના મકાનમાં જુગાર રમી રહેલી 13 મહિલાઓ ઝડપાઈ

**સિટી ન્યૂઝ@ગોંડલ**

ગોંડલના ભવનાથનગર વિસ્તારમાં આવેલા DYSP કચેરીના પોલીસ કોન્સ્ટેબલ ભગીરથસિંહ વાઘેલાના મકાનમાં ચાલતા જુગારધામ પર રેન્જ IGની ટીમે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં ૧૩ મહિલાઓ જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ હતી. સ્થાનિક પોલીસ ઊંઘતી રહી ને રેન્જ IGની ટીમે સપાટો બોલાવ્યો હતો. સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતા સામે આવતાં ગોંડલ સીટી બી ડિવિઝનના આખા સર્વેલન્સ સ્ટાફની રાજકોટ હેડ ક્વાર્ટરમાં તાત્કાલિક બદલી કરી છે. જ્યારે કોન્સ્ટેબલને સસ્પેન્ડ કર્યાં છે. પોલીસ તપાસ મુજબ, મકાન માલિક ભગીરથસિંહ વાઘેલા પોતે ગોંડલ DYSP કચેરીમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. તેઓ પોતાના આર્થિક ફાયદા માટે બહારથી મહિલાઓને બોલાવી તીન-પત્તીનો જુગાર રમાડતા હતા અને નાલ ઉઘરાવતા હતા.ગઈકાલે, ૧૩ જુલાઈ, ૨૦૨૬ ના રોજ સાંજે આશરે ૫:૩૦ વાગ્યે પોલીસે ભવનાથનગર, દત્તાત્રેય મંદિર પાસે આવેલા કોન્સ્ટેબલ ભગીરથસિંહના મકાનમાં દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ૧૩ મહિલા આરોપીઓને જુગાર રમતા ઝડપી લેવામાં આવી હતી, જોંકે, મકાન માલિક ભગીરથસિંહ વાઘેલા હાજર મળી આવ્યા ન હતા. પોલીસે જુગારના પટમાંથી અને આરોપીઓ પાસેથી કુલ રૂપિયા ૧,૩૫,૯૦૦/- રોકડા કબ્જે કર્યા છે. આ કેસમાં પોલીસે કોન્સ્ટેબલ સહિત કુલ ૧૪ આરોપીઓ સામે જુગાર અટકાયત અધિનિયમની કલમ ૪ અને ૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


પોલીસ કોન્સ્ટેબલ ભગીરથસિંહ વાઘેલા

### જવાન સસ્પેન્ડ: બેદરકારી સબબ બી ડીવીઝનના 6 પોલીસમેનની બદલી

ગોંડલ શહેરમાં પોલીસ કોન્સ્ટેબલના ઘરે જ ચાલતા આ હાઇપ્રોફાઈલ જુગારધામ પર ખુદ રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની ટીમે સપાટો બોલાવ્યો હતો. રેન્જ આઈજીએ પોલીસ કોન્સ્ટેબલ ભગીરથસિંહ વાઘેલાને સસ્પેન્ડ કરી નાખ્યાં છે. સ્થાનિક પોલીસ ઊંઘતી ઝડપાતા જ ગંભીર બેદરકારીને પગલે રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર દ્વારા તાત્કાલિક અસરથી કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા છે. ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના ૬ પોલીસ કર્મચારીઓને કોઈ પણ જાતના બેક રેફરન્સ વિના તાત્કાલિક છૂટા કરીને રાજકોટ હેડ ક્વાર્ટર ખાતે બદલી કરી દેવાનો સત્તાવાર હુકમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં મદનસિંહ ચૌહાણ, શક્તિસિંહ જાડેજા, ઓમદેવસિંહ જાડેજા, સુરપાલસિંહ, મહિપાલસિંહ અને હિતેન્દ્રસિંહ ગોહિલનો સમાવેશ થાય છે. આ કડક બદલીના હુકમથી સ્થાનિક પોલીસ બેડામાં ભારે ફફડાટ અને ચકચાર મચી ગઈ છે.

### હાઈકોર્ટનો ગંભીર આરોપ

## દીવથી આવતા પ્રવાસીઓને ડરાવી ઉના પોલીસ તોડ કરતી'તી



### PIની કાનૂની પ્રક્રિયા રદ્દ કરવાની અરજી ફગાવતી હાઈકોર્ટ: તોડકાંડમાં PI પણ આરોપી

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગીર સોમનાથ ACB પોલીસ મથકે વર્ષ ૨૦૨૪ માં જાન્યુઆરી મહિનામાં ઉના પોલીસ મથકના PI નિલેશ ગોસ્વામી, ASI નિલેશ મૈયા અને નાગરિક આરોપી નીલેશકુમાર તડવી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૭A, ૧૨, ૧૩(૧), ૧૩A તથા IPC ૧૨૦B અને ૩૪ મુજબ ગુનો નોંધાયો હતો. જેમાં PI નિલેશ ગોસ્વામીએ આ ફરિયાદ રદ્દ કરવા હાઇકોર્ટમાં અરજી કરી હતી, જેને ફગાવી દેવામાં આવી છે.

ઘટનાને વિગતે જોતા ઉના પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ દિવથી પરત ફરતા પર્યટકો પાસેથી માંડવી ચેકપોસ્ટ ઉપર પ્રોહેબિશન જેવા કેસમાં ફસાવી દેવા અથવા કેસ ના કરવાની ધમકી આપીને રોકડ, ATM અને ઓનલાઈન પૈસા પડાવી લેવાનું ગેરકાનૂની કામ કરતા હતાં. આ માટે ઉના પોલીસ મથકના PI નિલેશ ગોસ્વામીએ નિલેશકુમાર તડવી નામનો એક વ્યક્તિ રાખ્યો હતો. જે માંડવી ચેકપોસ્ટ ખાતે ઊભો રહેતો અને અન્ય પોલીસ કચેરીઓ કેટલા પૈસા ઉઘરાવે છે, તેનું ધ્યાન રાખતો. વળી કોઈ પર્યટક પોલીસનો વીડિયો ના ઉતારે તેનું પણ ધ્યાન રાખતો. PI આ કામ માટે મહિને તેને ૨૦ હજાર રૂપિયા આપતા. ACB ને બાતમી મળતા ACB એ છટકું ગોઠવ્યું હતું. પરંતુ છટકા વાળી ગાઇમાં રેકોર્ડર જોઈ હતા પોલીસ કર્મચારીઓને શંકા જતા તમામ ભાગવા લાગ્યા હતા. જેમાં નિલેશકુમાર તડવી ઝડપાઈ ગયો હતો. જેના મોબાઈલમાં PI નું નામ 'ગુરુજી' તરીકે સેવ હતું. PI તડવી પાસેથી પ્રતિબંધિત પદાર્થો, હિસાબ અને રૂપિયા મંગાવતા હતા. જો કે ફરિયાદ નોધાતા PI અને ASI ફરાર થઈ ગયા હતા.મોબાઈલ ફોનની ઓડિયો ફાઈલો તપાસતા અરજદાર અને પોલીસ કર્મચારીઓ વચ્ચેની વાતચીત મળી આવી હતી. જેમાં અરજદાર ચેક પોસ્ટ પરથી ઉઘરાવવામાં આવતા ગેરકાયદેસર નાણાં પોતાની પાસે પહોંચાડવાની સૂચના આપતા સંભળાયા હતા. ચેક પોસ્ટ પરથી પસાર થતા લોકો પાસેથી રોકડ અથવા જો રોકડ ન હોય તો ગૂગલ પે જેવા ડિજિટલ માધ્યમોથી લાંચ લેવામાં આવતી હતી.

અરજદાર વતી રજૂઆત કરવામાં આવી હતી કે અરજદાર રેડના દિવસે ઘટનાસ્થળે શારીરિક રીતે હાજર ન હતા. તેમની સામે સીધી માંગણી, નાણાં સ્વીકારવા કે રિકવરીનો કોઈ સીધો પુરાવો નથી, જે ભ્રષ્ટાચારના કેસ માટે અનિવાર્ય છે. આ સમગ્ર FIR માત્ર સહ-આરોપી નિલેશ તડવીના નિવેદન અને તેના ફોનમાંથી મળેલા ટ્રાન્સક્રિપ્ટ પર આધારિત છે.ગુજરાત હાઈકોર્ટે અરજદારની રદ કરવાની અરજી ફગાવતા નોંધ્યું હતું કે FIR રદ કરતી વખતે કોર્ટ પુરાવાઓનું ઊંડાણપૂર્વક મૂલ્યાંકન કરીને મિની-ટ્રાયલ શરૂ ન કરી શકે.

## નવા હોટલ રિસોર્ટને પરવાનગી બંધ

# ગીરમાં બુલડોઝર મોડ ON! મંજૂરી વગરના રિસોર્ટ તોડી પડાશે

**સિટી ન્યૂઝ@ગીર સોમનાથ**

ગ્રેટર ગીરમાં ૪૫ દિવસમાં સિંહ અને માનવ વચ્ચે સંઘર્ષની દસ ઘટનાઓ ચિંતાજનક છે. ગુજરાતના ગૌરવ અને તેના લોકોના રક્ષણ માટે, રાજ્ય સરકારે તેની પહેલમાં વધુ આકરા પગલાની તૈયારી કરી છે અને ગેરકાયદેસર રિસોર્ટ, અનિયંત્રિત પ્રવાસન અને અભયારણ્ય માર્ગો પર અનિયંત્રિત હિલચાલ પર કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે.

પર્યટન માળખાની વ્યાપક સમીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી ગીર લેન્ડસ્કેપમાં અને તેની આસપાસ નવા રિસોર્ટ અથવા હોટલ માટે કોઈ નવી પરવાનગી આપવામાં આવશે નહીં, વન વિભાગના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, રિસોર્ટની ઝડપથી વધતી સંખ્યા - ઘણા હોમસ્ટેના નામે કાર્યરત છે - એ સિંહોના મહત્વપૂર્ણ નિવાસસ્થાનોમાં માનવ હાજરીને વધારી દીધી છે. આવી ઘણી સ્થાપનાઓ ગેરકાયદેસર લાયન શો અને અનધિકૃત વન્યજીવન પર્યટન જેવી પ્રવૃત્તિઓ સાથે પણ જોડાયેલી છે, જેની વારંવાર સંરક્ષણવાદીઓ દ્વારા ટીકા કરવામાં આવી છે.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, સરકારે ગીર અને ગ્રેટર ગીર વિસ્તારમાં કોઈપણ નવા રિસોર્ટ અથવા હોટલની પરવાનગીને મંજૂરી ન આપવાનો નિર્ણય લીધો છે. ઉપરાંત જે પરવાનગી વિના કાર્યરત છે તેમને બંધ કરવામાં આવશે અને તેમનું માળખું તોડી પાડવામાં આવશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ટૂંક સમયમાં આવી સ્થાપનાઓને ઓળખવા માટે એક સર્વે શરૂ કરવામાં આવશે. ધારી-તુલશીશ્યામ કોરિડોર ખાસ કરીને નજર હેઠળ છે. અહીં, લગભગ 30 રિસોર્ટ બનાવવામાં આવ્યા છે. યાત્રાળુઓ અને દીવ જતા પ્રવાસીઓની સેવા ઉપરાંત, આ માર્ગ સંરક્ષિત સફારી ઝોનની બહાર સિંહોને જોવાની આશા રાખતા મુલાકાતીઓ માટે એક લોકપ્રિય સ્ટોપઓવર બની ગયો છે.

અધિકારીઓનો અંદાજ છે કે તલાલા, સાસન અને મેંદરડા



## સરકારનો કડક નિર્ણય

પટ્ટામાં લગભગ ૫૫૦ હોમસ્ટે છે, જે મુખ્યત્વે ગીરના મુલાકાતીઓ માટે સેવા પૂરી પાડે છે. આમાંથી ઘણાને હોમસ્ટે તરીકે મંજૂરી આપવામાં આવી હતી પરંતુ પાછળથી તેને સંપૂર્ણ વ્યાપારી રિસોર્ટમાં વિસ્તૃત કરવામાં આવ્યા હતા, જે કથિત રીતે મંજૂરીની શરતોનું ઉલ્લંઘન કરે છે, ધારીમાં એક હોમસ્ટે તેની પરમિટ રદ કરવા છતાં ચાલુ રહે છે. આશ્ચર્યની વાત એ છે કે, ધારી વન વિભાગે ગેરકાયદેસર સ્થાપના તરીકે વર્ગીકૃત થયા પછી તે જ મિલકત પર જવા માટે જંગલની જમીનનો ઉપયોગ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

દરખાસ્તોમાં ભીડના સમયગાળા દરમિયાન તેમની સંખ્યા મર્યાદિત કરવાનો, દરેક બેચ સાથે તાલીમ પામેલા ફોરેસ્ટ ટ્રેકર્સ સાથે ફક્ત તબક્કાવાર જૂથોમાં મંજૂરી આપવાનો સમાવેશ થાય છે. સ્થાનિક ડોલીવાલાઓ જે યાત્રાળુઓને પહાડી મંદિરોમાં લઈ જાય છે તેમને તાલીમ આપવાની અને સિંહોને થતી ખલેલ ઘટાડવા માટે ફક્ત નિયુક્ત જૂથો સાથે જ આગળ વધવાની સૂચના આપવાની યોજના છે.



## રસ્તાઓ પર વાહનોની અવર-જવર ઉપર પણ કડક નિયંત્રણો

સરકાર અભયારણ્યમાંથી પસાર થતા આંતરિક રસ્તાઓ પર વાહનોની અવરજવર પર કડક નિયંત્રણો મૂકવાની યોજના બનાવી રહી છે. સ્થાનિક લોકો અને જાહેર પરિવહન વાહનો માટે આ રસ્તાઓ ખુલ્લા રહે છે, પરંતુ સિંહોની શોધમાં પોતાના વાહનો રોકનારા પ્રવાસીઓ દ્વારા વારંવાર તેનો દુરુપયોગ કરવામાં આવે છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આને રોકવા માટે, ચેકપોસ્ટ પર દેખરેખ કડક કરવામાં આવશે અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને વાહનોનું નિરીક્ષણ કરવામાં આવશે. સાસણ-તલાલા રોડ પર પણ આવી જ એક સિસ્ટમ કાર્યરત છે, જ્યાં વાહનની ગતિનું નિરીક્ષણ કરવામાં આવે છે અને જો વાહનચાલકો 30 કિમી પ્રતિ કલાકની નિર્ધારિત ગતિ મર્યાદા કરતાં વધુ ઝડપે ગતિ કરે તો ચેતવણીઓ આપવામાં આવે છે. તપાસમાં બીજો સ્તર ઉમેરવામાં આવશે જે સંવેદનશીલ વિસ્તારોમાં લાંબા સમય સુધી વાહન રોકવાની સતા આપવાની વિચારણા છે. વન વિભાગ ગીરના જંગલની અંદરના મંદિરોની મુલાકાત લેનારા યાત્રાળુઓની વધતી સંખ્યાને નિયંત્રિત કરવાના રસ્તાઓનો પણ અભ્યાસ કરી રહ્યું છે. સફારી મુલાકાતીઓથી વિપરીત, જેમની સંખ્યા મર્યાદિત છે, યાત્રાળુઓની હિલચાલ હાલમાં મોટાભાગે અનિયંત્રિત રહે છે.

### અદાણી પ્રોપર્ટીઝની વેલ્યુ 38000 કરોડ વધી, DLFને પાછળ છોડી

# રિયલ એસ્ટેટમાં અદાણીનું રાજ



## હુરુન રિયલ એસ્ટેટ રિચ લિસ્ટમાં ગૌતમ અદાણી નં.1

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ભારતના રિયલ એસ્ટેટ સેક્ટરમાં વર્ષ ૨૦૨૬માં મોટો ઉલટફેર થયો છે. ગ્રોહે-હુરુન ઈન્ડિયા રિયલ એસ્ટેટ રિચ લિસ્ટમાં ગૌતમ અદાણી અને તેમનો પરિવાર પ્રથમ વખત નંબર-૧ પોઝિશન પર પહોંચી ગયો છે.અદાણી પ્રોપર્ટીઝની વેલ્યુમાં આ વર્ષે ૩૮,૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થયો છે. સાથે જ તેમણે આ મામલે ડીએલએફના રાજીવ સિંહને પાછળ છોડી દીધા છે.૨૦૨૬ના ગ્રોહે-હુરુન ઈન્ડિયા રિયલ એસ્ટેટ ૧૫૦ રિપોર્ટ અનુસાર, અદાણી પ્રોપર્ટીઝ આ વર્ષે ભારતીય રિયલ એસ્ટેટ સેક્ટરમાં સૌથી વધુ વેલ્યુ ઉમેરનારી કંપની તરીકે ઉભરી આવી છે. વાર્ષિક ધોરણે કંપનીનું વેલ્યુએશન ૭૨.૫% વધીને ૯૦,૪૦૦ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે.અમદાવાદ સ્થિત આ કંપની ચાર સ્થાનની છલાંગ લગાવીને દેશની ચોથી સૌથી વેલ્યુએબલ રિયલ એસ્ટેટ કંપની બની ગઈ છે. આ સાથે જ તે ભારતની સૌથી વેલ્યુએબલ અનલિસ્ટેડ રિયલ એસ્ટેટ ડેવલપર પણ બની રહી છે. મૂલ્યાંકનમાં આવેલા આ ઝડપી ઉછાળાને કારણે ગૌતમ અદાણી અને તેમનો પરિવાર હુરુન ઈન્ડિયા રિયલ એસ્ટેટ રિચ લિસ્ટમાં પ્રથમ સ્થાને આવી ગયો છે.

### ભુજમાં 3 કલાક મુસાફરો અટવાયા

# નમો ભારત રેપિડ ટ્રેન પાટા પર અચાનક બંધ પડી ગઈ

**સિટી ન્યૂઝ@ભુજ**

અમદાવાદથી ભુજ વચ્ચે દોડતી દેશની આધુનિક 'નમો ભારત રેપિડ રેલ' ટ્રેનમાં મોડી રાત્રે કચ્છ જિલ્લામાં પ્રવેશતાની સાથે જ અચાનક ગંભીર ટેકનિકલ ખામી સર્જાઈ હતી. ટ્રેનમાં આવેલી આ આકસ્મિક ક્ષતિના કારણે તેને અધવચ્ચે જ રોકી દેવાની ફરજ પડી હતી, જેને પગલે ટ્રેનમાં મુસાફરી કરી રહેલા મુસાફરો મધ્યરાત્રિના ત્રણ કલાક સુધી અટવાયા હતા. મળતી માહિતી અનુસાર, અમદાવાદથી મુસાફરોને લઈને ભુજ તરફ આવી રહેલી નમો ભારત રેપિડ ટ્રેન જ્યારે તેના અંતિમ સ્ટેશન ભુજની નજીક આવેલા કુકમા રેલવે સ્ટેશન પાસે પહોંચી, ત્યારે તેમાં અચાનક પાવર અથવા મિકેનિકલ સિસ્ટમ ખોરવાઈ



ગઈ હતી. આ ટેક્નિકલ ક્ષતિ એટલી મોટી હતી કે ટ્રેન એક ઈંચ પણ આગળ વધી શકે તેમ નહોતી. પરિણામે, રેલવે પ્રશાસન દ્વારા તાકીદે ટ્રેનને કુકમા સ્ટેશન પર જ ઊભી રાખી દેવાનો નિર્ણય લેવાયો હતો.રાત્રિના સમયે સામાન્ય રીતે એકાંત અને નિર્જન ગણાતા કુકમા સ્ટેશન પર હાઈટેક ટ્રેન અચાનક અટકી પડતાં મુસાફરોમાં ભારે ચિંતા અને દોડધામનો માહોલ જોવા મળ્યો હતો. એરકન્ડિશન્ડ (એસી) કોચમાં બેઠેલા મુસાફરોને લાંબા સમય સુધી ટ્રેન શરૂ થવાની રાહ જોવી પડી હતી. આ ગંભીર ખામીના કારણે ટ્રેન અંદાજે ત્રણ કલાક જેટલા લાંબા સમય સુધી એક જ જગ્યાએ થંભી રહી હતી, જેના લીધે નાના બાળકો અને વડીલો સહિતના મુસાફરોમાં ભારે અફડાતફડી અને આક્રોશનો માહોલ સર્જાયો હતો.

# થાઈલેન્ડે ભારતીયો માટે વિઝા ફ્રી પ્રવેશ યથાવત રાખ્યો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ભારતીય પાસપોર્ટ ધારકો થાઇલેન્ડમાં વિઝા ફ્રીનો આનંદ માણતા રહેશે. જોકે એક ફેરફાર કરવામાં આવ્યો છે. ભારતીયો વિઝા વિના મહત્તમ 30 દિવસ સુધી મર્યાદિત રહેશે. થાઇ સરકારે આ નિર્ણય એક ચોક્કસ કારણોસર લીધો છે. ભારતીયો માટે વિઝા ફ્રી પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ રજૂ થયા પછી ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. એ નોંધવું જોઈએ કે ભારત થાઇલેન્ડ માટે એક મુખ્ય પ્રવાસન સ્થળ છે અને મોટી સંખ્યામાં ભારતીયો થાઇલેન્ડની મુલાકાત લે છે.થાઇ કેબિનેટે મંગળવારે તેની સાપ્તાહિક બેઠકમાં ભારતીય પ્રવાસીઓ માટે 30 દિવસની વિઝા ફ્રી પ્રવેશને મંજૂરી આપી હતી. પર્યટન પ્રધાન સુરાસક પંચરોએનવોરાકુલે જણાવ્યું હતું કે આ પગલાનો હેતુ ભારતીય પ્રવાસીઓ માટે વસ્તુઓને સરળ બનાવવાનો છે અને દેશના પ્રવાસન ઉદ્યોગને પણ ટેકો આપશે. તેમણે કહ્યું કે આ જ કારણ છે કે કેબિનેટે ભારતીય પ્રવાસીઓ માટે 30 દિવસના વિઝા ફ્રી પ્રવેશને મંજૂરી આપી છે. જે થાઇલેન્ડ માટે એક મહત્વપૂર્ણ બજારનું પ્રતિનિધિત્વ કરે છે. પર્યટન મંત્રીએ એમ પણ કહ્યું કે જો આ પગલાથી ભવિષ્યમાં કોઈ સમસ્યા ઊભી થાય છે તો સરકાર તેની સમીક્ષા કરી શકે છે.ભારત ઉપરાંત, થાઇલેન્ડે, ક્રોએશિયા, બલ્ગેરિયા, સાયપ્રસ, માલ્ટા અને માલદીવના નાગરિકોને પણ 30 દિવસની વિઝા ફ્રી એન્ટ્રીની મંજૂરી આપી છે. ડેપ્યુટી સરકારના પ્રવક્તા પ્લોયટાલે લક્સમીસાંગચાને જણાવ્યું કે આ નવા નિર્ણય બાદ 30 દિવસની વિઝા ફ્રી એન્ટ્રી માટે પાત્ર દેશોની સંખ્યા વધીને ૬૦ થઈ ગઈ છે.

સિટી ન્યૂઝ
રાષ્ટ્રનો ધબકાર...
15 JULY 2026, WEDNESDAY


મિત્રો સાથે ધોની ધાબા ઉપર જમવાનું ચૂકતો નથી

# ધોનીએ ધાબા માલિકને કાર ભેટ આપી



મહેન્દ્ર સિંહ ધોની ક્રિકેટર બન્યો એ પહેલાં રેલવેમાં ટિકિટચેકરની નોકરી તો કરતો જ હતો, પણ માત્ર રમતની વાત કરીએ તો સ્કૂલના દિવસોમાં તે ફૂટબોલનો ગોલકીપર હતો અને ત્યારથી તે રાંચીના ખેલકૂદપ્રેમીઓના દિલમાં વસેલો છે, પરંતુ એનાથી વિશેષ વાત એ છે કે રાંચીથી જમશેદપુર જતાં હાઇવે પર એક જાણીતો ધાબા છે જેના માલિકના સૌથી મોંઘેરા મહેમાનોમાં ધોનીનું સ્થાન સર્વોચ્ચ સ્થાને છે.ખુદ ધોની કરોડોપતિ બન્યો હોવા છતાં અને દુનિયાભરમાં વિખ્યાત થયો હોવા છતાં સમય મળે ત્યારે મિત્રો સાથે આ રોડસાઇડ ધાબા પર જવાનું ચૂકતો નથી. ત્યાં તેના માટે બેકયાર્ડમાં શિવજીની મૂર્તિ નજીક ખાસ ટેબલ ગોઠવવામાં આવે છે અને ધોનીને તેની ફેવરિટ વાનગી પીરસવામાં આવે છે. બોનલેસ ચિલી ચિકન, બટર નાન અને મેન્ગો ડ્રિન્ક ધોની આ ધાબા પર અચૂક માણે છે.ધાબાના સિલેક્ટેડ વેઇટર અને હેલ્પરને જ ધોનીના ટેબલ નજીક જવાની છૂટ હોય છે. એક વખત ધોનીએ ખુશ થઈને વેઇટર અને તેના સાથીઓ માટે કુલ ૬,૦૦૦ રૂપિયાની ટિપ આપી હતી. ધાબાના માલિક સંજય મુખરજીના પરિવારને કાર ભેટ આપી છે. માહીએ તેમને મારુતિ સ્વિફ્ટ બક્ષિસમાં આપી ત્યારે કોઈ જ ફોટો નહોતો પાડવામાં આવ્યો.

> વેઇટરને 6000ની ટીપ




હાસ્ય પાછળનું સત્યઃ 30% લાઈવ કોમેડી

# કપિલ શર્મા શો 70% સ્ક્રિપ્ટેડ !

## કોમેડિયન કીકુ શારદાનો ખુલાસો ઓન-ધ-સ્પોટ કોમેડી નહીંવત

કોમેડિયન કીકુ શારદાએ કપિલ શર્મા શોને લઈને ઘણા મોટા ખુલાસા કર્યા છે. પ્રખરના પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન તેણે જણાવ્યું કે શોનો ૭૦ ટકા ભાગ સ્ક્રિપ્ટેડ હોય છે, જ્યારે ૩૦ ટકા કોમેડી ઓન-ધ-સ્પોટ કરવામાં આવે છે.કીકુના મતે, મહેમાન કલાકારોને પહેલાથી જોક્સ કે પંચલાઈન્સ કહેવામાં આવતી નથી જેથી તેની સાચી પ્રતિક્રિયાઓ કેમેરામાં કેદ થઈ શકે. તેમણે શો દરમિયાન જોક ફ્લોપ થવા પર કપિલ શર્માની પરિસ્થિતિ સંભાળવાની રીત અને એક્ટર સલમાન ખાનના અનપ્રિડિક્ટેબલ સ્વભાવ વિશે પણ ખુલીને વાત કરી.કીકુ શારદાએ ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તે જાણી જોઈને સેલિબ્રિટી મહેમાનોને પહેલાથી જોક્સ, પંચલાઈન્સ કે પાત્રો વિશે જણાવતા નથી. ટીમ ઈચ્છે છે કે મહેમાનો તે પાત્રોને પહેલીવાર સ્ટેજ પર જ જુએ, જેથી તેમની સૌથી સાચી અને સ્વાભાવિક પ્રતિક્રિયાઓ મળી શકે. હવે શોમાં આવતા તમામ સ્ટાર્સ પણ આ જ ફ્લો સાથે આગળ વધે છે અને ઓન-ધ-સ્પોટ કોમેડીનો આનંદ માણે છે.

સુનિતા આહૂજાનું નિવેદન

# કંઈ સ્ત્રી ગાળ નથી બોલતી?

## સ્ત્રીઓના સશક્તિકરણની નવી વ્યાખ્યા કે વિવાદ ?




બોલિવૂડના 'હિરો નંબર ૧' ગોવિંદાના પત્ની સુનિતા આહુજા હંમેશા પોતાના સ્પષ્ટવક્તા અને બિન્દાસ અંદાજ માટે જાણીતા છે. તાજેતરમાં નેટફ્લિક્સના લોકપ્રિય રિયાલિટી શો 'લોકઅપ ૨' (Lock Upp ૨) માં તેમના પ્રવેશથી ઘણી ચર્ચાઓ જાગી હતી. જોકે, શો દરમિયાન તેમની ભાષા અને ખાસ કરીને ગાળોના ઉપયોગને કારણે તેઓ સોશિયલ મીડિયા પર ટ્રોલર્સના નિશાના પર આવી ગયા હતા.રિયાલિટી શો એટલે કે જ્યાં દરેકના વ્યક્તિત્વના અલગ-અલગ પાસાઓ બહાર આવે છે. સુનિતા આહુજા જ્યારે લોકઅપ ૨માં દાખલ થયા, ત્યારે દર્શકોને તેમના તરફથી એ જ જૂની ચુલબુલી અને બિન્દાસ સુનિતાની અપેક્ષા હતી. પરંતુ, શોની અંદરના દબાણ અને સ્પર્ધાત્મક વાતાવરણમાં સુનિતાનો એક અલગ જ ચહેરો જોવા મળ્યો. જ્યારે વાત તેમના આત્મસન્માન કે ઉશ્કેરણીની આવી, ત્યારે તેઓ ચૂપ ન રહ્યા અને તેમની જીભ પરથી નીકળેલા શબ્દોએ વિવાદ સર્જ્યો. લોકોએ તેમની ભાષાને લઈને સવાલ ઉઠાવ્યા અને સોશિયલ મીડિયા પર તેમને આડેહાથ લીધા. સુનિતાનું સૌથી વિવાદાસ્પદ અને ચર્ચિત નિવેદન છેઃ "કઈ સ્ત્રી ગાળ નથી બોલતી?" આ સવાલ ઘણાને ઉશ્કેરણીજનક લાગી શકે છે, પરંતુ તેના ઊંડાણમાં જોતા સ્ત્રીઓના રોજિંદા સંઘર્ષો દેખાય છે. સમાજ સ્ત્રીઓ પાસેથી હંમેશા સંસ્કારી હોવાની અપેક્ષા રાખે છે. જ્યારે કોઈ સ્ત્રી ગુસ્સામાં ગાળ બોલે, ત્યારે તેને તરત જ બિન-સંસ્કારી કે ખરાબનું લેબલ લગાવી દેવામાં આવે છે. સુનિતા અહીં એ વાસ્તવિકતા પર ભાર મૂકે છે કે સ્ત્રીઓ પણ મનુષ્ય છે; તેમને પણ ગુસ્સો આવે છે, તેમને પણ દુખ થાય છે અને જ્યારે હદ વટાઈ જાય ત્યારે તેઓ પણ પ્રતિક્રિયા આપે છે.

# ગુજરાત સરકારનો ઐતિહાસિક નિર્ણય

## મહેસૂલ વિભાગનો નિર્ણય

# હવે આઉટસોર્સિંગ કર્મચારીઓ પણ 'જાહેર સેવક'

### લાંચ લેનારાઓ સામે થશે કડક કાર્યવાહી




સિટી ન્યૂઝ@ગાંધીનગર

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા સરકારી કચેરીઓમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર અને લાંચખોરીના દૂષણને ડામવા માટે અત્યાર સુધીનો સૌથી કડક અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યની વિવિધ સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા આઉટસોર્સિંગ અને કરાર આધારિત કર્મચારીઓ દ્વારા થતી લાંચની વ્યાપક ફરિયાદોને ધ્યાને લઈ, વિભાગે તેમને હવે કાયદાકીય રીતે 'જાહેર સેવક' (Public Servant) જાહેર કરવાનો મહત્વપૂર્ણ આદેશ જારી કર્યો છે.

અત્યાર સુધી એન્ટી કરપ્શન બ્યુરો (ACB) ના છટકા દરમિયાન જ્યારે આઉટસોર્સિંગ કર્મચારી લાંચ લેતા ઝડપાતા, ત્યારે તેઓ પોતાને 'જાહેર સેવક' ન હોવાનું કહીને કાનૂની છટકબારીઓનો લાભ લેતા હતા. આના કારણે તપાસમાં અને કાયદાકીય કાર્યવાહીમાં અનેક અવરોધો આવતા હતા. પરંતુ હવે આ નવી વ્યાખ્યા અમલમાં આવતાની સાથે જ, રાજ્યના તમામ આઉટસોર્સિંગ કર્મચારીઓ સીધા એન્ટી કરપ્શન એક્ટના કડક દાયરામાં આવી ગયા છે. આ નિર્ણયથી ભ્રષ્ટ કર્મચારીઓ માટે બચવાનો કોઈ માર્ગ બાકી રહ્યો નથી.

લાંચના કેસોમાં અગાઉ પ્રોસિક્યુશનની મંજૂરી મેળવવાની પ્રક્રિયામાં લાંબો સમય લાગતો હતો, જેના કારણે કેસો કોર્ટમાં લંબાતા અને ગુનેગારોને ફાયદો થતો હતો. સરકારે હવે આ વિલંબનો કાયમી અંત લાવવા માટે મહત્વનો ફેરફાર કર્યો છે. નવી વ્યવસ્થા મુજબ, હવે પ્રોસિક્યુશન માટેની મંજૂરી મેળવવા માટે લાંબી રાહ જોવી નહીં પડે, પરંતુ જિલ્લા સ્તરે જ ત્વરિત મંજૂરી આપવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપી દેવામાં આવી છે. આ વ્યવસ્થાથી કેસોનો નિકાલ ઝડપથી આવશે અને ગુનેગારોને સજા અપાવવામાં સરળતા રહેશે.

મહેસૂલ વિભાગના આ આકરા વલણના પગલે લાંચ લેતા કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સરકારના આ પગલાથી વહીવટી તંત્રમાં પારદર્શિતા આવશે અને સામાન્ય નાગરિકોને સરકારી કામકાજમાં પડતી મુશ્કેલીઓનો અંત આવશે તેવી આશા સેવાઈ રહી છે. મહેસૂલ વિભાગના આ નિર્ણાયક પગલાને રાજ્યભરમાં સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે, કારણ કે લાંબા સમયથી પ્રજાની આ એક મોટી માંગ હતી કે સરકારી કામકાજમાં થતા ભ્રષ્ટાચારને સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવે. આ નિર્ણય વહીવટી તંત્રમાં શિસ્ત લાવવાની દિશામાં એક મજબૂત કદમ સાબિત થશે.

## સરકારનું નોટિફિકેશન

# 'અશાંત ધારા' ના સ્થાને હવે સ્પેસિફાઈડ એરિયા શબ્દનો થશે ઉપયોગ

### આ વિસ્તારો નક્કી કરવા માટે એક મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટીની રચના કરવામાં આવશે

સિટી ન્યૂઝ@ગાંધીનગર




ગુજરાત સરકાર દ્વારા અશાંત ધારા અંતર્ગત એક મહત્વપૂર્ણ નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે, જેમાં હવે 'અશાંત ધારા'ના બદલે 'સ્પેસિફાઈડ એરિયા' (નિયત અથવા વિશિષ્ટ વિસ્તાર) શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. આ વિસ્તારો નક્કી કરવા માટે એક 'મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટી'ની રચના કરવામાં આવશે, જેની સલાહના આધારે જે વિસ્તારોમાં કોમી તણાવ હોય અને ભવિષ્યમાં સ્થળાંતરની સંભાવના જણાય ત્યાં આ કાયદો લાગુ કરાશે.

મિલકત વેચાણની પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા માટે કલેક્ટર કક્ષાએ તપાસ કરવામાં આવશે અને આ માટે એક સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) બનાવવામાં આવશે. તપાસ બાદ જ વેચાણની મંજૂરી મળશે, અને જો ગેરકાયદેસર રીતે મિલકત ટ્રાન્સફર થઈ હશે, તો તે રદ કરીને છ માસમાં રકમ પરત કરી મિલકતનો કબજો પરત લેવાની જોગવાઈ કરવામાં આવી છે. આ સમગ્ર પ્રક્રિયા અંગેના વિસ્તૃત નિયમો સાથેનું નોટિફિકેશન સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

## મુખ્ય ફેરફારો અને નવી જોગવાઈઓ

- **શબ્દાવલીમાં ફેરફાર :** સરકારના નવા નોટિફિકેશન મુજબ, હવેથી 'અશાંત ધારા' શબ્દ પ્રચલિત નહીં રહે. તેની જગ્યાએ 'સ્પેસિફાઈડ એરિયા' (નિયત અથવા વિશિષ્ટ વિસ્તાર) શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. આ સાથે જ, કાયદાકીય પ્રક્રિયામાં 'ભોગ બનનાર' વ્યક્તિ માટે 'પર્સન અગ્રીવડ' (Person Aggrieved) જેવા શબ્દોનો ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.
- **મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટીની રચના :** કોઈપણ વિસ્તારને 'સ્પેસિફાઈડ એરિયા' જાહેર કરતા પહેલા હવે એક ખાસ 'મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટી'ની રચના કરવામાં આવશે. આ કમિટીની સલાહ અને ભલામણોના આધારે જ રાજ્ય સરકાર કોઈ વિસ્તારને 'સ્પેસિફાઈડ એરિયા' તરીકે જાહેર કરશે.
- **કયા વિસ્તારોને મળશે 'સ્પેસિફાઈડ એરિયા'નો દરજ્જો? :** જે વિસ્તારોમાં કોમી તણાવ રહેતો હોય અથવા ભવિષ્યમાં ત્યાંથી લોકોનું મોટા પાયે સ્થળાંતર થવાની સંભાવના હોય, તેવા વિસ્તારોને ખાસ ધ્યાન હેઠળ રાખીને 'સ્પેસિફાઈડ એરિયા' જાહેર કરવામાં આવશે.
- **મિલકત વેચાણ અને કલેક્ટરની ભૂમિકા :** નવા નિયમો હેઠળ, 'સ્પેસિફાઈડ એરિયા'માં આવતી મિલકતોના વેચાણ અંગેની પ્રક્રિયા વધુ કડક કરવામાં આવી છે. આવી મિલકતોના વેચાણ બાબતે કલેક્ટર કક્ષાએ તપાસ હાથ ધરવામાં આવશે. આ તપાસ માટે સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરવામાં આવશે. કોમી તણાવ કે શાંતિ ભંગ જેવી સ્થિતિની સઘન તપાસ કર્યા બાદ જ મિલકત વેચાણની મંજૂરી આપવામાં આવશે.
- **ગેરકાયદેસર ટ્રાન્સફર પર કડક કાર્યવાહી :** જો કોઈ મિલકતનું ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરવામાં આવ્યું હોય, તો તેવા કિસ્સામાં ટ્રાન્સફર રદ કરવામાં આવશે. એટલું જ નહીં, આવા કિસ્સામાં ખરીદનાર વ્યક્તિએ છ માસની અંદર રકમ પરત કરી મિલકતનો કબ્જો મૂળ માલિકને સોંપવાનો રહેશે. રાજ્ય સરકારના આ નવા નોટિફિકેશનથી મિલકત ટ્રાન્સફરની પ્રક્રિયા વધુ પારદર્શક અને કાયદાકીય રીતે સુરક્ષિત બનશે.

## બદનામીના ડરથી અમદાવાદનો વેપારી ડિપ્રેશનમાં

# પતિ પત્નીને જીમ ફ્રેન્ડ સાથે કારમાં રોમાન્સ કરતા જોઈ ગયો



AI IMAGE

## પત્નિ કલાકો સુધી ફોનમાં પ્રેમલાપ કરતી

સિટી ન્યૂઝ@અમદાવાદ

અમદાવાદમાં જીમમાં શરૂ થયેલી દોસ્તી પ્રેમ સંબંધમાં પરિણમ્યા બાદ પતિને કરોડો રૂપિયાના ખોટા કેસમાં ફસાવવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં પત્ની અને પ્રેમીને ઝડપી લેવા પતિએ ઘરમાં ગુપ્ત ઓડિયો સિસ્ટમ લગાવી દીધી હતી. જેમાં બન્નેની વાતો રેકોર્ડ થતી હતી. અને પ્રેમી સાથે રાજસ્થાન બોર્ડર પર કારમાં રોમાન્સની માહિતી મળી હતી.

આમ વેપારી પતિએ ડિટેક્ટિવ બની આધેડ પત્નીની બેવફાઈ પકડી પાડી હતી. સમાજમાં બદનામીના ડરથી પતિ ડિપ્રેશનમાં રહેવા લાગ્યો હતો. બીજી તરફ પોલીસે આ મામલે કોઇ કાર્યવાહી કરી ન હોવાનું પતિનું કહેવું છે. પત્ની અને તેના જીમ ફ્રેન્ડના કથિત ત્રાસથી કંટાળીને પતિએ છેવટે કોર્ટના દ્વાર ખખડાવ્યા છે. આ મામલે કોર્ટે ગંભીર નોંધ લઈને સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનને ૩૦ દિવસમાં તપાસ કરી અહેવાલ રજૂ કરવા આદેશ કર્યો છે.

અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં રહેતા વેપારીના લગ્નને ૨૭ વર્ષ થયા છે અને તેઓ બે સંતાનોના પિતા છે. ફેબ્રુઆરી, ૨૦૨૫ માં તેમણે બાળકોના ભવિષ્યની બચત માટે પત્નીના નામે એક બેંક લોકર ખોલાવ્યું હતું, જેમાં કમાણીના દાગીના અને રોકડ રાખવામાં આવ્યા હતા. આ દરમિયાન પત્નીએ નરોડા વિસ્તારમાં આવેલ એક જીમમાં જવાનું શરૂ કર્યું હતું. ત્યાં તેની મુલાકાત એક વ્યક્તિ સાથે થઈ હતી. ધીમે-ધીમે આ મિત્રતા પ્રેમ સંબંધમાં બદલાઈ ગઈ હતી. પતિની ગેરહાજરીમાં તે વ્યક્તિ અવારનવાર ઘરે આવતો હતો અને બંને કલાકો સુધી ફોન તેમજ વીડિયો કોલ પર વાતો કરતા હતા.

પત્નીની બદલાયેલી ગતિવિધિઓ જોઈને આડોશી-પાડોશી અને સંતાનોને શંકા ગઈ હતી. આથી પતિએ પત્નીને જાણ કર્યા વગર ઘરમાં ઓડિયો રેકોર્ડ થાય તેવી સિસ્ટમ લગાવી દીધી હતી. જેમાં પત્ની અને તેના મિત્ર વચ્ચેની આપત્તિજનક વાતો રેકોર્ડ થઈ ગઈ હતી.

એટલું જ નહીં બંને કાર લઈને રાજસ્થાન બોર્ડર પર પણ ફરવા જતા હોવાનું પતિના ધ્યાન પર આવ્યું હતું. પત્ની પ્રેમીના મોહમાં આવીને બેંક લોકરમાંથી તમામ સોના-ચાંદીના દાગીના અને રોકડ સગેવગે કરી દેશે તેવી આશંકાથી પતિએ સિટી સિવિલ કોર્ટમાંથી મનાઈ હુકમ મેળવીને બેંકનું લોકર સીઝ કરાવી દીધું હતું.

આ બાબતથી ઉશ્કેરાઈને પત્નીના પ્રેમીએ પતિને ફોન કરીને ધમકી આપી હતી કે તેં જે ઓડિયો રેકોર્ડિંગ કર્યા છે તે મને આપી દે અને સેટલમેન્ટ કરી લે, નહીંતર જાનથી મારી નાખીશ. સાથે જ એટ્રોસિટીના ખોટા કેસમાં ફસાવવાની અને ૧ કરોડ રૂપિયા ઉધાર લીધા હોવાનો ખોટો કેસ કરવાની ધમકી પણ આપી હતી. આ ગેરસંબંધોની વાત આખા સમાજમાં ફેલાઈ જતાં પરિવારની બદનામી થઈ હતી અને પતિ માનસિક રીતે ભાંગી પડ્યો છે.




# પત્નીએ પતિને દૂધમાં ઊંઘની 10 ગોળી પીવડાવી પ્રેમી સાથે મળી હત્યા કરી

સિટી ન્યૂઝ@નવી દિલ્હી

ઉત્તરાખંડના સિવિલ લાઇન્સ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ટોડા ગામમાં ભઠ્ઠા ચલાવતા આનંદ રાજપૂત ઉર્ફે મહેબૂબ (૩૫) ની હત્યાનો ભેદ પોલીસે ૧૦ કલાકમાં ઉકેલી નાખ્યો. તપાસમાં જાણવા મળ્યું કે આનંદની હત્યા તેની પત્ની આશિકી દેવીએ તેના પ્રેમી (ભત્રીજા) શિવમ સાથે મળીને કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, પતિ તેમના પ્રેમ સંબંધમાં અવરોધ બની રહ્યો હતો, તેથી બંનેએ ચાર દિવસ પહેલા તેને મારી નાખવાનું કાવતરું ઘડ્યું હતું.

પહેલા તો રાતનો સમય જોઈ આનંદને દુધમાં ઊંધની ગોળીઓ મિક્સ કરીને બહેશ કર્યો હતો. ત્યારબાદ બંનેએ સાથે મળી પતિની હત્યા કરી હતી. આ સમગ્ર અંજામ આપ્યા બાદ પત્નીએ ઘટનાને આત્મહત્યામાં પરિવર્તિન કરવાનો પ્રયાસ કર્યો હતો. મંગળવારના રોજ એસએસપી શ્રીવાસ્તવે જણાવ્યું કે, રવિવારની રાત્રે તોડા ગામ નિવાસી આનંદ રાજપુતનો મૃતદેહ તેના ઘરની અંદર સંદિગ્ધ હાલતમાં બેડ પર પડ્યો હતો. શરુઆતની સુચના આત્મહત્યા કરી હોવાની મળી હતી. પરંતુ પરિવારે તેની પત્ની અને પ્રેમી પર હત્યાનો આરોપ લગાવ્યો હતો. પિતા સુધર સિંહ રાજપુતની ફરિયાદ પર, પત્ની અને તેના અજાણ્યા સાથી વિરુદ્ધ હત્યાનો કેસ નોંધવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન, પોલીસે સ્થળનું નિરીક્ષણ કર્યું, ફોરેન્સિક પુરાવા એકત્રિત કર્યા અને પરિવારના સભ્યો સહિત અન્ય શંકાસ્પદોની પૂછપરછ




કરી. પૂછપરછ દરમિયાન, પત્ની, આશિકી દેવી, શંકાસ્પદ હોવાનું જણાયું. સખત પૂછપરછ પછી, તેણીએ ગુનો કબૂલ્યો. ત્યારબાદ, પોલીસે તેના બોયફ્રેન્ડ, શિવમની પણ ધરપકડ કરી.

એસએસપીએ જણાવ્યું હતું કે, પૂછપરછ દરમિયાન, એ વાત બહાર આવી હતી કે આશિકી દેવી અને શિવમ લાંબા સમયથી પ્રેમ સંબંધમાં હતા. આનંદને આ વાતની જાણ થઈ હતી. તેણે વાંધો ઉઠાવ્યો અને લગભગ ત્રણ મહિના પહેલા હોળીની આસપાસ તેમને આપત્તિજનક સ્થિતિમાં પકડ્યા. ત્યારબાદ શિવમ સામે કેસ દાખલ કરવામાં આવ્યો, જેના કારણે તેને જેલની સજા ફટકારવામાં આવી.૧ જૂનના રોજ જામીન પર છૂટ્યા પછી, બંને ફરી સંપર્કમાં આવ્યા, અને આનંદને શંકા ગઈ. તેમણે આનંદને મારી નાખવાનો પ્લાન બનાવ્યો. રવિવારે રાત્રે ૧૦ વાગ્યે આનંદ ઘરે પહોંચ્યો ત્યારે, તેની પત્ની અને પ્રેમીએ દૂધમાં દસ ઊંઘની ગોળીઓ ભેળવીને તેને પીવડાવી હતી.

# વિધર્મી શખ્સે દુષ્કર્મ આચરી ધર્મ પરિવર્તન કરાવ્યું



- ફોટા-વિડીયો વાયરલ કરવાની અને દુબઇમાં વેચી નાખવાની ધમકી આપીઃ બે ફરિયાદ
- પાડોશીએ પતિ-પુત્રને મારી નાખવાની ધમકી આપી પરિણીતાને શિકાર બનાવી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં વિધર્મી શખ્સે ઓળખ છુપાવીને યુવતી સાથે દુષ્કર્મ આચરી બ્લેકમેઇલ કરી ધર્મ પરિવર્તન કરાવવા અને સોનાના દાગીના પડાવી લેવા અંગે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ છે જયારે પરસાણાનગરમાં રહેતા શખ્સે પાડોશી પરિણીતાને પતિ અને પુત્રને મારી નાખવાની ધમકી આપી પાંચ વર્ષ સુધી દુષ્કર્મ આચરતા આ અંગે પ્રનગર પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પીડિતાએ રેલનગરમાં રહેતા સાહિલ સમીરભાઈ ચાનિયા નામના વિધર્મી શખ્સ સામે મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે જુલાઈ ૨૦૨૪માં યુવકે તેના ઘરે ઘૂસીને બળજબરીપૂર્વક સંબંધ બાંધ્યો હતો અને ફોટો-વીડિયો ઉતારી લીધા હતા. ત્યાર બાદ વીડિયો વાયરલ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી અવારનવાર દુષ્કર્મ આચરતો રહ્યો. આરોપી પીડિતાને અજમેર લઈ ગયો હતો, જ્યાં હોટેલમાં બળાત્કાર ગુજારી, કલમા પઢાવીને તેનું ધર્મ પરિવર્તન કરાવ્યું હતું અને નામ બદલી નાખ્યું હતું આ દરમિયાન આરોપીએ પિડિતાના સોનાના દાગીના પણ ગિરવે મૂકીને નાણાં વાપરી નાખ્યા હતા. તાજેતરમાં, જૂન ૨૦૨૬માં આરોપી તેને રાજકોટની હોટેલમાં લઈ ગયો હતો, જ્યાં પીડિતાએ આરોપીને ફોન પર 'તેને દુબઈ લઈ જઈ વેચી દેવાની' વાત કરતા સાંભળી લેતા તે ડરી ગઈ હતી અને પોતાના વતન નાસી ગઈ હતી. અંતે પીડિતાએ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે જયારે પરસાણાનગરમાં રહેતા રિક્ષાચાલક અમિત મનસુખભાઈ ધાવરી સામે એક પરિણીતાએ પ્રનગર પોલીસમાં દુષ્કર્મ અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે આશરે પાંચ-છ વર્ષ પહેલાં લતામાં રહેતા હોવાને કારણે આરોપી પરિણીતાના પતિ સાથે પરિચયમાં આવ્યો હતો અને વાહન ન હોવાથી ભાડે રીક્ષા બાંધતી વખતે બળજબરીથી ફોન નંબર મેળવી લીધા હતા. ત્યાર બાદ સતત મેસેજ અને ફોન કરી હેરાન કરતો હતો એક દિવસ પરિણીતા ઘરે એકલી હતી ત્યારે આરોપીએ છરો બતાવી, જાનથી મારી નાખવાની ધમકી આપી પ્રથમવાર દુષ્કર્મ કર્યું હતું આરોપીના શારીરિક-માનસિક ત્રાસથી કંટાળી પીડિત પરિવારે ત્રણ-ચાર વખત ભાડાના મકાનો બદલ્યા હતા, છતાં આરોપી યેનકેન પ્રકારે નવું સરનામું શોધી કાઢતો હતો અંતે ફરિયાદ નોંધાવી હતી.

# બ્યુટીપાર્લર સંચાલક મહિલા સાથે 25 લાખની છેતરપિંડી

- સોનાના જૂના દાગીના નવા કરાવી દેવાની લાલચે ઠગાઈ
- શરૂઆતમાં બે-ત્રણ દાગીના પરત આપ્યા બાદ નોંધાવી ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરના લક્ષ્મીનગર પાછળ રાધાનગર શરી નં. ૬માં રહેતા અને ઘરેથી જ બ્યૂટી પાર્લર ચલાવતા હેતલબેન તુષારભાઈ પરસાણા (ઉ.વ.૪૩)ના સોનાના દાગીના નવા કરાવી આપવાના બહાને નાના મવા અજમેર શાસ્ત્રીનગરમાં રહેતા શક્તિ રમેશભાઈ રાઠોડએ ૨૫ લાખની ઠગાઈ કર્યાની ફરિયાદ માલવિયા નગર પોલીસમાં નોંધાઈ છે. જેમાં હેતલબેને જણાવ્યું છે કે ૨૦૨૫ની સાલમાં તેની ફ્રેન્ડ પાયલ ડોડિયા મારફત તેના પિતરાઈ એવા આરોપી સાથે સંપર્ક થયો હતો. તે વખતે આરોપીએ મનપાનો કોન્ટ્રાક્ટર, કોસ્મેટીક આઈટમનો વેપારી અને રેસ્ટોરન્ટના ધંધા સાથે સંકળાયેલો હોવાનું જણાવ્યું હતું. એક દિવસ આરોપીએ તેનો મિત્ર જૂના દાગીનાના બદલામાં ઝીરો ટકા મજુરીએ નવા દાગીના બનાવી આપતો હોવાનું કહ્યું હતું. જેથી આરોપીને બે-ત્રણ દાગીના આપ્યા હતા. આ દાગીના આરોપીએ નવા જેવા કરાવીને પરત આપ્યા હતા. પરિણામે આરોપી ઉપર વિશ્વાસ બેસી જતા ૭૨૦ ગ્રામ વજનના દાગીના નવા કરાવવા આપ્યા હતા. પરંતુ બાદમાં આરોપીએ આ દાગીના અનેક વખત ઉઘરાણી કરવા છતાં પરત આપ્યા નહતા. આખરે દાગીના યદુનંદન નામની મંડળી અને અન્ય જગ્યાએ ગીરવે મુકી દીધાનું કહ્યું હતું. ઘણા સમયથી દાગીનાની ઉઘરાણી કરવા છતાં નહીં મળતા આરોપી વિરૂદ્ધ ઈ.ઓ.ડબ્લ્યુ.માં અરજી કરી હતી. એ વખતે આરોપીએ ૯૫ લાખ આપવા સહમતી દર્શાવ્યા બાદ ૮૦ લાખ ચૂકવવાની ખાતરી આપી હતી. જેમાંથી ૫૫ લાખ ચૂકવી દીધા બાદ બાકીના રૂપિયા ૨૫ લાખ આજ સુધી નહીં ચૂકવતા આખરે ફરિયાદ નોંધાવી હતી.



# ગોંડલમાંથી પેડલર સાડા પાંચ કિલો ગાંજા સાથે ઝડપાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**



રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા સે નો ટુ ડ્રગ્સ મુહિમ અંતર્ગત માદક પદાર્થની પ્રવૃત્તિ સદંતર નાબૂદ કરવા અને તેની સામે અસરકારક કામગીરી કરવા સૂચના આપવામાં આવી હોય જેને લઇ એસઓજી પીઆઇ એફ.એ.પારગીની રાહબરીમાં પીએસઆઇ જી.જે. ઝાલા અને પી.બી. મિશ્રા તથા ટીમ ગોંડલ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન એએસઆઇ વિપુલભાઈ ગુજરાતી અને ક્રિપાલસિંહ જાડેજાને એવી બાતમી મળી હતી કે, ગોંડલના વોરા કોટડા રોડ પર આવાસ કવાર્ટરમાં બ્લોક નંબર આઠ છ માં રહેતો ઈમ્તિયાઝ ઉર્ફે લાલો નામના શખસે પોતાના મકાનમાં માદક પદાર્થનો જથ્થો છુપાવી રાખ્યો છે બાતમીના આધારે ટીમે ટીમે દરોડો પાડતા મકાનમાંથી પ્લાસ્ટિકનો શંકાસ્પદ થેલો મળી આવ્યો હતો. જેમાં તપાસ કરતા અંદરથી રૂ.૨.૭૯ લાખનો ૫ કિલો ૫૯૨ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. બાદમાં પોલીસે આરોપી ઈમ્તિયાઝ ઉર્ફે લાલો ઈબ્રાહીમભાઈ સુમરાની અટક કરી હતી. ગાંજા સાથે ઝડપાયેલા આરોપી ઈમ્તિયાઝ ઉર્ફે લાલાની પૂછતાછ કરતા તેને ગાંજાનો જથ્થો અઠવાડિયા પૂર્વે બોટાદના સ્વામીના ગઢડામાં રહેતો સાજીદ ઉર્ફે ભીખો બોબલભાઈ તરકવાડીયા આપી ગયો હોવાની કબુલાત આપી હતી.

# મોરબીના નટરાજ ફાટક ઓવરબ્રિજનો ખામીયુક્ત પિલર તોડવાનો આદેશ

## નબળી ગુણવત્તા સામે માર્ગ-મકાન વિભાગની કડક કાર્યવાહી; કોન્ટ્રાક્ટરને સ્વખર્ચે નવો પિયર બનાવવા તાકીદ



**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબીના નટરાજ ફાટક ખાતે નિર્માણાધીન એલસી-૩૧ રેલવે ઓવરબ્રિજ (ROB)ના કામમાં ગુણવત્તાની ગંભીર ખામી સામે આવતા માર્ગ અને મકાન વિભાગે તાત્કાલિક અને કડક કાર્યવાહી હાથ ધરી છે. નિયમિત ટેકનિકલ તપાસ દરમિયાન એક પિલરની ગુણવત્તા નિર્ધારિત ધોરણ મુજબ ન હોવાનું જણાતા તેને તોડી પાડી કોન્ટ્રાક્ટરને પોતાના ખર્ચે નવો પિયર બનાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે બાંધકામની ગુણવત્તા અંગે તંત્ર વધુ સતર્ક બન્યું છે.

માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર હિતેશ આદ્રોજાએ જણાવ્યું હતું કે, બાંધકામ દરમિયાન થયેલી વિગતવાર તપાસમાં એક પિલરની લિફ્ટ નિર્ધારિત સ્ટ્રેન્થ અને ટેકનિકલ સ્પેસિફિકેશન મુજબ ન હોવાનું સામે આવ્યું હતું. આવી ખામી ભવિષ્યમાં જોખમકારક સાબિત થઈ શકે તે ધ્યાનમાં રાખીને જાહેર સલામતીને પ્રાથમિકતા આપતા ખામીયુક્ત પિલરને તાત્કાલિક દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.


વિભાગના આદેશ બાદ એન્જિનિયરોની કડક દેખરેખ હેઠળ પિલર તોડી પાડવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. કોન્ટ્રાક્ટરને મંજૂર ડિઝાઈન અને ટેકનિકલ માપદંડો મુજબ પોતાના સ્વખર્ચે નવો પિયર ઉભો કરવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. સાથે જ આગામી કામગીરીમાં ગુણવત્તા જાળવવા ખાસ તકેદારી રાખવા પણ તાકીદ કરવામાં આવી છે.

માર્ગ અને મકાન વિભાગે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જાહેર સુરક્ષા સાથે જોડાયેલા બ્રિજ અને અન્ય બાંધકામોમાં ગુણવત્તા બાબતે કોઈપણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં. આગામી સમયમાં પણ જો કામગીરી દરમિયાન કોઈ ખામી કે બેદરકારી જણાશે તો સંબંધિત કોન્ટ્રાક્ટર સામે આવી જ કડક અને દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

# દુબઈથી અંડરવેરમાં સોનાની પેસ્ટ છુપાવી લાવતો મોરબીનો શખ્સ ઝડપાયો

**સિટી ન્યૂઝ@મોરબી**



અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) અને એર ઈન્ટેલિજન્સ યુનિટે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને સોનાની દાણચોરીના એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. દુબઈથી ગેરકાયદેસર રીતે લાવવામાં આવેલું આશરે રૂ. ૪.૩૧ કરોડની કિંમતનું સોનું જપ્ત કરી મોરબીના વેગડવાવ ગામના દિલીપભાઈ હરખાભાઈ પીપરીયાની ધરપકડ કરવામાં આવી છે.

ડીઆરઆઈના અધિકારીઓને મળેલી ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે, દુબઈથી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ દ્વારા અમદાવાદ એરપોર્ટ પહોંચેલા મોરબીના દિલીપ પીપરીયાને ટર્મિનલ-૨ ના ગ્રીન ચેનલ પર અટકાવવામાં આવ્યો હતો.

શરૂઆતમાં આરોપીએ પોતાની પાસે કોઈ ગેરકાયદેસર વસ્તુ હોવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. તેના સામાનનું એક્સ-રે સ્કેનિંગ અને ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટર દ્વારા ફિઝિકલ ચેકિંગ કરવામાં આવતા કંઈ શંકાસ્પદ મળી આવ્યું ન હતું. જો કે, ચેકિંગ દરમિયાન દિલીપ ભારે નર્વસ અને અસ્વસ્થ જણાતા અધિકારીઓને શંકા ગઈ હતી. અધિકારીઓએ તેની સઘન અને કડક પૂછપરછ આદરતા આખરે આરોપી ભાંગી પડયો હતો. તેણે પોતે પહેરેલા બે વિશેષ અંડરવેર સ્વેચ્છાએ કાઢી આપ્યા હતા, જેની અંદર ખાસ બનાવેલા ગુપ્ત ખાનાઓમાં ૩૨૬૩ ગ્રામ વજન ધરાવતી સોનાની પેસ્ટના બે પેકેટ છુપાવવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલી પેસ્ટને સી.જી. રોડ સ્થિત સરકારી માન્ય વેલ્યુઅરની લેબોરેટરીમાં ઓગાળવા અને શુદ્ધિકરણ માટે મોકલવામાં આવી હતી.

> DRI અને એર ઈન્ટેલિજન્સનું સંયુક્ત ઓપરેશનઃ રૂ. 4.31 કરોડનું 2.91 કિલો શુદ્ધ સોનું જપ્ત, આરોપી જેલભેગો

આ પ્રક્રિયાના અંતે તેમાંથી આશરે ૨.૯૧ કિલો (૨૯૧૦ ગ્રામ) ૨૪ કેરેટ શુદ્ધ સોનું મળી આવ્યું હતું, જેની બજાર કિંમત અંદાજે રૂ. ૪.૩૧ કરોડ થાય છે.

પૂછપરછ દરમિયાન આરોપી દિલીપે કબુલાત કરી હતી કે તે ૧૧ જુલાઈના રોજ તેના મિત્ર કરણ સાથે દુબઈ ગયો હતો. ત્યાં કરણે તેની મુલાકાત સુરેશ નામના વ્યક્તિ સાથે કરાવી હતી. સુરેશે તેને ભારત પહોંચાડવા માટે સોનાની પેસ્ટ ભરેલા વિશેષ અંડરવેર આપ્યા હતા અને પોતાના અંડરગાર્મેન્ટ્સની ઉપર તે પહેરી લેવાની સૂચના આપી હતી. આ કામ માટે તેને મોટી નાણાકીય લાલચ આપવામાં આવી હતી.

ડીઆરઆઈ દ્વારા કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૧૧ અને ૧૧૨ હેઠળ સોનું જપ્ત કરવામાં આવ્યું છે, જ્યારે કલમ ૧૦૪ હેઠળ આરોપી દિલીપ પીપરીયાની ધરપકડ કરી તેને જેલમાં મોકલી આપવામાં આવ્યો છે. આ રેકેટમાં સંડોવાયેલા અન્ય શખ્સોની શોધખોળ શરૂ કરાઈ છે.


# 4.87 કરોડની છેતરપિંડીમાં મહિમા કકકડની જામીન અરજી ફગાવાઈ

## ચાર્જશીટ બાદ સેશન્સ કોર્ટનો નિર્ણય; GPID એક્ટ સહિતના ગુનામાં રાહત ન મળી

સિટી ન્યૂઝ@રાજકોટ

કરોડો રૂપિયાની છેતરપિંડીના કેસમાં આરોપી મહિમાબેન બીપીનભાઈ કકકડની ચાર્જશીટ બાદ કરવામાં આવેલી નિયમિત જામીન અરજી રાજકોટની નામદાર સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે.

ફરિયાદી નીતુબેન રાજેશભાઈ દાસ (રહે. મવડી પાર્થ, રાજકોટ)એ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી દર્શીલ મહેશભાઈ વાઘેલાએ મોબાઈલની ખરીદ-વેચાણના ધંધામાં વધુ નફાની લાલચ આપી તેમની પાસેથી રૂ. ૧.૭૦ લાખનું રોકાણ કરાવ્યું હતું. બાદમાં રોકાણની રકમ પરત ન આપતા વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી.તપાસ દરમિયાન પોલીસ દ્વારા મહિમાબેન બીપીનભાઈ કકકડની ધરપકડ કરવામાં આવી હતી. ફરિયાદ મુજબ, ફરિયાદી તથા અન્ય અનેક લોકોને મોબાઈલ ખરીદ-



એડવોકેટ
પરાગ એન. શાહ

વેચાણની વિવિધ સ્કીમોમાં વધુ નફાની લાલચ આપી રોકાણ કરાવવામાં આવ્યું હતું. તપાસમાં અંદાજે રૂ. ૪.૮૭ કરોડની રકમ એકત્ર કરી છેતરપિંડી આચરવામાં આવી હોવાનો આક્ષેપ સામે આવ્યો હતો.

જામીન અરજીની સુનાવણી દરમિયાન મૂળ ફરિયાદી તરફથી એડવોકેટ કલ્પેશ નસીત તથા સરકાર તરફથી સરકારી વકીલ પરાગ એન. શાહે જામીનનો વિરોધ કરી દલીલો રજૂ કરી હતી. કોર્ટે પોલીસની વાંધા અરજી, કેસની ગંભીરતા અને રજૂ થયેલી હકીકતોને ધ્યાનમાં રાખી GPID એક્ટ સહિતના ગુનાઓમાં આરોપી મહિમાબેન કકકડની જામીન અરજી નામંજૂર કરી હતી.

આ કેસમાં મૂળ ફરિયાદી તરફે વરિષ્ઠ ધારાશાસ્ત્રી દિલીપભાઈ પટેલ, એડવોકેટ કલ્પેશ નસીત, નૈમિષ જોશી, અનિતા રાજવંશી તથા આસિસ્ટન્ટ તરીકે ઈશા કણઝારિયાએ પેરવી કરી હતી, જ્યારે સરકાર તરફથી સરકારી વકીલ પરાગ એન. શાહ રોકાયેલા હતા.

# મોરબીમાં મની ટ્રાન્સફરના ચાર્જ મુદ્દે દુકાનદાર પર જીવલેણ હુમલો

## છરીના આડેધડ ઘા ઝીંકી ગળા, માથા, પાંસળી અને હાથના ભાગે ગંભીર ઈજા પહોંચાડી; આરોપી સામે ગુનો નોંધાયો

સિટી ન્યૂઝ@મોરબી

મોરબીના લીલાપર-નવાગામ રોડ પર આવેલી મોબાઈલની દુકાને મની ટ્રાન્સફર માટે લેવાતા માત્ર ૧૭૦ના સર્વિસ ચાર્જ મુદ્દે ગ્રાહકે દુકાનદાર પર છરી વડે જીવલેણ હુમલો કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ બનાવે વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. હુમલામાં દુકાનદારને ગળા, માથા, પાંસળી અને હાથના કાંડા સહિત શરીરના વિવિધ સંવેદનશીલ ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.



પોલીસના જણાવ્યા મુજબ, મૂળ બિહારના અને હાલ મોરબીના ગાયત્રીનગરમાં રહેતા મુરારીકુમાર ભોગેન્દ્ર શર્મા લીલાપરથી નવાગામ રોડ પર આવેલા ગણેશ કોમ્પ્લેક્સમાં "ક્રિષ્ના મોબાઈલ એન્ડ ફેશન" નામની દુકાન ચલાવે છે. તેમની દુકાને લખધીરનગરનો વિશાલ બાબુભાઈ જોગડીયા રૂ. ૧૭ હજારનું મની ટ્રાન્સફર કરાવવા આવ્યો હતો. ટ્રાન્સફર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ દુકાનદારે નિયમ મુજબ ૧૭૦નો સર્વિસ ચાર્જ માંગતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી, જે બાદ મામલો હિંસક બની ગયો હતો.

આક્ષેપ મુજબ, ઉશ્કેરાયેલા વિશાલ જોગડીયાએ પોતાની પાસે રહેલી તીક્ષ્ણ છરી કાઢી મુરારીકુમાર પર હુમલો કર્યો હતો. તેણે ગળા, પાંસળી, માથા, ખભા અને હાથના કાંડા જેવા મહત્વના ભાગો પર આડેધડ ઘા ઝીંકી દુકાનદારને લોહીલુહાણ કરી દીધો હતો. હુમલો કર્યા બાદ આરોપી દુકાનદારને જાનથી મારી નાખવાની ધમકી આપીને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો, જેના કારણે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ તેણે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી ફરાર આરોપીને ઝડપી લેવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે અને આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી છે.



# રાજુલાના મોટા આગરીયામાં મધરાત્રે ત્રણ સિંહો ઘૂસ્યા

» શિકારની શોધમાં શ્વાન અને આખલા પાછળ દોટ મૂકી

સિટી ન્યૂઝ@ધર્મેશ મહેતા-રાજુલા

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોટા આગરીયા ગામમાં મધરાતે સિંહો આવી જતા અફરાતફરી મચી ગઈ હતી. મધરાત્રિના સમયે અચાનક ત્રણ સિંહો શિકારની શોધમાં ગામના મુખ્ય રોડ અને શેરીઓ વિસ્તારમાં આવી ચડ્યા હતાં. સિંહોને ગામમાં જોઈ પશુઓમાં પણ નાસભાગ મચી ગઈ હતી. શિકારની શોધમાં મોટા આગરીયા ગામની શેરીઓમાં લટાર મારી રહેલા ત્રણેય સિંહોએ શ્વાન અને આખલાએ દોટ મૂકી હતી. જેના કારણે ગામની બજારમાં થોડો સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ત્રણ સિંહો ગામમાં ઘૂસીને શિકાર પાછળ દોડ્યા હોવાની આ સમગ્ર ઘટના ગામમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. આ સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પર પણ વાયરલ થયા હતાં. આ વિસ્તારમાં અવારનવાર સિંહો શિકારની શોધમાં રેવન્યુ વિસ્તાર છોડી રહેણાંક વિસ્તાર સુધી આવી ચડતા હોવાથી ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

# વેપન કાર્ટેલ ગેંગના વધુ 2 સાગરીત 3 પિસ્ટલ, 2 કાર્ટીસ સાથે ઝડપાયા

## કુલ 8 આરોપીની 21 હથિયાર, 32 જીવતા કાર્ટીસ સાથે પોલીસે કરી ધરપકડ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ પીસીબી દ્વારા વેપન કાર્ટેલ ગેંગનો પર્દાફાશ કરવામાં આવ્યો છે આ ગેંગ દ્વારા અનેક વિસ્તારોમાં હથિયારો સપ્લાય કર્યા હોય એક પછી એક હથિયારો સાથે હથિયારના સૌદાગરોને પકડવામાં આવી રહ્યા છે વેપન કાર્ટેલ ગેંગના ૫ શખ્સોને ૧૬ હથિયાર સાથે પકડ્યા બાદ વધુ ૩ સાગરીતોને ૫ હથિયાર અને ૪ જીવતા કાર્ટીસ સાથે ઝડપી લીધા છે. રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના માર્ગદર્શન હેઠળ પીઆઇ એમ આર ગોંડલીયાની રાહબરીઆં પીએસઆઇ આર કે જાડેજા



અને ટીમે બે દિવસ પૂર્વે બાતમી આધારે વેપન કાર્ટેલ ગેંગના મિર્ઝાપુર સૂત્રધાર શકીલ સહીત પાંચ શખ્સોને ગઈકાલે ૧૬ હથિયાર અને ૩૦ જીવતા કાર્ટીસ સાથે ઝડપી લીધા હતા પીસીબીની ટીમે એમપીના મિર્ઝાપુરના મુખ્ય સપ્લાયર શકીલ સાદિક મન્સૂરી, જસદણના જયસુખ ઉર્ફે જેસો વલ્લભભાઈ વાઘેલા, ચોટીલાના ગાવસ્કર ઉર્ફે દર્શન ચંદ્રમૌલિક ઉર્ફે અનિલભાઈ રોજાસરા, અનિલ વીરાભાઈ ખેતરીયા અને પ્રદીપ અનકભાઈ કરપડાની ધરપકડ કરી ૧૦ દેશી પિસ્તોલ, ૫ દેશી કટ્ટા, ૧ દેશી રિવોલ્વર, ૩૦ જીવતા કાર્ટીસ સાથે ઝડપી લીધા બાદ લોધીકા તાલુકાના વડ વાજડી ગામે રહેતા સંદીપસિંહ પ્રભાતસિંહ પરમારને બે દેશી બનાવટની પિસ્ટલ, કાર અને મોબાઈલ સાથે ઝડપી લીધો હતો આ પછી ચોટીલાના પ્રદીપ કરપડાએ જ ગંજીવાડાના આરીફ પઠાણને એક દેશી બનાવટની પિસ્ટલ અને મિર્ઝાપુરના શકીલે રણુજા મંદિર પાસે રહેતા જયપાલને બે હથિયાર આપ્યા હોવાની કબૂલાત આપતા પીસીબીની ટીમે ગંજીવાડા મેઈન રોડ પર રહેતા આરીફ ગફારભાઈ પઠાણને એક દેશી પિસ્ટલ સાથે અને રણુજા મંદિર પાસે વેલનાથપરામાં રહેતા જયપાલ રાજેશભાઈ ડેડાણિયાને ૨ પિસ્ટલ તથા બે જીવતા કાર્ટીસ સાથે ઝડપી લીધા હતા આરીફ સામે હત્યાની કોશિષ, મારામારી, રાયોટીંગ, એટ્રોસિટી, મનીલેન્ડ, ધમકી સહીતના ૧૦ જેટલા ગુનાઓ સાયબર ક્રાઇમ, ડીસીબી, થોરાળા, બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ ચુક્યા છે.

# વાંકાનેરમાં કેબલની ચોરી કરનાર યુનિયનના હોદેદાર સહિત 4 શખ્સો ઝડપાયા

## ઉચ્ચ અધિકારીઓ વાંકાનેર દોડી ગયા; ક્રેઈન અને ટ્રક જપ્ત કરી આરોપીઓના 2 દિ'ના રિમાન્ડ મંજૂર

સિટી ન્યૂઝ@વાંકાનેર

ગત ૧૧ જુલાઈની રાત્રિ દરમિયાન આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચી ક્રેઈન જેવા ભારે મશીનનો ઉપયોગ કરીને કેબલના ૩ વિશાળ ડ્રમ ઊંચકીને મિની ટ્રકમાં લોડ કરી ચોરીને અંજામ આપ્યો હતો. ચોરાયેલા માલમાં ૨૫ ચોરસ મીમી ક્ષમતાનો ૫૧૭ મીટર લાંબો એક કેબલ, ૩૫ ચોરસ મીમી ક્ષમતાના અનુક્રમે ૪૯૪ મીટર અને ૫૦૨ મીટર લાંબા બે કેબલ આમ કુલ ૧૫૦૮ મીટર લાંબો ઈલેક્ટ્રિકલ કેબલ ચોરાયો હતો. આ અંગે વાંકાનેરના સિનિયર સેક્શન એન્જિનિયર દ્વારા RPF માં લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી હતી.ચોરી કર્યા બાદ આરોપીઓએ આ સરકારી ચોરાઉ માલ વેચવા માટે ૪ અલગ-અલગ સ્થળે કોશિશ કરી હતી. પરંતુ રેલવેનો સિક્કો મારેલો માલ હોવાથી કોઈએ ખરીદ્યો ન હતો. અંતે પકડાઈ જવાના ડરે આરોપીઓ આ કેબલ શક્તિનગર પાસે જાહેરમાં છોડીને નાસી ગયા હતા, જેને પોલીસે કબજે કર્યો હતો. RPF ના PI ડામોર સહિતની ટીમે ટેકનિકલ અને હ્યુમન સોર્સિસની મદદથી તપાસ હાથ ધરીને આ ગુનામાં સંડોવાયેલા અશોકકુમાર રંગમ ભડિયાસી (મુખ્ય આરોપી - રેલવે કર્મચારી અને વેસ્ટર્ન રેલવે એમ્પ્લોઈઝ યુનિયનના બ્રાન્ચ સેક્રેટરી), કરણસિંહ જયવંતસિંહ જાડેજા, ઈસ્તિયાક અહેમદ ખાન (ટ્રક ડ્રાઈવર), રણછોડ રાયાભાઈ ટોટા (ક્રેઈન ડ્રાઈવર)ની ધરપકડ કરી છે. રેલવે કર્મચારી અને યુનિયનના હોદ્દેદારની સંડોવણી ખુલતા રેલવે આલમમાં ભારે ખળભળાટ મચ્યો છે.

# હળવદના દેવળીયા ગામે મોબાઈલ ચોરીની અદાવતમાં લોહિયાળ ખેલ ખેલાયો

સિટી ન્યૂઝ@વાંકાનેર

હળવદના જુના દેવળીયા ગામે રહેતા ૨૩ વર્ષીય મેહુલભાઈ દેવશીભાઈ વડેચાએ હળવદ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, મેહુલભાઈના ભાઈ રાહુલ સાથે થોડા સમય પહેલા મોબાઈલ ચોરવા બાબતે ફિરોજ અને વિરલ નામના શખ્સોને બોલાચાલી અને ઝઘડો થયો હતો. આ બાબતનો ખાર રાખીને આરોપીઓનું ટોળું પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે ફરિયાદીની વાડીએ આવ્યું હતું. ત્યાં ઘર પાસે જઈને આરોપીઓએ મેહુલભાઈ તથા સાહેદોને બેફામ ગાળો આપી ઢીકાપાટુનો માર મારવાનું શરૂ કર્યું હતું.છરી અને ધોકાના આડેધડ ઘા ઝીંક્યા, એકને મોઢા પર ફ્રેક્ચર જોતજોતામાં આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આરોપીઓએ પોતાની પાસે રહેલા ઘાતક હથિયારો વડે હુમલો આદર્યો હતો. આરોપી ફિરોજે લાકડાના ધોકા વડે ફરિયાદી મેહુલભાઈને માથાના ભાગે ફટકો મારીને લોહીલુહાણ કર્યા હતા. આરોપી યુવરાજસિંહે તીક્ષ્ણ છરી વડે સાહેદ વિપુલભાઈ પર હુમલો કરીને તેમના પડખાના ભાગે છરીનો ગંભીર ઘા મારી દીધો હતો. અન્ય આરોપીઓએ પાઇપ અને ધોકા ફટકારીને સાહેદ કમલેશભાઈને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી, જેના કારણે તેમને ફ્રેક્ચર જેવી ઈજા થઈ છે. હુમલો કર્યા બાદ ચારેય શખ્સો ઈજાગ્રસ્તોને જાનથી મારી નાખવાની ધમકી આપીને ત્યાંથી નાસી છૂટ્યા હતા.પોલીસે ચાર હુમલાખોરો ફિરોજભાઈ ઈસાભાઈ મિયાણા, વિરલભાઈ રતિલાલ મિસ્ત્રી, યુવરાજસિંહ ચકુભા દરબાર, એક અજાણ્યો શખ્સ સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## ચાર શખ્સોએ છરી, પાઈપ અને ધોકા વડે વાડીએ જઈને આચર્યો આતંકઃ હુમલાખોરો સામે ગુનો નોંધાયો


ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીયલ - 3
આપના વિકાસની
ઉજજવળ તક...
ઈન્વેસ્ટમેન્ટ
માટે વિચારો છો?
પ્લોટ ખરીદવા
કરતા ડબલ ફાયદો...
ઈન્ડસ્ટ્રીયલ શેડ ખરીદો =
રેન્ટની આવક + પ્રોપર્ટી નો ભાવ વધારો
૩૫ લાખથી શરૂ તૈયાર શેડ
મહિને બેઠી આવક
મેટોડા, કાલાવડ રોડ, GIDC પાસે,
પાઠક સ્કૂલની બાજુમાં, રાજકોટ.
Call Now
90819 08137
98242 29208


# વિરાંગની કહાની સાંભળી ગોપાલને આઘાત લાગ્યો, જીંદગી આવી રમત રમશે તેણે ક્યારેય વિચાર્યુ ન્હોતું

ગોપાલની મનોસ્થિતિ બહુ વિચિત્ર હતી. તેને જ્યારે કોર્ટે સજાનો હુકમ કર્યો, ત્યારે પણ તે આટલો ડિસ્ટર્બ નહોતો થયો. તેને સમજાતું નહોતું કે, કુદરત તેને કયા ગુનાની સજા આપી રહી છે! હવે નિશી તેની રહેવાની નથી, એ વાસ્તવિકતાનો તે હજી સ્વીકાર કરી શકતો નહોતો. નીતિનકાકા અને સલીમ સાથે ગોપાલે વાત તો કરી; પણ હજી તેનાં મનનો ઉચાટ યથાવત્ હતો.

તે દિવસે સવારે તો ગોપાલ જમ્યો જ નહીં. સાંજે વિરાંગ પાછો આવ્યો ત્યારે તેણે જોયું કે, ગોપાલનો વ્યવહાર રોજ જેવો નથી. ગોપાલનો ચહેરો હૃદયની પીડા છુપાવી શકતો નહોતો. વિરાંગ કંઈ બોલ્યો નહીં. કામ પરથી આવ્યો હતો એટલે ન્હાઈ ધોઈને તૈયાર થઈ, પોતાની થાળી લઈ તે ગોપાલ પાસે આવ્યો. તેણે જોયું તો ગોપાલની થાળી ઢાંકેલી હતી તે હજી જમ્યો નહોતો. વિરાંગ કંઈ બોલ્યો નહીં. થાળી લઈને ગોપાલ પાસે બેઠો અને ગોપાલ સામે જોયું. ગોપાલે જોયું કે, વિરાંગ આવ્યો છે, પણ તેની સાથે કંઈ વાત કરી નહીં. વિરાંગ ઊભો થયો. તેણે ગોપાલની થાળી લીધી અને ગોપાલ સામે મૂકી. ઉપર ઢાંકેલી ડિશ ખોલી અને કહ્યું, "ચાલ જમી લઈએ."ગોપાલ કંઈ જ બોલ્યો નહીં. વિરાંગે જમવાનું શરૂ કર્યું. વિરાંગ જમી રહ્યો હતો અને ગોપાલ તેની સામે મુંગો બનીને બેસી રહ્યો હતો. વિરાંગનું અડધું જમવાનું પૂરું થયું. તેણે ગોપાલની થાળીમાંથી રોટલીનો ટુકડો તોડ્યો અને તેમાં થોડુંક શાક લઈને કોળિયો તૈયાર કર્યો. તે કોળિયો ગોપાલનો હાથ પકડીને તેના હાથમાં આપ્યો. ગોપાલને લાગ્યું અરે, આ માણસની દાદાગીરી છે કંઈ! ગોપાલ કંઈ બોલ્યો નહીં. વિરાંગે ઈશારાથી જ કહ્યું, "ચાલ, જમી લે."ગોપાલે કોળિયો મોઢામાં મૂક્યો. એ બહુ જ ધીમેથી જમી રહ્યો હતો. ખરેખર તો તેને જમવું જ નહોતું, પણ તે વિરાંગને કંઈ કહી શક્યો નહીં. વિરાંગનું જમવાનું પૂરું થયું ત્યાં સુધી ગોપાલના ચારપાંચ કોળિયા જ થયા હતા. વિરાંગ ઊભો થયો અને પોતાની થાળી ધોઈ નાખી. પાણી પીને એ પાછો આવ્યો. ગોપાલ હાથમાં કોળિયો પકડીને એમ જ બેઠો હતો. વિરાંગે તેના હાથે સ્પર્શ કરતાં પૂછ્યું, "નથી જમવું તારે?"ગોપાલે થાળીમાં કોળિયો પાછો મૂકતાં માથું હલાવીને ના પાડી. વિરાંગ ઊભો થયો. તેની થાળી લીધી અને વધેલું બેરેકનાં ડસ્ટબિનમાં નાખી દીધું. થાળી ધોઈને ગોપાલને કહ્યું, "ચાલ, હાથ ધોઈ લે."ગોપાલ ઊભો થયો અને હાથ ધોઈને પાછો આવ્યો. વિરાંગે પૂછ્યું, "કોણ મરી ગયું?"ગોપાલે વિરાંગ સામે જોયું. તેનું આ રીતે પૂછવું ગોપાલને ગમ્યું નહીં. વિરાંગે ફરી પૂછ્યું, "કોઈ મરી ગયું છે?"ગોપાલે માથું હલાવીને ના પાડી. વિરાંગ થોડીવાર બેસી રહ્યો. તેણે ગોપાલના પગ પર હાથ મૂકતા ધીમેથી કહ્યું, "શું થયું? મને કહે."




ગોપાલ માત્ર જોઈ જ રહ્યો. કદાચ હવે તેની આંખમાં આંસુ પણ રહ્યા નથી. તેવું તેને લાગ્યું. બંને વચ્ચે એકદમ શાંતિ હતી. આસપાસ કેદીઓ વાતો કરી રહ્યા હતા; પણ તે અવાજ તેમને ડિસ્ટર્બ કરી શકતો નહોતો. ગોપાલે ધીમે ધીમે નિશીની વાત કહેવાની શરૂઆત કરી. વિરાંગ તેને સાંભળી રહ્યો હતો. તેણે વચ્ચે એક પણ પ્રશ્ન પૂછ્યો નહીં. વિરાંગ ગોપાલની આંખોમાં તેની પીડા અને તકલીફને જોઈ રહ્યો હતો. ગોપાલે પોતાની વાત પૂરી કરી. ફરી પાછી શાંતિ છવાઈ ગઈ. દસપંદર મિનિટ તો બંને જણા એકબીજા સાથે વાત કર્યા વગર બેસી રહ્યા. પછી ધીમા અવાજે વિરાંગે કહ્યું, "એનું નામ સ્વાતિ હતું."ગોપાલે એની સામે જોયું. ગોપાલને સમજાયું નહીં કે, વિરાંગ કોની વાત કરે છે. વિરાંગે ફોડ પાડતાં કહ્યું, "સ્વાતિ મારી ગર્લફ્રેન્ડ. અમે ત્રણ વર્ષથી એકબીજાનાં પ્રેમમાં હતાં. મને સ્વાતિએ વાત કરી હતી કે, તે સ્કૂલમાં ભણતી ત્યારથી તેને તેની સાથે ભણતાં એક છોકરા સાથે મિત્રતા હતી. મને સ્વાતિના ભૂતકાળ સાથે કોઈ વાંધો નહોતો. કારણ, હું તો એને વર્તમાનમાં પ્રેમ કરી રહ્યો હતો."ગોપાલ ધ્યાનથી વિરાંગને સાંભળી રહ્યો હતો. કારણ કે વિરાંગ પહેલી વખત પોતાની વાત કરી રહ્યો હતો. વિરાંગે કહ્યું, "અમે એકબીજાને ખૂબ પ્રેમ કરતાં હતાં. એક દિવસ મને સ્વાતિએ કહ્યું કે, તેનો જૂનો દોસ્ત તેને પરેશાન કરે છે. મેં પેલા છોકરા સાથે બેત્રણ વખત વાત કરીને તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો; પણ તે મને ઉડાઉ જવાબ આપતો હતો. સ્વાતિને તેણે પરેશાન કરવાનું ચાલું જ રાખ્યું. તે દિવસે મેં એને બજારમાં મળવા બોલાવ્યો. ત્યારે પણ મેં તેને ખૂબ સમજાવ્યો. તેણે મને કહ્યું કે, સ્વાતિ મારી છે અને મારી જ રહેશે. તારા તારાથી થાય એ કરી લેજે. આ વાક્ય સાંભળીને મારું માથું ફાટ્યું. સ્વાતિ તો મારી જ હતી. મને લાગ્યું તે મારી સ્વાતિને મારી પાસેથી છીનવી લેવા માગે છે. ખબર નહીં મને શું થયું? બાજુની શાકની લારી ઉપર પડેલું ચપ્પું ઉપાડીને એક પછી એક, એમ ત્રણ ઘા તેનાં પેટમાં મારી દીધા. એનો


પ્રશાંત દયાળ

ખેલ ત્યાં જ પૂરો થઈ ગયો."આ વાત કરતી વખતે વિરાંગની આંખો લાલ થઈ ગઈ. જાણે એની આંખોમાં લોહી દોડી આવ્યું હોય! વિરાંગ અને ગોપાલ બંને થોડીવાર ચૂપ રહ્યા. થોડીવાર પછી વિરાંગે કહ્યું, "મારી સ્વાતિને મારી પાસેથી કોઈ છીનવી ન શકે એટલે મેં આ કર્યું. મને કોર્ટે આજીવન સજા કરી છે. પહેલા સ્વાતિ મને મળવા જેલ પર આવતી હતી. એક વર્ષ પછી અચાનક સ્વાતિએ મુલાકાતમાં આવવાનું બંધ કર્યું. મને કંઈ જ ખબર પડી નહીં. તેનો ફોન પણ સતત બંધ આવતો હતો. ત્રણ મહિના પછી મને ખબર પડી કે, સ્વાતિએ મુંબઈના કોઈ ઝવેરીના માલેતુજાર છોકરા સાથે લગ્ન કરી લીધાં છે. પહેલા તો હું આ સમાચાર માનવા જ તૈયાર નહોતો. પણ કમનસીબે આ સમાચાર સાચા હતા.મારું માથું ફોડી નાખવાના મનેવિચારો આવતા. પછી મને થયું કે, હું મારું માથું શું કામ ફોડું? સ્વાર્થી અને દગાખોર સ્વાતિનો ખેલ જ પુરો ન કરું? મારી અંદર બદલો લેવાની ભાવના તીવ્ર થતી ગઈ. મેં સ્વાતિને મારી નાખવાનો નિર્ણય કર્યો. જેના માટે મેં ખૂન કર્યું, જેના માટે આજીવન સજા ભોગવું છું, એણે જ મારી સાથે દગો કર્યો! એવું મને સતત લાગતું હતું; પણ ત્યારે રાજ્યમાં ચૂંટણી આવી હોવાને કારણે મને રજા મળી નહીં. મને રજા મળતાં એક વર્ષ થઈ ગયું. મેં બહાર નીકળીને સ્વાતિનું મુંબઈનું એડ્રેસ શોધી કાઢ્યું. હું મુંબઈ પહોચ્યો. મેં એક મોટો છરો લીધો અને ચારપાંચ દિવસ રાહ જોઈ. એક દિવસ મેં સ્વાતિને તેના વર સાથે કારમાંથી ઉતરતાં જોઈ. મેં મારાં પેન્ટમાં છરો છુપાવી રાખેલો હતો. તે લઈને હું રોડ ક્રોસ કરીને તેની તરફ જઈ રહ્યો હતો. ત્યારે મારું ધ્યાન સ્વાતિનાં પેટ તરફ ગયું. હું અચાનક રસ્તા વચ્ચે થંભી ગયો.એક કારની તો મને ટક્કર વાગી જ જતી. મને ગાળ આપીને પેલો કાર વાળો જતો રહ્યો. હું સ્વાતિ અને તેના વરને જોઈ રહ્યો. સ્વાતિ ખૂબ ખુશ હતી. તેનો વર તેનો હાથ પકડીને ચાલી રહ્યો હતો."વિરાંગે ગોપાલની આંખમાં જોઈને એક ઊંડો શ્વાસ લઈને ઉમેર્યું, "તે દિવસે બે અનર્થ થવાના હતા. મારી નજર સ્વાતિનાં પેટ તરફ ગઈ ત્યારે ખબર પડી કે, તે પ્રેગનેન્ટ છે. કદાચ સાતમો કે આઠમો મહિનો ચાલતો હશે. સ્વાતિનાં પેટમાં બચ્ચું હતું. બચ્ચું ભલે મારું નહોતું, પણ સ્વાતિનું તો હતું જ. હું કેવી રીતે સ્વાતિનાં બચ્ચાને મારી શકું? હું ત્યાંથી પાછો ફર્યો. હું સ્વાતિને મારી શક્યો નહીં. સ્વાતિએ મારી સાથે આવું કેમ કર્યું? તેની મને આજે પણ ખબર નથી. હવે મારી જાણવાની ઈચ્છા પણ નથી. ક્યારેક મને સ્વાતિની યાદ આવી જાય છે. આજે તેનાં ઘરે તેનું બાળક રમતું પણ હશે. મને એવો પણ વિચાર આવે છે કે, સ્વાતિ મને યાદ કરતી હશે કે નહીં? પણ હવે તેવો વિચાર કરવાનો પણ કોઈ અર્થ નથી."આ સાંભળી ગોપાલને આઘાત લાગ્યો. તે વિચાર કરવા લાગ્યો, કુદરત પણ માણસ સાથે કેવા કેવા ખેલ કરે છે! જિંદગી આવી પણ રમત રમી શકે! કદાચ તેણે આવું પહેલાં ક્યારેય વિચાર્યું નહોતું. (ક્રમશ)




તસ્વીર : અક્ષય ગોંડલીયા

### રાજકોટમાં જગન્નાથ રથયાત્રા 26 કિમીનો માર્ગ, ખાસ આકર્ષક રાસ-અઘોરી મંડળી

# કાલે ભગવાન નગરમાં પધારશે !

### ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રા સાથે નગરચર્ચાએ નિકળશે




## 1800 જવાનોનો બંદોબસ્ત ભક્તોમાં ઉત્સાહ છવાયો






**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં છેલ્લા ૧૯ વર્ષથી અષાઢી બીજે ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાની પરંપરા છે. આવતીકાલે ૧૬ જુલાઈએ નાના મવા સ્થિત જગન્નાથ મંદિરેથી આ ઐતિહાસિક રથયાત્રાનો મંગલ પ્રારંભ થશે. સવારે ૮ વાગ્યે રાજવી શ્રી માંધાતાસિંહ જાડેજાના હસ્તે શાસ્ત્રોક્ત પહિંદ વિધિ કરી રથયાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવશે.

આ વર્ષે રથયાત્રામાં વૃંદાવનની રાસમંડળી, ઉજ્જૈનની અઘોરી મંડળી અને વિરાટ મહાકાળી માતાજીનો ફ્લોટ મુખ્ય આકર્ષણ રહેશે. રથયાત્રા સવારે ૮ વાગ્યે નીકળી ૨૬ કિ.મી. ના લાંબા રૂટ પર ભ્રમણ કરી સાંજે ૭ વાગ્યે નિજ મંદિરે પરત ફરશે. શ્રદ્ધાળુઓ માટે ૨૫૦ કિલો મગ અને ૧૫૦ કિલો ચણાના પ્રસાદનું વિતરણ થશે. યાત્રામાં સૌથી આગળ ડીજે, ત્યારબાદ રાસમંડળીઓ, મુખ્ય ત્રણ રથ (જગન્નાથજી, બલભદ્રજી, સુભદ્રાજી), પ્રસાદનો રથ અને સુશોભિત ફ્લોટ્સ જોડાશે.

સવારે ૮:૩૦ વાગ્યાથી રથયાત્રા મોકાજી સર્કલ, કાલાવડ રોડ, પુષ્કરધામ રોડ, યુનિવર્સિટી રોડ, સાધુવાસવાણી રોડ, રૈયા રોડ, ત્રિકોણ બાગ, પેલેસ રોડ, સોરઠીયાવાડી સર્કલ અને મવડી રોડ થઈ નાનામૌવા ચોકડીથી નિજ મંદિરે પરત ફરશે. બપોરે ૧:૦૦ વાગ્યે માંધાતાસિંહના પેલેસ ખાતે રથયાત્રાનો વિરામ અને પ્રસાદ વિતરણ કરાશે.

રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાના માર્ગદર્શનમાં ૧૮૦૦ થી વધુ જવાનો તૈનાત રહેશે. DCP જગદીશ બાંગરવાએ જણાવ્યું કે, આ બંદોબસ્તમાં ૪ DCP, ૬ ACP, ૨૩ PI અને ૯૧ PSI સહિત ૯૦૦ પોલીસ કર્મચારીઓ, હોમગાર્ડ, SRP અને TRB ના જવાનો જોડાશે. કોમી એકતા જાળવવા શાંતિ સમિતિની બેઠકો અને સંવેદનશીલ વિસ્તારોમાં કોમ્બિંગ પૂર્ણ કરાયું છે.

અફવાઓ રોકવા SOG, ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર ક્રાઈમની ટીમ એક્શન મોડમાં છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ પર સતત નજર રખાઈ રહી છે. કોમી વૈમનસ્ય ફેલાવતી પોસ્ટ કે વીડિયો શેર કરનાર સામે તુરંત કડક કાયદેસરની કાર્યવાહી કરાશે તેવી ચેતવણી અપાઈ છે.

## ત્રણેય રથ અને મગના પ્રસાદનું આધ્યાત્મિક મહત્વ

જગન્નાથ મંદિરના મહંત ૧૦૦૮ મહામંડલેશ્વર ત્યાગી મનમોહનદાસજી ગુરુ રામકિશોરદાસજીએ રથયાત્રાનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, "ભગવાન જગન્નાથજીનો રથ 'નંદીઘોષ' સમાનતાનો સંદેશ આપે છે. ભાઈ બલભદ્રજીનો રથ 'તાલધ્વજ' જીવનમાં હિંમત અને ધર્મના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે, જ્યારે બહેન સુભદ્રાજીનો રથ 'દર્પદલન' અહંકારના નાશ અને વિનમ્રતાનું પ્રતીક છે." રથ ખેંચવાના મહત્વ અંગે તેમણે જણાવ્યું કે, શાસ્ત્રોમાં માનવ શરીરને રથ સાથે સરખાવવામાં આવ્યું છે. રથનું દોરડું પકડવું એટલે ભગવાનના ચરણ પકડવા. આનાથી પાપોનો નાશ થાય છે અને જીવન ભગવાનના માર્ગદર્શન હેઠળ ચાલે છે. રથયાત્રા દરમિયાન ૫૦૦ કિલો ફણગાવેલા મગનો પ્રસાદ અપાશે, જે સાદગી, પવિત્રતા અને સમાનતાનું પ્રતીક છે. તે દર્શાવે છે કે ભગવાનને વૈભવ કરતા નિષ્ઠા અને પ્રેમ વધુ પ્રિય છે.

# ઈસ્કોન મંદિર રાજકોટ દ્વારા 24મી ભગવાન જગન્નાથજીની રથયાત્રાની તૈયારીઓ પૂર્ણ

## આવતીકાલ સાંજે 5 વાગ્યે કોટેચા ચોકથી પ્રસ્થાન; એક લાખ પ્રસાદ પેકેટોનું વિતરણ, ભંડારા પ્રસાદનું આયોજન



તસ્વીર : અક્ષય ગોંડલીયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

અષાઢી બીજના પાવન અવસરે ઈસ્કોન મંદિર રાજકોટ દ્વારા આવતીકાલના રોજ ભગવાન શ્રી જગન્નાથ, બળદેવ અને સુભદ્રાજીની ૨૪મી ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૦૩થી સતત યોજાતી આ રથયાત્રા આ વર્ષે પણ ભક્તિ, સંકીર્તન અને આધ્યાત્મિક ઉત્સાહ વચ્ચે શહેરના મુખ્ય માર્ગો પર નીકળશે. ઈસ્કોન મંદિરના પ્રમુખ વૈષ્ણવસેવા દાસે જણાવ્યું હતું કે ભગવાન જગન્નાથ, બળદેવ અને સુભદ્રાજીનો વિશેષ શણગાર વૃંદાવનધામથી મંગાવવામાં આવેલા દિવ્ય વસ્ત્રો અને અલંકારોથી કરવામાં આવશે. ઉપરાંત ભવ્ય રથને રંગબેરંગી અને સુગંધિત ફૂલોથી શણગારવામાં આવશે, જે રથયાત્રાનું મુખ્ય આકર્ષણ બનશે. રથયાત્રા સાંજે ૫:૦૦ વાગ્યે રામકૃપા ડેરી, કોટેચા ચોક ખાતેથી પ્રસ્થાન કરશે. ત્યારબાદ ઈન્દિરા સર્કલ, પંચાયત ચોક, આકાશવાણી ચોક, જે.કે. ચોક, એ.જી. ચોક, જડુસ સર્કલ, રંગોલી પાર્ક અને ગુજરાત હાઉસિંગ બોર્ડ વિસ્તાર થઈ ઈસ્કોન મંદિર પહોંચશે. સમગ્ર રથયાત્રા દરમિયાન હરે કૃષ્ણ મહામંત્રના સંકીર્તન, મૃદંગ-કરતાલ સાથે ભજન-કીર્તન અને "જય જગન્નાથ"ના ગુંજતા જયઘોષ વચ્ચે ભક્તો ભક્તિરસમાં ઝૂમી ઊઠશે. માર્ગના વિવિધ મુખ્ય ચોકો પર ભગવાનની વિશેષ આરતી અને પૂજાવિધિનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી નાગરિકો પોતાના વિસ્તાર નજીક ભગવાનના દર્શન અને આરતીનો લાભ લઈ શકશે. રાત્રે આશરે ૭:૦૦ વાગ્યે ઈસ્કોન મંદિર ખાતે ભંડારા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત શહેરના ભક્તજનો સુધી પ્રસાદ પહોંચે તે માટે આશરે ૫,૦૦૦ કિલો બુંદીમાંથી એક લાખ જેટલા પ્રસાદ પેકેટો તૈયાર કરવામાં આવી રહ્યા છે, જેનું રથયાત્રા દરમિયાન વિતરણ કરવામાં આવશે.

ઈસ્કોન મંદિર દ્વારા શહેરના તમામ ધર્મપ્રેમી નાગરિકોને પરિવાર સાથે રથયાત્રામાં જોડાઈ ભગવાન જગન્નાથ, બળદેવ અને સુભદ્રાજીના દર્શન, આરતી અને પ્રસાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



# કેન્દ્રીય મંત્રી CR પાટીલના હસ્તે બુઢણા ગામે 'મંજુલા સરોવર'નું લોકાર્પણ થશે

## સુરતના ઉદ્યોગપતિ અનુભાઈ તેજાણીના સહયોગથી સાકાર થયો પ્રોજેક્ટ

**સિટી ન્યૂઝ@ભાવનગર**

જળસંચય માટે ૧,૧૧,૧૧૧ જળ સ્ટ્રક્ચરોના નિર્માણનો સંકલ્પ ધરાવતી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના બુઢણા ગામે તા. ૧૭ જુલાઈ, ૨૦૨૬ (શુક્રવાર)ના રોજ નવનિર્મિત 'મંજુલા સરોવર'ના લોકાર્પણનો ભવ્ય સમારોહ યોજાશે. ડી.બી. તેજાણી ઉત્તર બુનિયાદી વિદ્યાલય ખાતે યોજાનારા કાર્યક્રમમાં ભારત સરકારના કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે સરોવરનું લોકાર્પણ અને જળ વધામણાં મહોત્સવ યોજાશે. આ જળસંચય પ્રકલ્પ સુરતના અગ્રણી ઉદ્યોગપતિ અને વતનપ્રેમી અનુભાઈ તેજાણીના સહયોગથી સાકાર થયો છે. તેમણે વતનની માટીનું ઋણ અદા કરવાના હેતુથી બુઢણા તથા આસપાસના વિસ્તારમાં જળસંચયની સાથે હરિયાળી વધારવા માટે હજારો વૃક્ષોનું વાવેતર પણ હાથ ધર્યું છે. આ પ્રસંગે સિહોર વન વિભાગની 'વનકવચ' અને વૃક્ષારોપણ યોજનાનું ભૂમિપૂજન કેન્દ્રીય મંત્રી નીમુબેન બાંભણીયા તથા રાજ્યના મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવશે. ઉપરાંત જળસંચય માટે દિવસ-રાત મહેનત કરનારા સ્થાનિક કર્મયોગીઓનું વિશેષ સન્માન પણ કરવામાં આવશે.કાર્યક્રમમાં રાજ્યના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુક, પ્રદેશ ભાજપના અગ્રણીઓ ભરતભાઈ બોધરા અને મહેન્દ્રસિંહ સરવૈયા, ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા, ઉદ્યોગપતિ લવજીભાઈ બાદશાહ, જિલ્લા ભાજપ પ્રમુખ દિવ્યરાજસિંહ ગોહિલ, જિલ્લા પંચાયત પ્રમુખ અશોકભાઈ લાધવા, તાલુકા પંચાયત પ્રમુખ વિમળાબેન ચૌહાણ, ઉદ્યોગપતિ જસમતભાઈ વીડીયા સહિતના મહાનુભાવો તેમજ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.ગીરગંગા પરિવાર ટ્રસ્ટ અને બુઢણા ગામ પરિવાર દ્વારા જળસંચય અને પર્યાવરણ સંરક્ષણને સમર્પિત આ જલ મહોત્સવમાં સહભાગી થવા સૌને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. વધુ માહિતી માટે 93277 65672 પર સંપર્ક કરવા જણાવાયું છે.

# યુવા કલાકાર જેનિસે મુખ્યમંત્રી સહિત નેતાઓ સાથે શુભેચ્છા મુલાકાત

## ગાંધીનગરમાં મંત્રીઓ અને ધારાસભ્યો સાથે મુલાકાત કરી કલા ક્ષેત્રની પ્રવૃત્તિઓ અંગે ચર્ચા, મુખ્યમંત્રીને જન્મદિવસની પાઠવી શુભકામનાઓ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના ઉભરતા યુવા કલાકાર જેનિસ બુદ્ધદેવે ગત ૧૪ જુલાઈએ ગાંધીનગર ખાતે રાજ્યના અગ્રણી રાજકીય નેતાઓ સાથે સૌજન્ય અને શુભેચ્છા મુલાકાત કરી હતી. મુલાકાત દરમિયાન તેમણે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત કેબિનેટ મંત્રીઓ અને ધારાસભ્યો સાથે રૂબરૂ સંવાદ સાધ્યો હતો.

જેનિસ બુદ્ધદેવે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે સૌજન્ય મુલાકાત દરમિયાન ૧૫ જુલાઈએ ઉજવાતા તેમના જન્મદિવસ નિમિત્તે અગાઉથી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે બંને વચ્ચે આત્મીય વાતચીત પણ થઈ હતી.

આ ઉપરાંત કેબિનેટ મંત્રી ઋષિકેશભાઈ પટેલ સાથે મુલાકાત કરી માર્ગદર્શન મેળવ્યું હતું. રાજકોટ દક્ષિણના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તેમજ દ્વારકાના વરિષ્ઠ ધારાસભ્ય પબુભા માણેક સાથે પણ શુભેચ્છા મુલાકાત યોજી કલા ક્ષેત્રની પ્રવૃત્તિઓ અંગે ચર્ચા કરી હતી.મુલાકાત દરમિયાન તમામ મહાનુભાવોએ રાજકોટના યુવા કલાકાર જેનિસ બુદ્ધદેવની પ્રતિભાને બિરદાવી તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ અને પ્રોત્સાહન પાઠવ્યું હતું.



# જમીન નોંધણી બાબતે સરકાર મૌન કેમ? પ્રજાને સ્પષ્ટ જવાબ આપો : મયુર શાહ

» 'સરકારી વિભાગો એકબીજા પર જવાબદારી ઢોળી રહ્યા છે, નાગરિકો માત્ર ધક્કા ખાય છે' – મયુર શાહ

» રાજ્યભરમાં એકસરખી અને ઓનલાઈન પારદર્શક માર્ગદર્શિકા જાહેર નહીં થાય તો ઉગ્ર જનઆંદોલનની ચીમકી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં પ્લોટ અને જમીનની નોંધણીના પ્રશ્ને સામાન્ય નાગરિકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. સરકારી વિભાગોની અસ્પષ્ટતા અને એકબીજા પર જવાબદારી ઢોળવાની વૃત્તિ સામે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના મંત્રી મયુર શાહે આકરા પ્રહારો કર્યા છે. તેમણે જમીન નોંધણી અને દસ્તાવેજમાં 'ખરી નકલ' અંગે પારદર્શક માર્ગદર્શિકા જાહેર કરવા રાજ્ય સરકાર પાસે ઉગ્ર માંગ કરી છે.

મયુર શાહે અખબારી યાદીમાં સવાલ ઉઠાવ્યો છે કે, સૌથી મોટો પ્રશ્ન એ છે કે જમીનની નોંધણી અને રેકોર્ડમાં ફેરફાર કરવાની સત્તા ખરેખર કોની પાસે છે? તલાટી પાસે કે સિટી સર્વે કચેરી પાસે? સરકાર આજે સુધી આ મુદ્દે સ્પષ્ટતા કરવામાં સદંતર નિષ્ફળ ગઈ છે. એક કચેરી અરજદારને બીજી કચેરીમાં મોકલે છે. આ ગૂંચવણ અને ધક્કાધક્કીના કારણે સામાન્ય માણસને સમય, પૈસા અને માનસિક ત્રાસ સિવાય કંઈ જ મળતું નથી.સાથોસાથ તેમણે દસ્તાવેજ (રજિસ્ટર્ડ સેલ ડીડ) પ્રક્રિયામાં થતી



» દસ્તાવેજમાં 'ખરી નકલ' ક્યારે ફરજિયાત? અલગ–અલગ કચેરીઓના અલગ નિયમોથી ઉઘાડી લૂંટ

હેરાનગતિનો મુદ્દો ઉઠાવ્યો છે. દસ્તાવેજ કરતી વખતે "ખરી નકલ" (Certified Copy) કયા સંજોગોમાં ફરજિયાત છે અને ક્યારે નથી, તેની પણ રાજ્ય સરકારે કોઈ સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરી નથી. હાલમાં અલગ-અલગ કચેરીઓમાં જુદી-જુદી માંગણીઓ થતી હોવાથી પ્રજાને વધારાના ખર્ચ, વિલંબ અને બિનજરૂરી દોડધામનો સામનો કરવો પડે છે. એક જ રાજ્યમાં અલગ-અલગ નિયમો પ્રમાણે કામ થવું તે વ્યવસ્થાની ખામી દર્શાવે છે.

કોંગ્રેસ આગેવાને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, જો રાજ્ય સરકાર પાસે સ્પષ્ટ નિયમો છે તો તે જાહેર કેમ કરવામાં આવતા નથી? અને જો નિયમો જ સ્પષ્ટ નથી, તો વર્ષોથી પ્રજાને મૂંઝવણમાં કેમ રાખવામાં આવી રહી છે? સરકારનો આ ગૂંચવણભર્યો અભિગમ માત્ર બેદરકારી જ નહીં, પરંતુ નાગરિકોના અધિકારો સાથેનો મોટો અન્યાય છે.

સરકારે તાત્કાલિક જાહેર કરવું જોઈએ કે કયા પ્રકારની જમીનના કેસમાં કોની સત્તા છે અને ખરી નકલ ક્યારે ફરજિયાત છે. રાજ્યભરમાં એકસરખી, પારદર્શક અને ઓનલાઈન ઉપલબ્ધ માર્ગદર્શિકા બહાર પાડીને અધિકારીઓની મનમાની પર રોક લગાવવી જોઈએ. જો સરકાર આ મુદ્દે તાત્કાલિક સ્પષ્ટતા નહીં કરે, તો સામાન્ય નાગરિકોના હિતમાં વ્યાપક જનઆંદોલન ઊભું કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.



# મહિલા એડવોકેટ રાજવીબેન દોંગાનો આજે જન્મ દિવસ

સિટી ન્યૂઝ@રાજકોટ

કાલાવડ તાલુકાના ઉમરાળા ગામનું ગૌરવ ધરાવતા એડવોકેટ રાજવી એસ. દોંગાનો આજે જન્મ દિવસ છે. તેઓ એડવોકેટ તરીકે નાના માં નાના માણસોને ન્યાય અપાવનાર તેમની વાત સાંભળનાર અને ખોડલધામ-લીગલ સેલમાં પોતાની આગવી સૂઝથી સેવા આપે છે.તેમજ સરળ સ્વભાવ અને હમેંશા હસ્તો ચહરો અને નિખાલસ પણે સમાજ સેવામાં અતૂટ પ્રેમ ધરાવતા તેમજ રાજકોટ શહેરમાં વકીલાત ના વ્યવસાયમાં સારી છાપ ધરાવતા એડવોકેટ રાજવી એસ. દોંગાના આજે જન્મ દિવસ નિમિતે સગા-સ્નેહીઓ વકીલો તેઓને મો. 90234 34364 પર જન્મ દિવસની શુભ કામના પાઠવી રહ્યા છે.

### લડાયક વિદ્યાર્થી નેતા રોહિતસિંહ રાજપૂતની રજૂઆતના પડઘા

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ પરીક્ષા નિયામક મનીષ શાહનું અચાનક રાજીનામું

## વિદ્યાર્થી નેતા રોહિત રાજપૂતે પરીક્ષા, પરિણામ અને વહીવટી અવ્યવસ્થા મુદ્દે શિક્ષણમંત્રીને કરી હતી ઉગ્ર રજૂઆત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કોઈક કોઈ મુદ્દે સતત વિવાદોમાં ઘેરાયેલી રહેતી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઇન્ચાર્જ પરીક્ષા નિયામક મનીષ શાહનું અચાનક રાજીનામું આવી દેતા શિક્ષણજગતમાં ભારે ચર્ચા જાગી છે. છેલ્લા કેટલાક સમયથી પરીક્ષા વ્યવસ્થા, પરિણામોમાં વિલંબ અને વહીવટી ગેરવ્યવસ્થાને લઈને ઉઠેલા પ્રશ્નો વચ્ચે આ ઘટનાક્રમને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

તાજેતરમાં કોંગ્રેસના વિદ્યાર્થી નેતા રોહિતસિંહ રાજપૂતે શિક્ષણમંત્રી સમક્ષ પરીક્ષા, પરિણામ અને વહીવટી અવ્યવસ્થા અંગે વિગતવાર રજૂઆત કરી હતી. જેમાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓના અનેક મુદ્દાઓ દસ્તાવેજી પુરાવા સાથે રજૂ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

રોહિતસિંહ રાજપૂતે રજૂઆતમાં જવાબવહીઓનું યોગ્ય અને ગુણવત્તાસભર મૂલ્યાંકન ન થવું, વર્ષોથી રી-એસેસમેન્ટ પ્રક્રિયામાં સુધારો ન થવો, પરિણામોમાં ગેરહાજર દર્શાવવાના કિસ્સાઓ, પરીક્ષા અને પરિણામોમાં થતા અસહ્ય વિલંબ સહિત અનેક મુદ્દાઓ ઉઠાવ્યા હતા.

આ ઉપરાંત તેમણે એક ચોંકાવનારો ખુલાસો પણ





કર્યો હતો કે રેગ્યુલર કોર્ષના વિદ્યાર્થીઓ હાલમાં સેમેસ્ટર-૩માં પહોંચી ગયા છે, જ્યારે બી.એ. અને એમ.એ. એક્સ્ટર્નલ કોર્ષના અંદાજે ૩,૦૦૦ વિદ્યાર્થીઓની સેમેસ્ટર-૧ની પરીક્ષાઓ જ એક વર્ષ વીતી જવા છતાં લેવામાં આવી નથી. જેના કારણે હજારો વિદ્યાર્થીઓનું શૈક્ષણિક ભવિષ્ય અનિશ્ચિત બન્યું હોવાનું રજૂઆતમાં જણાવાયું હતું.

સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસના વિદ્યાર્થી નેતા રોહિતસિંહ રાજપૂતે શિક્ષણમંત્રીને કરેલી રજૂઆત દરેક મુદ્દે કોંક્રિટ માહિતી અને દસ્તાવેજી આધાર સાથે કરવામાં આવી હતી, જેને શિક્ષણ વિભાગે ગંભીરતાથી નોંધમાં લીધી હતી. પ્રાપ્ત વિગતો મુજબ, વિદ્યાર્થીનેતાએ શિક્ષણમંત્રીને ટેલિફોનિક રજૂઆતને તાકીદે ધ્યાને લઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષા અને વહીવટી વ્યવસ્થા અંગે જવાબદાર અધિકારીઓ પાસેથી સ્પષ્ટતા માંગતાં યુનિવર્સિટીમાં દોડધામ મચી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ આ સમગ્ર ઘટનાક્રમ બાદ કુલપતિએ ઇન્ચાર્જ પરીક્ષા નિયામક મનીષ શાહ પાસેથી રાજીનામું લઈ લીધું હોવાનું જાણવા મળે છે. જોકે, મનીષ શાહે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે તેમણે સ્વૈચ્છિક રીતે જવાબદારીમાંથી મુક્તિ માંગતા રાજીનામું આપ્યું છે. રોહિતસિંહ રાજપૂતે શિક્ષણમંત્રી સમક્ષ માંગ કરી હતી કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષા, પરિણામ અને મૂલ્યાંકન વ્યવસ્થાની ઉચ્ચસ્તરીય તપાસ કરવામાં આવે, સમગ્ર શૈક્ષણિક કેલેન્ડરનો કડક અમલ કરાવવામાં આવે તેમજ વહીવટી બેદરકારી માટે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે, જેથી ભવિષ્યમાં વિદ્યાર્થીઓને આવી પરિસ્થિતિનો સામનો ન કરવો પડે. આ સમગ્ર ઘટનાક્રમને પગલે હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષા વ્યવસ્થામાં શું ફેરફારો થાય છે તેના પર વિદ્યાર્થીઓ અને શિક્ષણજગતની નજર મંડાયેલી છે.

# સૌરાષ્ટ્ર યુનિ.માં પરીક્ષાના પરિણામ મુદ્દે ABVPનો અનોખો વિરોધ પ્રદર્શન

## યજ્ઞ, રામધૂન અને નારેબાજી સાથે કુલપતિને આવેદન; સાત દિવસમાં પ્રશ્નો ઉકેલવાની માંગ

**સિટી ન્યૂઝ@રાજકોટ**



તસ્વીર : અક્ષય ગોંડલીયા



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પરીક્ષાના પરિણામોમાં વિલંબ, એક્સ્ટર્નલ પરીક્ષાઓ અને વિદ્યાર્થીઓના અન્ય પ્રશ્નોને લઈને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા અનોખું વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યકર્તાઓએ યુનિવર્સિટી પરિસરમાં યજ્ઞ યોજી કુલપતિ ડૉ. ઉત્પલ જોશી અને કુલસચિવ ડૉ. અજયસિંહ જાડેજાને આવેદનપત્ર પાઠવ્યું હતું. વિરોધ દરમિયાન રામધૂન સાથે વિવિધ નારેબાજી પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થી પરિષદે રજૂઆતમાં જણાવ્યું હતું કે બી.કોમ., બી.એ., બી.એસસી., બી.સી.એ. સહિત અનેક કોર્સના અંદાજે ૧૦૦ જેટલા પરીક્ષાના પરિણામો હજુ જાહેર કરવામાં આવ્યા નથી. ઉપરાંત બી.એ. એક્સ્ટર્નલના વિદ્યાર્થીઓ સેમેસ્ટર-૩માં પહોંચી ગયા હોવા છતાં સેમેસ્ટર-૧ની પરીક્ષા યોજાઈ નથી. પીએચ.ડી.માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે કાયમી હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ કરાવવાની પણ માંગ કરવામાં આવી હતી. ABVPના સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધ્યક્ષ માધવ લોખીલે જણાવ્યું હતું કે પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ પણ લાંબા સમયથી પરિણામો જાહેર થતા નથી, જેના કારણે વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અને કારકિર્દીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમણે તાત્કાલિક નવા પરીક્ષા નિયામકની નિમણૂક કરવા અને બાકી રહેલા તમામ પરિણામો જાહેર કરવાની માંગ કરી હતી. વિરોધ દરમિયાન કાર્યકર્તાઓએ કુલપતિ ચેમ્બર બહાર રામધૂન બોલાવી અને "છાત્ર શક્તિ, રાષ્ટ્ર શક્તિ", "એક કચોરી દો સમોસા, VC તેરા ક્યા ભરોસા" સહિતના નારા લગાવી વિરોધ નોંધાવ્યો હતો. કુલપતિ ડૉ. ઉત્પલ જોશીએ વિદ્યાર્થીઓને બાકી રહેલા પરિણામો વહેલી તકે જાહેર કરવાની ખાતરી આપી હતી. જ્યારે પીએચ.ડી. વિદ્યાર્થિનીઓની હોસ્ટેલ સુવિધાના મુદ્દે મહિલા રેક્ટર સાથે ચર્ચા કરી યોગ્ય કાર્યવાહી કરવાની પણ ખાતરી આપવામાં આવી હતી. વિદ્યાર્થી પરિષદે ચેતવણી આપી છે કે સાત દિવસમાં પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# રાજકોટમાં સમસ્ત કતપર તળપદા કોળી સમાજની 61મી ભવ્ય રથયાત્રા નીકળશે

## ભવાનીનગરથી પ્રસ્થાન કરી લાખાજીરાજ શેરી સ્થિત રામદેવપીર મંદિરે ધજા ચડાવશે; રથયાત્રામાં 10 સુશોભિત વાહનો, 12 મંડળો અને 5000 થી વધુ ભક્તો જોડાશે




સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં અષાઢી બીજના પાવન પર્વે વિવિધ સમાજ અને સંસ્થાઓ દ્વારા રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ અંતર્ગત સમસ્ત કતપર તળપદા કોળી સમાજ, રાજકોટ દ્વારા પણ છેલ્લા ૬૧ વર્ષથી અષાઢી બીજના દિવસે ભવ્ય રથયાત્રા કાઢવાની ઐતિહાસિક પરંપરા જાળવી રાખવામાં આવી છે. આ વર્ષે પણ આવતીકાલે ભક્તિભાવપૂર્વક રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રથયાત્રા તા. ૧૬ જુલાઈના રોજ સવારે ૮:૩૦ વાગ્યે રામનાથપરા ભવાનીનગર સ્થિત રામદેવપીર મંદિર ખાતેથી પ્રસ્થાન કરશે. ત્યારબાદ લાખાજીરાજ શેરી નં. ૧૨ ખાતે આવેલ રામદેવપીરની સ્થાપને ધજા ચડાવવાની પવિત્ર વિધિ સંપન્ન કરી રથયાત્રા પુન ભવાનીનગર ખાતે પરત ફરશે. બપોરે અંદાજિત ૨:૦૦ વાગ્યે યાત્રાનું સમાપન થશે. આ ભવ્ય રથયાત્રામાં ૧૦ જેટલા સુશોભિત વાહનો, ૧૨ અલગ-અલગ મંડળો અને આશરે ૫૦૦૦ જેટલા ધર્મપ્રેમી ભક્તો જોડાશે.

### યાત્રા પૂર્ણ થયા બાદ સમાજના તમામ ધર્મપ્રેમી ભક્તો માટે સમૂહભોજનનું આયોજન

રથયાત્રાની પૂર્ણાહુતિ બાદ સમસ્ત કતપર તળપદા કોળી સમાજના તમામ ભક્તજનો માટે પ્રસાદીરૂપે સમૂહભોજનનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સમાજના આગેવાનો દ્વારા તમામ ધર્મપ્રેમી ભક્તોને આ રથયાત્રામાં મોટી સંખ્યામાં જોડાઈને રથયાત્રાની શોભા વધારવા અને દર્શન તથા મહાપ્રસાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### 17 જુલાઈએ રૈયા રોડ પર ફળાઉ, છાંયડાદાર, ઔષધીય અને ફૂલછોડનું વિનામૂલ્યે વિતરણ

# સિદ્ધનાથ ટ્રસ્ટ દ્વારા રાજકોટમાં નિઃશુલ્ક રોપા વિતરણનો કાર્યક્રમ

સિટી ન્યૂઝ@રાજકોટ

શ્રી સિદ્ધનાથ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સામાજિક વનીકરણ વિભાગના સહયોગથી રાજકોટ શહેરને વધુ હરિયાળું અને પર્યાવરણમૈત્રી બનાવવાના હેતુથી નિશુલ્ક રોપા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૧૭ જુલાઈ, શુક્રવારે સાંજે ૬:૩૦થી ૭:૩૦ વાગ્યા સુધી પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ સામે, રૈયા રોડ ખાતે શહેરીજનોને વિવિધ પ્રકારના રોપાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. ટ્રસ્ટના જયેશભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, આજના સમયમાં વૃક્ષો માનવજીવન અને પૃથ્વીના અસ્તિત્વ માટે જીવનદોરી સમાન છે. પર્યાવરણનું સંતુલન જાળવવા અને રાજકોટને લીલુછમ બનાવવાના સંકલ્પ સાથે આ સેવા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

કાર્યક્રમ દરમિયાન જામફળ, દાડમ, સીતાફળ, લીંબુ, કરમદા, લીમડો, કરંજ, પારસ પીપળો, આસોપાલવ, સરગવો, અરડૂસી, બિલી, રાવણો, કરેણ, ગલગોટા, લાડણ, સેતુર સહિતના ફળાઉ, છાંયડાદાર, ઔષધીય અને ફૂલછોડના રોપાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. શ્રી સિદ્ધનાથ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રાજકોટના નાગરિકોને આ પર્યાવરણલક્ષી અભિયાનમાં જોડાઈ વધુમાં વધુ રોપા મેળવી તેનું વાવેતર કરી શહેરને હરિયાળું બનાવવા સહભાગી બનવા અપીલ કરવામાં આવી છે.

# પ્રભાત મજુમદારનું 'ઈકા મીકા' ગીત આવતીકાલે રિલીઝ થશે

## વ્યંગ, હાસ્ય અને સંગીતના સમન્વય સાથેનું હિન્દી ફંકી કોમેડી રૅપ સોન્ગ તમામ ડિજિટલ પ્લેટફોર્મ સહિત યુટ્યુબ પર ઉપલબ્ધ થશે

સિટી ન્યૂઝ@રાજકોટ

છેલ્લા ૧૪ વર્ષથી એન્કરિંગ અને મનોરંજન ક્ષેત્રે સક્રિય તેમજ દેશભરમાં ૩,૫૦૦થી વધુ લાઈવ કાર્યક્રમોનું સફળ સંચાલન કરનાર રાજકોટના જાણીતા એન્કર, અભિનેતા અને "ધ કમ્પ્લીટ એન્ટરટેઈનર" તરીકે ઓળખાતા પ્રભાત મજુમદાર હવે પોતાના નવા હિન્દી ફંકી કોમેડી રૅપ સોન્ગ "ઈકા મીકા" સાથે દર્શકો સમક્ષ આવી રહ્યા છે. આ ગીત ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ યુટ્યુબ સહિત તમામ મુખ્ય સોશિયલ મીડિયા અને ડિજિટલ મ્યુઝિક પ્લેટફોર્મ પર રિલીઝ થશે.

"ઈકા મીકા" આજના સમાજમાં બનતી વિવિધ ઘટનાઓને હળવા અંદાજમાં રજૂ કરતું વ્યંગાત્મક અને મનોરંજક રૅપ સોન્ગ છે. હાસ્ય અને સંગીત દ્વારા સમાજને અરીસો બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગીતનો હેતુ કોઈ વ્યક્તિ, સંસ્થા કે વર્ગની લાગણી દુભાવવાનો નહીં પરંતુ સ્વસ્થ મનોરંજન પૂરું પાડવાનો હોવાનું નિર્માતાઓએ જણાવ્યું છે. ગીતના શબ્દો અને સંગીત સ્વર્ગસ્થ સત્યવ્રત બેનર્જી (સુનુમામા)એ રચ્યા છે, જ્યારે ગીતને પોતાના આગવા અંદાજમાં અવાજ પ્રભાત મજુમદારે આપ્યો છે. પ્રભાત મજુમદારે જણાવ્યું હતું કે, "આજના વ્યસ્ત



જીવનમાં લોકોના ચહેરા પર સ્મિત લાવવાનો આ એક નાનકડો પ્રયાસ છે. 'ઈકા મીકા'માં વ્યંગ, સંગીત અને મનોરંજનનો અનોખો સમન્વય જોવા મળશે, જે દરેક વયના દર્શકોને પસંદ આવશે." ગીતના ટીઝરને સોશિયલ મીડિયા પર સારો પ્રતિસાદ મળ્યા બાદ હવે સંપૂર્ણ ગીતની આતુરતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે. ૧૬ જુલાઈથી "ઈકા મીકા" YouTube, Facebook, Instagram સહિત અન્ય મુખ્ય ડિજિટલ મ્યુઝિક પ્લેટફોર્મ પર ઉપલબ્ધ રહેશે.

## રાજકોટ એસ.ટી બસપોર્ટ વોલ્વો ડેપોમાં ગુટલીબાજોનુ રાજ

# ડેપો સમય કરતા વહેલો બંધ થઈ જતા મુસાફરોને ભારે હાલાકી : ચંદ્રેશ રાઠોડ

### ગુટલીબાજો સામે કડક પગલા ભરવા અને રાત્રે 2 સુધી વેઈટિંગ રૂમ ખુલ્લો રાખવા મુખ્યમંત્રી, વાહન વ્યવહાર મંત્રી, ધારાસભ્યોને લેખિત રજૂઆત



સિટી ન્યૂઝ@રાજકોટ

સામાજિક આગેવાન ચંદ્રેશભાઈ એમ. રાઠોડે રાજકોટ એસ.ટી. બસપોર્ટના વોલ્વો ડેપોમાં વેઈટિંગ રૂમ અને એડવાન્સ બુકિંગ કાઉન્ટર નિયત સમય પહેલાં બંધ કરી દેવામાં આવતો હોવાનો આક્ષેપ કરી મુખ્યમંત્રી, વાહન વ્યવહાર મંત્રી સહિતના ઉચ્ચ અધિકારીઓને લેખિત રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે વોલ્વો વેઈટિંગ રૂમ અને એડવાન્સ બુકિંગ રૂમનો સમય સવારે ૫થી રાત્રે ૧૦ વાગ્યા સુધીનો દર્શાવવામાં આવ્યો છે. તેમ છતાં ડેપો એકથી દોઢ કલાક વહેલો બંધ કરી દેવામાં આવતો હોવાથી મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. વેઈટિંગ રૂમ બંધ થતાં મુસાફરોને બહાર પ્લેટફોર્મ પર બેસવું પડે છે, જ્યાં પંખા જેવી મૂળભૂત સુવિધાનો પણ અભાવ હોવાનું જણાવાયું છે.ચંદ્રેશભાઈ રાઠોડે જણાવ્યું છે કે ૧૦ જુલાઈએ રાત્રે આશરે ૯:૧૫ વાગ્યે વડોદરા જવા માટે માહિતી અને ટિકિટ લેવા પહોંચતા વેઈટિંગ રૂમ અને બુકિંગ રૂમ બંધ જોવા મળ્યા હતા. ત્યાં હાજર કેન્ટીનના કર્મચારીએ રોજ રાત્રે ૮:૩૦થી ૯ વાગ્યા દરમિયાન રૂમ બંધ થઈ જતો હોવાનું જણાવ્યું હતું.

આ મામલે મુખ્યમંત્રી, વાહન વ્યવહાર મંત્રી, વિભાગીય અધિકારીઓ તથા ધારાસભ્યોને કરાયેલી રજૂઆતમાં.

- (૧) વોલ્વો ડેપો નો વોલ્વો વેઈટિંગ રૂમ અને એડવાન્સ બુકિંગ રૂમ રાત્રે ૨:૦૦ વાગ્યા સુધી ખુલ્લો રાખવો
- (૨) રાજકોટ થી ઉપડતી વોલ્વો ડેપો ની ઈલેક્ટ્રીક બસો અને વોલ્વો ડેપો ની બસો અંગેના સમયપત્રક લગાવવા
- (૩) છેલ્લા છ માસના સીસી ફૂટેજ મેળવી વોલ્વો વેઈટિંગ રૂમ અને એડવાન્સ બુકિંગ રૂમ એક થી દોઢ કલાક વહેલો બંધ થતો હોય તો જવાબદારો સામે કડક પગલાં ભરવા.
- (૪) વોલ્વો ડેપો અંગે રાઉન્ડ ધ ક્લોક પૂછપરછ બારી શરૂ કરો.
- (૫) પૂછપરછ બારી અંગેના સાઈન બોર્ડ મુકાવો.
- (૬) વોલ્વો બસોના એડવાન્સ બુકિંગ અંગે ૨૪ કલાકનો ઈન્કવાયરી નંબર તાત્કાલિક જાહેર કરો.

## ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ ડૉ. વિરલ એસ. ભટ્ટે 34મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાત હાઈકોર્ટના યુવા ધારાશાસ્ત્રી અને એડવોકેટ ડૉ. વિરલ એસ. ભટ્ટે આજે જીવનના ૩૩ વર્ષ પૂર્ણ કરીને ૩૪મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે.



વિદ્યાર્થીકાળથી જ લોકસેવા અને જાહેરજીવન સાથે જોડાયેલા ડૉ. ભટ્ટે યુથ કોંગ્રેસ અને સેવાદળથી પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી તેમજ વિવિધ સંગઠનોમાં મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી છે.

રાજકોટ મહાનગરપાલિકામાં પાર્ટી કાર્યાલય મંત્રી તરીકે લાંબા સમયથી સેવાઓ આપનાર ડૉ. ભટ્ટ અનેક અગ્રણી સંસ્થાઓ અને વ્યાપારી પેઢીઓના લીગલ એડવાઈઝર તરીકે પણ કાર્યરત છે. ઉપરાંત વિવિધ સામાજિક, ધાર્મિક અને સેવાકીય સંસ્થાઓ સાથે જોડાઈ પ્રજાકીય પ્રશ્નોને વાચા આપવા સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. તેમના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છકો, મિત્રો અને શુભચિંતકો તરફથી શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે.



## અષાઢી બીજે SGVP વાવડી ગુરુકુળથી મવડી સુધી ભગવાન જગન્નાથજીની રથયાત્રા

સિટી ન્યૂઝ@રાજકોટ

અષાઢી બીજના અવસરે SGVP શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, વાવડી-રીબડા દ્વારા ભગવાન જગન્નાથજીની રથયાત્રા અને શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ગુરુકુળના આદ્ય સંસ્થાપક પરમ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે આ મહોત્સવ વિશેષ રહેશે.

આ આયોજન SGVP ગુરુકુળ વાવડીના માર્ગદર્શન હેઠળ વિશ્વ હિન્દુ પરિષદ, સનાતન ધર્મ સંકલન સમિતિ, હિન્દુ જાગરણ મંચ, SGVP મવડી મંદિર, મુખ્ય મંદિર રાજકોટ, ખોડલધામ શિક્ષણ પાંખ, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અને ભારત વિકાસ પરિષદ સહિતની સંસ્થાઓના સહયોગથી કરવામાં આવ્યું છે. મુખ્ય સમિતિના અધ્યક્ષ તરીકે પૂજ્ય શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામી અને કન્વીનર તરીકે રાજદીપસિંહ જાડેજા તથા સહ-કન્વીનર કમલેશભાઈ દવે કામગીરી સંભાળી રહ્યા છે. અનેક સ્વયંસેવકો તૈયારીઓમાં જોડાયા છે. રથયાત્રા તા. ૧૬ જુલાઈ, ૨૦૨૬ (ગુરુવાર)ના રોજ બપોરે ૩:૩૦ વાગ્યે SGVP ગુરુકુળ, વાવડીથી પ્રસ્થાન કરશે. તે પહેલાં બપોરે ૨:૪૫થી ૩:૩૦ દરમિયાન અન્નકૂટ અને પ્રસાદ વિતરણ થશે. રથયાત્રા વાવડી ગેટથી શરૂ થઈ વિવિધ માર્ગો પરથી પસાર થઈ SGVP મવડી મંદિર પહોંચશે, જ્યાં મહાઆરતી સાથે સમાપન થશે. કાર્યક્રમનો સમય રાત્રે ૮:૧૫ વાગ્યા સુધી રહેશે. પ્રારંભ પ્રસંગે પૂજ્ય સંતો સાથે મેયર ડૉ. નેહલભાઈ શુક્લ, પરેશભાઈ પીપળીયા, સાંસદ રામભાઈ મોકરિયા, ડૉ. માધવભાઈ દવે સહિતના મહાનુભાવો હાજર રહેશે. માર્ગ પર વિવિધ સંસ્થાઓ દ્વારા પુષ્પવર્ષા, આરતી અને પ્રસાદથી સ્વાગત કરવામાં આવશે. આયોજકોએ નાગરિકોને પરિવાર સાથે હાજર રહેવા આમંત્રણ આપ્યું છે.

# શ્રી બાલાજી હનુમાનજી મંદિરની અનોખી પહેલ વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક આધુનિક છાત્રાલય શરૂ

## » ધો. ૭થી કોલેજના વિદ્યાર્થીઓને રહેવા–જમવાની મફત સુવિધા; શિક્ષણ સાથે સંસ્કાર અને આધ્યાત્મિક ઘડતર પર વિશેષ ભાર

સિટી ન્યૂઝ@રાજકોટ



શહેરના ભૂપેન્દ્ર રોડ સ્થિત શ્રી બાલાજી હનુમાનજી મંદિર દ્વારા ધોરણ ૯થી ૧૨ તેમજ કોલેજના વિદ્યાર્થીઓ માટે સંપૂર્ણ નિશુલ્ક આધુનિક છાત્રાલય શરૂ કરવામાં આવ્યું છે, જે શિક્ષણ ક્ષેત્રે એક અનોખી અને પ્રેરણાદાયક પહેલ તરીકે સામે આવ્યું છે. પાંચ વર્ષ પહેલાં જર્જરિત અને અવ્યવસ્થિત હાલતમાં રહેલી ઇમારતને મહંતઓના માર્ગદર્શન હેઠળ સંપૂર્ણ રીતે જીર્ણોદ્ધાર કરી આજે તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ, સ્વચ્છ અને સુવ્યવસ્થિત હોસ્ટેલમાં રૂપાંતરિત કરવામાં આવી છે.

મંદિરના મહંત વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી મુનિવત્સલદાસજી સ્વામીના માર્ગદર્શન અને પ્રેરણાથી આ સેવા પ્રકલ્પ સાકાર થયો છે. આ છાત્રાલયમાં વિદ્યાર્થીઓને હવા-ઉજાસવાળા વિશાળ રૂમ, સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ, સાત્વિક અને પૌષ્ટિક ભોજન તેમજ અભ્યાસ માટે અનુકૂળ શાંત માહોલ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે, જે તેમના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

સંસ્થા દ્વારા માત્ર શૈક્ષણિક સુવિધાઓ પૂરતી મર્યાદિત ન રહી, પરંતુ ભારતીય સંસ્કૃતિ, વૈદિક પરંપરા અને ચારિત્ર્ય નિર્માણ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ માટે દૈનિક આરતી, પૂજા-પાઠ, ધ્યાન-યોગ, પ્રાણાયામ, સત્સંગ તેમજ સંસ્કારલક્ષી પ્રવૃત્તિઓનું નિયમિત આયોજન કરવામાં આવે છે, જેથી તેઓ શિક્ષણની સાથે સારા સંસ્કારી અને જવાબદાર નાગરિક તરીકે ઘડાઈ શકે.

છાત્રાલયમાં ૨૪ કલાક દેખરેખ, CCTV સુરક્ષા વ્યવસ્થા, સ્વચ્છતા પર ખાસ ધ્યાન, શુદ્ધ અને પૌષ્ટિક ભોજન, તેમજ અભ્યાસ માટે અનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ છે. ઉપરાંત, શહેરના મુખ્ય બસ સ્ટેન્ડની નજીક આવેલું સ્થાન વિદ્યાર્થીઓ માટે આવન-જાવનમાં સરળતા પૂરું પાડે છે, જે આ હોસ્ટેલને વધુ સુવિધાજનક બનાવે છે.

સંસ્થાએ જણાવ્યું છે કે છાત્રાલયમાં મર્યાદિત બેઠકો ઉપલબ્ધ હોવાથી 'વહેલા તે પહેલા'ના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. આ અનોખી તકનો લાભ લેવા ઇચ્છુક વિદ્યાર્થીઓ અને વાલીઓને વધુ માહિતી તથા પ્રવેશ માટે ૯૬૯૬૧ ૯૬૯૬૦ પર તાત્કાલિક સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| SBI FUNDS MANAGEMENT | 14/7 | 16/7 | 545 - 574 | 26 | 14,924 |
| ALPINE TEXWORLD | 14/7 | 16/7 | 100 - 105 | 142 | 14,910 |
| CALIBER MINING & LOGISTICS | 17/7 | 21/7 | 402 - 424 | 35 | 14,840 |
| **SME DETAILS** | | | | | |
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| MILLWORKS TECHNOLOGIES | 14/7 | 16/7 | 315 - 331 | 800 | 2,64,800 |
| SOTEFIN BHARAT | 16/7 | 20/7 | 178 - 187 | 1200 | 2,24,400 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- LT TECHNOLOGY SERVICES ૧૪ જુલાઈ ૨૦૨૬ ના રોજ તેના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળા (Q1FY૨૭) ના પરિણામો જાહેર કર્યા છે. ચોખ્ખો નફોઃ વાર્ષિક ધોરણે ૧૩% વધીને ૩૫૭.૧૦ કરોડ થયો છે (ગયા વર્ષે સમાન ગાળામાં ૩૧૬.૧૦ કરોડ હતો). ત્રિમાસિક ધોરણે નફામાં ૭.૩૪% નો વધારો થયો છે. કુલ આવકઃ કામગીરીમાંથી થતી આવક વાર્ષિક ધોરણે ૧૧.૪૭% વધીને ૨,૯૪૦.૧૦ કરોડ થઈ છે.
- TATA ELXSI ૧૪ જુલાઈ ૨૦૨૬ ના રોજ તેના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળા (Q1FY૨૭) ના પરિણામો જાહેર કર્યા છે. ઓપરેટિંગ આવકઃ કંપનીની આવક વાર્ષિક ધોરણે ૧૪.૪૬% અને ત્રિમાસિક ધોરણે ૨.૭૨% વધીને ૧,૦૨૧.૧૧ કરોડ ના ઓલ-ટાઇમ હાઇ સ્તરે પહોંચી છે. ચોખ્ખો નફોઃ વાર્ષિક ધોરણે ૧૮.૧૮% વધીને ૧૭૦.૬૦ કરોડ થયો છે (ગયા વર્ષે આ ગાળામાં ૧૪૪.૩૭ કરોડ હતો). જોકે, પાછલા ક્વાર્ટર (Q4FY૨૬ ના ૨૨૦.૪ કરોડ) ની સરખામણીમાં નફામાં ૨૨.૬% નો મોટો ઘટાડો નોંધાયો છે.
- ANAND RATHI SHARE & STOCK BROKERS ૧૪ જુલાઈ ૨૦૨૬ ના રોજ તેના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળા (Q1FY૨૭) ના પરિણામો જાહેર કર્યા છે. કુલ ઓપરેટિંગ આવકઃ વાર્ષિક ધોરણે ૨૨% વધીને ૨૪૬.૧૦ કરોડ થઈ છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૨૦૧.૭૦ કરોડ આસપાસ હતી. ઓપરેટિંગ નફોઃ EBITDA વાર્ષિક ધોરણે ૩૦.૨% વધીને ૯૭.૩૦ કરોડ થયો છે. કંપનીનો EBITDA માર્જિન પણ આકર્ષક ૩૯.૫% પર પહોંચ્યો છે.
- BENARES HOTELS કુલ આવકઃ આ ક્વાર્ટરમાં કંપનીની કુલ આવક વાર્ષિક ધોરણે ૩૧.૪% વધીને ૩૫.૨૨ કરોડ થઈ છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૨૬.૭૯ કરોડ હતી. ઓપરેટિંગ વેચાણઃ ૩૩.૮૯ કરોડ નોંધાયું છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૨૫.૦૨ કરોડ હતું. કામકાજી નફો (EBITDA): જૂન ત્રિમાસિક ગાળામાં કંપનીનો EBITDA ૧૩.૮૦ કરોડ નોંધાયો છે અને તેનો ઓપરેટિંગ માર્જિન મજબૂત ૩૯% પર રહ્યો છે.
- લાર્સન એન્ડ ટૂબ્રો લિ.ની ૨૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં ૩૦ જૂન, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.
- પંજાબ નેશનલ બેન્કની બોર્ડ મીટિંગ ૧૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઇ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**